Rs. 30 | (355

HISTORICAL ACCOUNT

OF THE ANCIENT

LEAP YEAR

OF THE

PARSEES:

CAREFULLY EXTRACTED FROM VARIOUS PERSIAN WORKS, AND FAITHFULLY TRANSLATED INTO THE GOOJURATTE,

---

BY USPUNDIARJEE KAMDINJEE,

BAROACH.

SURAT:

PRINTED BY THOMAS SALMON,

And published by the Author.

1826.

કદીમ તારીખ પારશીઓની કશાર*

ઇઆને

કબીશાની હકીકત

દશતુર અશપંદીઆરજી કાંમદીનજી

ભરુચવાશીએ *

કેટલીએક પારશી કીતાબોથી તેહકીક શાહી

કરીને ગુજરાતી જુબાંનમાં તરજુમો

કીધો છે શને ૧૧૯૫

ઈઅજદજરદી જલુશી *

શ્રી

શુરત મધે શાલમણ શાહેબના છાપાખાંનામાં છપાણું

૧૮૨૬ *

ઈશતેહાર *

—∞—

“ કુલ જરતોશતી ફીરકાની નજદીક પ
કીર અશપંદીઆરજી દશતુર કાંમદીનજી
અરજ કરેછે” * જે આપણા લોકોના મા
થા ઊપર કોઈ પાદશાહ * તથા કોઈ
શરદાર રહો નથી * ને કુલે કીતાબો આ
પણા બુજરગોની પરાગંદે થઈ તે કીતા
બો મુશલમાંનોના હાથ નીચે ગાઆથી
કબીશાને નાબુદ કરી બેઠા છુઈએ * અ
ને તે કીતાબો ઊપરથી મુશલમાંન લોકો
કબીશો કરીને પોતે પાદશાહત કરેછે * મ
ગર આપણા મજહબના લોકોમાં કંઈ
શક હોશે કે મુશલમાંનોના લખેઆ
ઊપર એતબાર શો કરવો * તેનું જાંણવું
એ જે મુશલમાંનો કંઈ એમ જાંણતા
નહી હુ જે પારશી લોકોમાં એક મ
હીનાનો તફાવત છે * બીજું તેનું જાંણવું
એ જે બે શખશ લડતા હોએ ને કોઈ
તરાહેત માંણશ વચમેથી તેનો ખુલાશો

કરે તો ઈંનશાફથી દુરશત છે * ઈઆ
ને મુશલમાંન લોકો વીગતવારથી મહી
ના તથા દાહાડાવોને શુરજની ચાલ ઊ
પર જેંમકે આગલ પારશીઓના પાદશા
હ કરી ગીઆ તે મુજબ લખેઊં છે *
બીજું અંગરેજ બાહાદુરના લખેઆથી
પારશીઓના પાદશાહવોએ કબીશા કીધા
છે * તેનું બઆંન જોવું હોએ તો કીતાબ
૧ એક નાંમે રીચારદશંન દીકશનેરી જે
શને ૧૭૭૭ શતરશેં શીતોતેર ઈશવી
ની છાપેલી મધે પાને ૩૯ તથા પાંને
૯૮૮ માં જંમશેદ પાદશાહથી કબીશાની
કશરને પકડીને કબીશો કીધો છે * તે કાંહાં
શુધી કે છેલો પાદશાહ નાંમે એજદેજ
૨૬ શેહેરીઆરના જમાંના શુધી કબીશા
કીધા છે * તેનો શને ૬૩૬ ઈશવી શુધી
કબીશો કીધો તેનું બઆંન ૧૨૦ એકશો
ને વીશ વરશે એક મહીનો વધારતા તે
શરવ વીગતવારથી ખોલીને લખીઊં છે *
અને તે ઊપર વરી લખીઊં છે જે ઊ

પર લખેલો શાને ૬૩૬ પછી કબીશો પારશી
ઓએ કીધો નહીં તેવાર પછે વરશ ૪૦
ને આશરે ગુજરેઆં તેવારે મુશલમાં
નનો પાદશાહ એક નાંમે શુલતાંન જ
લાલુદીન કરી ઈરાંનમાં થઓ તેણે ઊ
પલી પારશીઓની કબીશાની તારીખ જં
મશેદ થકી ગણીને હશાબ કરીને કબીશો
કીધો અને પારશી લોકો એજદેજરદ
શેહેરીઆરની તારીખ ઊપર અમલ કરે છે
એ પરમાંણે વીગતવારે બઆંન કીધું છે
તે જોઈ પોતાની નીશાં લીએ મગર તે ઊ
પરબી બીજી દલીલ દીન મજહબથી ની
એ લખેલા દાખલાથી જોઈ પોતાનું મ
ન રોશંન કરે * અને એ કીતાબ ૨ બે ઈ
આ ૩ તંણ વખત વાંચેથી શમજ પડેઆ
થી દીલનો શક છે તે નીકલી જાશે *
એજ ' ૨જ * એ કીતાબમાં કાંઈ ભુલ
ચુક હોએ તે ફકીરને માફ કરવી *

શાંકલીઆ કીતાબનુ *

થી દાનાવ લોકોની અકલ શરગરદાંન છે* એ દીન કે તંમાંમ દીનો ઊપર શર દાર અને ખુરશેદની મીશાલે તંમાંમ આલંમમાંહાં રોશંન છે તેહેની બરકતે કરી એ કેતાબનો તરજુમો અશલ ફાર શી કેતાબોમાંહાંથી કબીશાની જીકર અને બીજી બીના એહેને લગતી ચુટી કાડીને ગુજરાતી-જુબાંન માંહાં તરજુમો કીધોછે* જે તંમાંમ હીંનદોશતાંનનાં દાનાવ તથા અકલમંદ જરતોશતી ફીરકાનાં શાહેબ લોકોને જાહેર તથા રોશંન થા એજે આપની પાક માજદીઅશની દીન માંહાં અશલ કદીમથી કબીશો શાબેત ચાલેઓ આવેછે* પણ તેહેનું જાંણવું એજે આપંણ લોકો પાશે કેતાબો રહી નહી અને ઘણાં વરશ થાઆનાં શબબ થી કબીશાને નાબુદ કરી બેઠાછે એ તે ઊપર હવડાનાં ઊલટી શમજનાં ચાલ નારા લોકો જલુશી તારીખવાલા કેહેછે જે આપની દીનમાંહાં કબીશો નથી*

અને પોતાને કેતાબો માંહું તથા કાગજો
માંહું કદમી લખેછે તથા છપાવેછે તથા
મોડે કદમી બોલેછે વાશતે એ કબીશા
ની કેતાબ જાહેર કરવાનો શબબ એ છે
જે એ તકલીદી રશંમ થઆને આશરે
વરશ ૭૯ અગનાએશી થાઆંછે* અને
બીજાં વરશ ૧૦૦ શો અથવા દોડશો ગુજ
રશે તારે આપણાં ફરજંદાંન ફરજંદ પે
લી તકલીદી કેતાબોથી તે લોકોને કદમી
વાંચે અને કદમી કેહે તારે તે ફરજંદો
પોતાનાં દીલમાંહું શક લાવી પશતાવો
કરી પોતાનાં બુજરગોને બદ બોલે જેમ
કે એ લોક બોલેછે જે આપણાં (જરબુ)
ગોને ખબર નથી તેમ આપણાં ફરજંદો
બી આપણો તેજ મુજબ બોલે ને શમ
જેજે આપણાં બુજરગોએ રશમીચાલ
અખત[illegible]માર કીધેલીછે* તેથી દીલમાંહું
શક લાવી રોજ બરોજ પોતાની અશલ
ચાલ મુકીદીએ અને બીજુ એ શાહેબો
અકલથી ખઆલ કરીશમજો કે હાલ

જે ચાલ ચાલેચ તે લોકોનાં દીલમાંહાં શક રેહેછે* કે કોણ જાંણે આપંણ લો કોનું ખરૂછેકે અથવા ભુલ છે તેકાંઈ જનાતુ નથી * એહેવું શામજીને દીનનું કાંમ બેહુ તરફ કરાવેછે*તે ઊપર એ કેતા બનાં તરજુમાંનો કરનાર કંમતરીન અશ પંદીઆર બીન પ્રીરદોશ મકાંની દશતુ રજી કાંમદીનજી ઈબને દશતુર ફ્રરેદુન જી બીન દશતુર જંમશેદજી ભરૂચવાલા એ દુર અંદેશો વીચારી ઘણીએક મેહેન ત લઈ કેટલીએકપ્રારશી કેતાબો મુશલ માંનોનાં પાદશાહાવોએ ઈરાંન તથા હીંદોશતાંનમાં બનાવેલી જોઈ નકી શા બેત કરીને ગુજરાતી જુબાંન માંહાં તર જુમો કીધોછે * જે માજદીઅશની દીન નાં શાહેબ લોકોનાં દીલનો ગોબાર ભા ગે તથા શક નીકલી જાએ શાવ[illegible]તેજે આપણી જરતોશતી દીનમાંહાં કબીશો શાબેત અને જાહેર છે તેહેનું જાંણવું એ જે જેદીનથી હકતાલાએ દુનીઆં પેદા

કીધી તેદીનથી તંમાંમ પરથવીનાં લોકો નો ચાલ ચલંણ શી ખુરશેદ એજદની ચાલ ઊપર શરવ મંડાંણ કીધુંછે * વર શ ૧ ના દાડા તરંણશો શવાપાંશઠ છે તેમધે *

હીંદુ લોકોની ચાલનું જાંણવું એજે એ લોકોના વરશની ચાલ શરવે શુરજની ચાલ ઊપર મુકરર છે * તથા ચંદરમાહા ની ચાલ ઊપર ગણીને તરંણ વરશે અ ધીક માશ વધારીને તરંણશો શવાપાંશે ઠની ચાલ બરાબર લાવેછે * અને બી જું તેહેનું જાંણવું એજે જેવારે નખેતર અશવણી જે આજદીને શહવારનાં કલા ક ૬ વાગતે બેશે તે આવતે વરશે તરં ણશોને પાંશઠ દાડા પુરા થાએ તેહેવારે તે અશવની નખેતર તેજ દાડે કલાક ૧૨ વાગતે બેશે * તેહેનું જાંણવું એ જે ગએ વરશે કલાક ૬ વાગતે શહવારે બે ઠું અને જેવારે એક વરશ તંમાંમ થા એ તેજ દીવશ કલાક ૧૨ વાગતે બેશે *

એજરીતે હરશાલ કલાક ૬ની કશાર શુર
જની ચાલ પરમાંણે આવેછે* એ પર
માંણે શરવે માહા નખેતરોનું શુરજની
ચાલ ઊપર ધરવુંછે*તે હીંદુ લોકો એ
પરમાંણે કશાર લઈને કબીશો શ્રી શુર
જની ચાલ ઊપર પાંચ વરશે બે અધી
ક મહીનાં કરીને તરંણશોને શવાપાંશઠની
ચાલ બરાબર લાવેછે*

હવે શમજવું અંગરેજ લોકોની તારી
ખ તથા વરશનું જે અંગરેજ લોકોબી
વરશ ૧ ના દાહાડા તરંણશોને શવા
પાંશોઠની ચાલ ગણેછે* પંણ તે લોકો
૪ ચાર વરશે કશાર લઈને એક દાડો વ
ધારેછે* ફેબરવારી મહીનો અઠાવીશ દા
હાડાનો છે તેહેને ચાર વરશે ઓગંણત
રીશ દાડાનો કરેછે* અને તેદાડાને અં
ગરેજ લોકો લીપ ઈઅર કરી કેહેછે* એ
રીતે ચાર વરશે એક દાહાડો વધારીને શુ
રજની ચાલ ઊપર વરશ બરાબર લાવી
મુકેછે* પંણ બેશાજ તકલીદી તથા જ

ખુશી ચાલના ચાલનારા કેટલાએક લો
કો એમ કેહેછે જે અંગરેજ બાહાદુરનાં
રાજમાંહાં ઈનશાફથી ખરો ખોટો થાશ*
પંણ એમ નથી શમજતા જે અંગરેજ
બાહાદુર પોતે જાતે કબીશો કરેછે* તાં
હાં ઈનશાફ થઈ રહેલોછે* વાશતે
એકાંમ શાચા લોકોનું નથી એહવો શખુ
ન અકલથી દુર છે *

હવે શમજવું મુશલમાંનોની તારીખનુ
કે મુશલમાંનોનાં પાદશાહા તથા દાનાવ
અકલમંદ લોકો પંણ વરશએકનાં દાડા
તરંણશોને શવાપાંશઠની ચાલ ગણેછે*
તે મધે હવડાં જે રૂમી લોકો વરશ એ
કનાં દાડા તરંણશોને શવાપાંશઠની ચાલ
ચાલતા આવેછે* તે લોકનો પાંચમો શ
બાત મહીનો અઠાવીશ દાડાનો છે તે મ
હીનો ચ્યાર વરશે ઓગંણતરીશ દાડાનો ક
રેછે* અને જે હાલ હીંદોશતાંનનાં મુ
શલમાંન લોકો ચંદરમાહા જોઈને તા
રીખ ગણેછે* પંણ જે કોઈ કાબેલ પુ

રશી તથા અરબીથી ખબરદાર હોશે તે લોકો શુરજની ચાલ વરશ ૧નાં દાહાડા તં રણશોને શવા પાંશેઠ તેહેકીક જાંણેછે*

હુવે શમજવું પારશી લોકોનાં વરશનું કે જેવારે પારશીઓનાં પાદશાહ કબીશો કરતા તેહેવારે વરશ ૧નાં દાહાડા તરંણ શોને પાંશઠ કરતા* અને જેકાંઈ કશર રેહેતી તેહેને એકઠી કરતા તે કાંહાં શુધી કે જેવારે ૧૨૦ એકશોને વીશ વરશ થવા આવતાં તેહેવારે ઘણીએક તજવીજ કરતા* અને હરએક મુલક તથા શેહેરે શેહેરના દાનાવ તથા નજુમી લોકોને બોલાવી ઘણી તજવીજથી હશાબ શુમાર કરી કબીશાનું વરશ મુકરર કરતા* અને તે વરશમાં પાદશાહાવો રઈએતને ખેતીનું દાંણ માફ કરતા * અને પાદશાહ તમાંમ રઈએત શાથે શાંમશનીથી જશંન કરતા * જેમકે જમશેદ પાદશાહે હશાબથી કબીશો કીધો તેજ પરમાંણે કશર લેઈને કબીશો કરતા *

અને એ કબીશો જંમશેદ પાદશાહુથી રોનક પાંમેલોછે * અને જંમશેદના વ ખતમાં દોહરો પડેઓછે * તેહેનું જાં ણવુંએ જે બારે મહીના૧૪૪૦ વરશે છે લો અશ્રાપંદાર સહીનાનો કબીશો પુરો થાએ તેહેને દોહરો કરી કેહેછે * અને ફરી તેવાર પછે ૧૨૦ એકશો ને વીશ વર શે બે ફરવરદીન અને તેવાર પછે એ કશોને વીશ વરશે બે અરદી બેહેશત એજ રીતે અશલ કદીમથી કબીશો આ પણાં પાદશાહ પેદરપે કરતા તે શંધી બીના નીચે જાહેર કીધામાં આવશે *

બીજું એ જે જે કોઈ પાદશાહ થતો તે પોતાના નાંમની કીતાબ બનાવતો તે કીતાબ મધે પારશીઓના મજહબની ચાલ ચલંણ હોએ તે શરવે ખોલીને લખતા * અને પોતાને નાંમે કીતાબનું નાંમ રાખતા * અને પારશીઓના પાદ શાહ પણ પોતાના નાંમની કીતાબ બ નાવતા * તેજ ચાલ મુજબ મુશલમાં

નોના પાદશાહ પણ પોતાને નાંમની
કીતાબ બનાવતા * તે ચાલ ચલંણ શર
વે ખોલીને લખાવતા * અને પોતાને
નાંમે કીતાબનું નાંમ રાખતા * અને આ
ગલા પાદશાહવોના વખતમાં બનેલી વા
તોને શાએર લોકો લખતા * અને દા
હાડા તથા વરશની ચાલ પારશીઓની
કીતાબોથી લેતા * અંને રાત તથા દાહાડો
શ્રી શુરજની ચાલ ઊપર બરાબર લાવી
મુકતા * અને જેવારે પાદશાહ તખતે
બેશતો તેહેની જલુશી તારીખ પોતાને
નાંમની ચલાવતા * પણ કબીશાની કદી
મ તારીખને જલુશી તારીખ શાથે એક
ઠી નહી કરતા * ઈ આને કબીશાની તારી
ખને કદીમ કરી જાંણતા * અને જાંહાં
લગી પાદશાહ જીવતો તાંહાં લગી જલુ
શી તારીખ ચાલતી * અને બીજો નવો
પાદશાહ થતો તેહેની નવી જલુશી
તારીખ બંધાતી * તે કબીશાની તારીખ
થી જુદી રાખતા * અને કશાર જમે કર

તા* જેવારે કબીશાની નોબત પોહોચતી તેવારે હરકાબ શુમાર ગણીને કબીશો કર તા* તે કાંહાં શુધી કે પાદશાહ ઈઅ જદજરદ શેહેરીઆરના વખતમાં છે લો કબીશો પડો તે આપણ લોકોએ હીં દોશતાંનની તરફ આવતાં પાહાડોમાં કીધો* અને ઈરાંની પારશી લોકોથી બની શકો નહીં તેહેનો શબબ એ જે તે વખત ઊપર ઈરાંની લોકોએ પાદશાહ શાથે દગો કીધો* અને મહમદ જે મુ શલમાંનોનો પેગંમબર તે વખત ઊપર પેદા થએલો હુતો તેહેનો પ્રીશાદ ચાલ તો હુતો* તે થકી જે કોઈ ઘણા ઊલ માવ તથા દાનાવો પોતાની માજદીઅશ ની દીનમાં ખબરદાર તથા નજુમી લોકો પોતાની દીનની તંમાંમ આલાત લઈને પોતાની દીન જાલવવા શારૂ ઈઅજદ જરદ પાદશાહ તખતે બેશશે તે ૪૯ વરશ અગાઊ પાહાડોમાં આવી રહે લા હુતા* તે લોકોનો દશતુર ઈઅજ

૬ જરદ હુજાશ્રએ કબીશો કીધો છે * તે પીરકાની ઓલાદના તંમાંમ હીંદોશતાં નમાં આપણ લોક છઈએ હવે એ તમાંમ બાબત નીચે જાહેર કરેઆમાં આવશે *

બીજી બીના એજે શીતારાવોની ચાલ નાં ૧૨ બાર બરૂજ છે *તે બારે બરૂજ આ પણા બારે મહીના શાથે બરાબર લગતા છે * તેહેનું જાંણવું એજે જેવારે આપણો પૂરવરદીન મહીનો બેશે તાહારે તેહેને મેખનો પૂરવરદીન કરી કેહેતા * અને બીજો અરદીબેહશત મહીનો બેશતો તે હેને વરખનો અરદીબેહશત કરી કેહે તા * એ પરમાંણે બારે બરૂજ બારે મ હીનાની શાથે ચાલતા * તે કાંહાં શુધી કે મીનનો અશપંદારમદ પુરો થઈ પા છો મેખનો ફરી પૂરવરદીન બેશેંગો એ પરમાંણે બારે મહીના પારશીઓના જાં ણવા *

મોહોમદ બાકર શબજ વારીના રશાલાની હકીકત

ઊશતાદ ૧ નાંમે મહમદ બાકર શબ જવારી શ્રી ઈરાંનના મુલક મધે શબ જવાર શેહેરના રેહેનારાએ પોતાની બ નાવેલી કીતાબ મધે તારીખ અરબી ત થા કદીમ પારશીની તથા રૂમીની તથા તુ રકીની તારીખો શહી તથા તેહેકીક કરીને લખીગઓછે * તે મધે કદીમ પારશી ઓના દાહાડા તથા મહીના તથા નોરો જ કબીશાની ચાલ ઊપર મુપશલ બઆં ન કરી ગીઓછે * અને એ કીતાબનાં તરં ણ બાબ બાંધેલાછે તેહેનાં બીજા બાબ ની પેહેલી પશલ મધે શુલમાંન દેહેનાં મનો કહી ગીઓછે * જે કોઈ મુશલમાં ન પારશીઓની તારીખ ઊપર અમલ કરે તો તેહેની મુરાદ બરઆવે * પંણ ઈ અજદજરદી તારીખ ઊપર અમલ ન હીં કરે શાવાશતે જે એ તારીખ તગીર

પાંમેલાછે * ઈઆનેં કદીમ તારીખથી જુ
દી છે * અને નામજબુત છે * તેહેકીક રા
હ ઊપર શાહી નથી અને પારશીઓને
ખબર નથી જે કબીશો હાથથી ગઆને
કેટલાં વરશ થઆંછે *
અને બીજો અબુરેહાંન નાંમનો ઊશતાદ
કહી ગઓછે જે ઈરાંનના પારશીઓની
તારીખ નાબુદી ઊપર મજબુત પાંમેલી
છે * શાવાશતે જે આગલા પારશીઓનું
માંમુલ એ હતું કે કબીશો કરતા * તારે
તારીખ બરકરાર હતી * અને હરરોજનું
પડવું જંદ અવશતાનું એ લોકો પાશે હ
તું તે મુકતા નહીં * જેવોકે એ મુકદમો
ઈઆને કુલ કબીશાની બીનાનો આગ
લ ખુલાશો ઘણો કીધામાં આવશે * અ
ને એ લોકોના મજહબમાં કાએદો હે
વો હતો જે એ લોકોનાં વખતમાંહાં જે
માંમુલ હતું તે મુજબ અમલમાં ન
હીં આવતું તારે કબીશો નહીં કરતા *
જે કાંઈ દશતુર હોએ તે પરમાંણે અ

મલ કરતા * તેવાશતે એ લોક ઈઅજ
દજરદી તારીખ ઊપર કીઆએત કરીને
ચાલેછે * ઈઆને ઈઅજદજરદીની જ
હુશી તારીખ નીગાહ રાખીછે *

એ રશાલાનાં તરીજા બાબ
મધેથી કબીશાની હકીકત

એ કીતાબના બાબ તરીજાની પેહેલી પ
શલમાં પારશીઓના દાહાડા તથા
મહીનાની શરે લખેલીછે * તેમાં ગણ
તરી પારશીઓના મહીના તથા દાહા
ડાવોની તરણશોને પાંશોટ થાએચ અ
ને આગલ ગુજરૂં કે શાલ શામશી
હકીકી ઈઆને શુરજની પુરી ચાલ ત
રણશોને પાંશોટ અને કશર છે અને
એ લોક પાંચ દાહાડાને પતાહી તથા અં
દરગાહા કરી કેહેછે * અને અરબીમાં
ખુમશે મશરૂકે તથા મુશતરકે કરી કેહે
છે * એ લોક એ પાંચ દાહાડાને આજે

તકવીમોમાંહાં ઈ આને પંચાંગોમાંહાં વ
રશાની પછવાડે રાખેછે * અને વરશને
એ લોક તરણશો પાંશોટ દાહાડાનું કરેછે *
અને જે કશાર કે એને પા દાહાડો મુંકી દેછે *
તે કાંહાંશુધી કે પા પા કરતાં એક મહીનો
તમાંમ થતો * તે એકશોને વીશ વરશે
એક મહીનાને વરશના મહીનાઓની શા
થે બરાબર કરતા * તેવારે તે વરશના મ
હીના ૧૩ તેર થાતા * તે વરશને કબીશા
નું વરશ કરી કેહેતા * અને તે વધારેલા
મહીનાના દાડાવોનું નાંમ તેજ તમાંમ
મહીનાવોના દાડાનાં નાંમ પરમાંણે કેહે
તા જારે એકશોને વીશ વરશ તમાંમ થા
તાં અને કબીશાનો હંગાંમ પોંહોંચતો
તારે પારશીઓના પાદશાહ હશાબના
કરનારા તથા કીતાબના શાહેબો તથા ન
કલોની ખબરના કરનારા તથા કીતાની
રવાએતના કેહેનારા મોબેદોને એકઠા ક
રી તેહેકીક કરતા * અને તમાંમ મુલકના
અકાબર લોકોને હાજર કરતા * અને તે

લોકો શાથે મશાવરત કરતા * તારપછે
શાહી કબીશાનો હીશાબ ઊપર ઈતેફાક
થતો * અને તમાંમ દાંનાવોની અકલ એ
ક હુકંમ ઊપર મુકરર થતી તારે કબીશો
કરતા * તે વખતમાંહાં માલ ઘણો ખરચ
કરતા * જેમકે આગલી રવાએતોમાંહાં
લખેછે જે હજારો હજાર દીનાર શુંનાનાં
ખરચ થાતાં * તે દાહાડાને ઈદ કબીશે
ઈઆને કબીશાનું જશંન કરી કેહેતા *
અને પાદશાહ તે વરશાનું દાંન રઈએત
ને બખશીશ કરતા * અને શબબ એઊ
પર છે કે પા દાહાડાના વધારાને હરેક
૪ ચાર વરશાની પછવાડે હરએક મહીના
ની આખર નહીં વધારતા * શાવાશાતે કે
એ લોકોનો એતકાદ હરએક મહીનાના
દાહાડા ફીરશતાઓ ઊપર તાલુક રાખે
ચ * તે શબબથી જીકર તથા પડવું કરેચ
તેહેને એબાદત જાંણેચ * અને નહીં
ચાહાતા કે તે દાહાડાનાં દરમીઆંનમાં
દાહાડો ૧ એક બીજો દાખલ થાએ *

અને કશારના લોકોનો કાએદો એ હુતો જે હરરોજ તરેહ તરેહનાં ફુલ બંદગી કરતી વખત પોતાની પાશે રાખતા * અને વરશનો પેહેલો દાહાડો આગલા પારશીઓના જમાનામાં ફરવરદીન મહીનાથી હુતો * અને પેહેલા દાહાડાનું નાંમ હોરમજદ રાખેઊંછે * અને એ લોકના મજહબમાં જેમકે નજુમી લોક એતકાદ રાખેચ કે શરૂ આલંમ પેદા કીધી તારે કરક લગંણ હુતું * અને આફતાબ મેખનાં બરૂજમાં અને જારે જમીનની ઈમારત બાંધી તે વખતથી એ લોકની રશંમ હેવી જારી હુતી * તે જરતોશત પેગંમબર શાહેબના જમાના શુધી અને જારે તે શાહેબનો જમાનો થઓ * તારે વરશોથી મહીનો એક કે પા પા કરતાંજ મે થએલો હુતો તારે કબીશો કીધો * તે વખતમાં આગલા દશાતુર મુજબ કબીશો કીધો * અને હુકમ કીધો જે આવતા જમાનામાં આલંમના લોક એજ

કાંનુન પરમાંણે અમલ કરે તે દશતુર મુજબ અમલ કરતા * અને કબીશાના મહીનાને જુદી બીના નહીં પહડતા * બ લકે પેહેલા કબીશાને ફરવરદીન મહીનો પહડતા * અને ફરવરદીન મહીનાની શા થે બીજો ફરવરદીન પહડતા * અને પાછુ લા પાંચ દાહાડાને હરએક વરશના છેલા મહીના શાથે મેલવતા * અને બીજી નો બત કબીશાના મહીનાને અરદીબેહશત મહીનાની શાથે બીજો અરદીબેહશત કર તા એજ કશર પરમાંણે એજ તરતીબ મુજબ જારે અશપંદારમદ મહીનાની નોબત પોહોચતી તારે અશપંદારમદ મહીનાનો કબીશો કરતા * તારે તેહેને દોએરો કરી કેહેતા * ૧૪૪૦ તે ચઊદ શોને ચાલીશ વરશે એક દોએરો તમાં મ થતે * તેહેને કબીશાનો દોએરો કરી કેહેતા * તારપછે ફરીથી એક શો વીશ વરશ થતાં તારે બીજો ફરવરદીન કરતા * અને જારે જંમશેદ પાદશાહ તખતે બે

ડો તારે કબીશાના દોરને ૧૦૪૦ એક હુ
જાર ચાલીશ વરશ ગુજરેલાં હુતાં * અ
ને જારે જંમશેદની હુકુમતને ચારશો
વરશ ગુજરેઆં તેઆરે કબીશાનો દોએ
રો તમાંમ થઓ *તેઆરે આફતાબ મે
ખના ફરવરદીનમાં આવી પોહોચેઓ *તે
દાડે જંમશેદે ઘણુ મોહોટું ભારી જશંન
કીધું એ શબબથી જંમશેદી નોરોજ કેહે
વાએછે * અને હુરએક એકશોને વીશ
વરશે કબીશો કરતા અને જે પાદશાહુ
ના વખતમાં કબીશાનો દોએરો પુરો થ
તો તેબી જંમશેદના જેવું જશંણ કરતા *
અગર કોઈ વખત કબીશાની નોબત
પોહોચતી તારે કબી પાદશાહુ ઊપર આ
ફત ઈઆને લડાઈ ફશાદનો શબબ
આવતો તારે કબીશાને ઠીલમાં નાંખ
તા * તે કાંહાં શુધી કે બીજાં એકશોને
વીશ વરશ પુરાં થતાં તારે બે કબીશા
કરતા * જેમકે ઈઅજદજરદ બીન શા
હાપુરે બે કબીશા કીધાછે તારપછે ઈઅ

જદજરદ બીન શેહેરીઆરના જમાના શુધી કબીશા ચાલેઆ અને ઈઅજદ જરદના વખતમાં કબીશો પડો * પણ કબીશો બની નહીં શખેઓ * અને પારશીઓની પાદશાહીની બુનીઆદ અરબના લશકરના જોરથી એકાએક તુટી ગઈ તેથી કબીશો તમાંમ બરતરફ થઓ * તારે પારશીઓની તારીખ નામજબુત થઈ અને આગલ રશંમ એહેવી હુતી કે જે કોઈ પાદશાહ થતો તેહેને તખતે બેઠાની તારીખ લેતા * જેવારે તે પાદશાહનો વાકો થતો તારે બીજા પાદશાહની જલુશી તારીખ જાહેર થતી * તે જલુશી તારીખ ઊપર ખઆલ કરતા * તે ઈઅજદજરદના વખત શુધી * જાર ઈઅજદજરદનો વખત પોંહોંચેઓ તારે તેહેની તારીખ ઊપર ચાલેઆ તે દાહાડે હીજરી શને ૧૧ અગીઆરમો માહે રબીઊલ અવલની તારીખ ૨૦ વીશમી હુતી * અને ઊશમાંનના જમાંનામાં

હાં ઈઅજદજરદ નાઠો અને મરવની
વીલાએતના તાઊન ગાંમમાંહાં ખરાશના
હાથ તલે મારો ગઓ તેથી પારશીઓ
ના પાદશાહુઓની દોલત ગઈ * અને
ઈઅજદજરદના નાંમથી તાઝીખ જલુ
શી બાકી રહી તે જલુશી તારીખ પકડી
બેઠા અને પારશીઓની કદીમ તારીખ
કશારની તે હાથ રહી નહી તેથી જલુશી
એજ તાઝીખ ઊપર ચાલેછે તે શાહી ન
થી * તે શબબથી નજુમી લોકોએ એ
તાઝીખ ઊપર એતબાર નહીં કીધો * અ
ને પારશીઓએ પાદાહાડાની કશારથી
હાથ ઊઠાવેઓ શાવાશાતેજે કબીશો ની
ગાહ નહીં રાખેઓ * અને ફરીશી કબી
શાની તરફ કોઈ પારશીએ મોડું કીધું
નહીં *

એ રશાલાના તઝીજ બાબની બી
જી ફશલ મધે નોરોજની હકીકત

કદીમ પારશીઓનો નોરોજ ઈઆને
મેખનો ફરવરદીન એ દાહાડો ઘણો ખુજ

રગ છે * એ દાહાડે કેટલાએક અમલ માત બર છે તેહેનાં કાંમનો તાલુક તરંણ મત લબ ઊપર રાખેચ * મતલબ પેહેલી મ ધે બાજે હદીશોમાંહાં જીકર ઘણી તાલુ ક રાખે છે * હદીશ પેહેલી માંહાં માઆ લા બીનખનીશ રવાએત કરી ગઓ છે જે * એ નોરોજને દાડે જે વખત કે નો રોજ થાએ ઈઆને મેખનો પરવરદીન થાએ તાહારે ગુશલ કરે અને ઘણાં પા ક કપડાં પેહેરે અને ઘણું ખુશબોદાર અ તર બદને મશાલે અને તે દાડે રોજે રા ખે * ઈઆને આખો દાડો ખુદા તાલા ની બંદગી કરે * અને કેટલીએક રકાએ તો નીમાજની પડે અને શુકરાંનાંનો શ જદો કરે અને દુઆ પડે * જે કોઈ મુ શલમાંન થઈને એ પરમાંણે કરે તો તે હેનો શાઠ વરશનો ગુનાહ કપાએ * અ ગર કોઈ નાંહાંની ઊમરનો હોએ તો બધી ઊમરનો ગુનાહ કપાએ * અને એ દાડો વરશનો પેહેલો છે * પારશી લોક

એ દાડાને હોરમજદ કરી કેહેછે * પંણ
એ નાંમ ખુદાએ ઈજેવજલનું છે * ઈ
આને દાડો ઘણો ઈજતદાર અને બુજ
રગ છે * અને એ શખશ કહી ગઓચ
જે હજરત રશુલે પુરમાંવુંચ કે ખુશાહાલ
તે કોઈ હોશે જે એ કોલ ઊપર શાબી
ત રેહે * ઈઆને નોરોજને દાહાડે ઊપ
ર લખેઆ પરમાંણે કરે * અને અપશો
શ તે શખશ ઊપર કે તે કોલને તોડે પં
ણ એ દાડાને પારશી લોક ઘણી નીગાહ
રાખતા અને તંમો ઈઆને અરબલો
કોએ જાંએ કીધો *
હદીશ તઝીઓ માંહાં લખેચકે એ નોરો
જ કેહેવો છે કે અજમ ઈઆને પાર
શી લોકના પાદશાહ તાજીમ ઘણી કર
તા * અને બુજરગ તથા મુબારક જાંણ
તા * અને એ દાડો પેહેલો છે કે આ
પ્તાબ તલુ થઓ ઈઆને પેહેલેથી ઊ
ગેઓ તે આ જાંહાંનમાં જાહેર થઓ *
અને શરૂથી પવંન આ જાંહાંનમાં ચાલે

ઓ * અને પેહેલેથી જમીનનો ખુશો ઊગેઓ * તે દાડાથી એ મેખનો પ્રેવર દીન જારી છે * એહેની શીફતતો ઘણી છે પણ મુખતશર કરૂં છુઊં જે દાનાવ હોશે તે તુરત શમજી લેશે *

મુશલમાંનોના પાદશાહુવોની હકીકત*

હવે ઊપર લખેલો ઊશતાદ અબુરે હાંન નાંમનો આગલી રવાએતોથી નકલ કરી ગીઓછે * ઈઆને કીતાબોથી લખીગીઓ છે જે * ઈરાંનના મુલકમાં પાદશાહ ૧ નાંમે ખલીફે અબાશી એક દાડે શીકાર રમાને ગીઓ * તે શીકારની જગો ઊપર ફરતાં ખેતી નજર આવી * જોએચ કે ખેતી હજુ લીલી છે * દાંણા ભરાઈને તઈઆર થઈ નથી * તારે પાદશાહ બોલેઓ કે અબદુલા બીન એલીઆ માહારી પાશેથી રજા લેઈ ગીઓ કે રઈઅત પાશેથી ખેતીનું દાંણ લેવું શરૂ કરે * ને હું જોઊંચ કે ખેતી હજુ

લીલી છે * રઈઅત કાંહાંથી દાંણના પ
ઈશા આપી શખશે * તારે તાંહાં કોઈ
શખશ હુતો તે બોલો જે * આ વખત
પઈશા લેવાથી આદમીઓને નુકશાંન
ઘણું પોહોચેચ * તહેનો શબબ એ થા
એચ કે કરજ કરેચ અને હોર વેચેચ
અને વતંનથી બેવતંન થાએચ * અને
એ લોકો ઊપર એ દાડે જુલંમ ઘણો
થાએચ * તારે એ ખેરૂત લોકો પાદશા
હનો શકવો ઈઆને બદગોઈ કરેચ *
તારે પાદશાહ બોલો કે એ રશંમ મા
હારા જમાંનામાં થઈ કે અશલથીજ
એ પરમાંણે જારી છે * તારે પેલા શખ
શે ફરી જવાબ દીધો * કે એ કાએદાનો
હુકમ પારશીઓના પાદશાહવોથી જારી
છે * કે દાંણના પઈશા નોરોજને દાડે
થી લેવાનું શરૂ કરતા * અને અરબના
પાદશાહવોબી એજ પરમાંણે ચાલતા *
એહેવું શાંભલીને પાદશાહ પોતાના શેહે
રમાં આવેઓ અને પારશીઓના મુબે

દોને બોલાવા અને પુછેઊં જે તમારા પાદશાહવો રઈઅત ઊપર ઘણી નવા જશાના કરનાર તથા મેહેરબાંન હુતા* અને કાચી ખેતીએ રઈઅત ઊપરથી પઈશા લેવાનો જુલંમ કેમ રવા રાખે ઓ* તારે પેલા મુબેદાએ જવાબ દીધો જે* અગરચે પારશીઓના પાદશાહ ખેતીનુ દાંણ લેવાની ખાહેશ નોરોજ ને દાડેથી લેવાનુ શરૂ કરતા* પંણ હવડાં નોરોજ નહીં થતો* નોરોજ કારે થતો કે તમાંમ દાણો પાકી તઈઆર થતો* પાદશાહે શબબ તેહેનો પુછેઓ* મુબેદે તમાંમ બઆંન વરશોના હાલનુ તથા અધુરાં વરશનુ અને હાજત કબીશો કરવાની શરવે બઆંન કીધું* અને મુફશલ જીકર કીધી કે પારશીઓના પાદશાહ કબીશા ઊપર અમલ કરતા* અને નોરોજમાં જે ઢીલ થઈ તે મહમદ પેદા થઆના શબબથી કબીશાનાં કાંમમાં ઢીલ પડી* તે શબબથી રઈઅત

ઊપર જુલંમ થાએછે પછે તે પાદશાહ મુજરી ગીઓ*

અને બીજો પાદશાહ હશાંમ બીન અબંદુલ મુલક નાંમનો પેદા થઓ તેહેના વખતમાં ગાંમડીઆ એરૂન લોક એકઠા થઆ અને પાદશાહના મેહેલ તલે આવી કબીશાનાં કાંમને વાશતે ઊકર શારૂ કીધી* કે નોરોજને ૧ મહીનાની ઢીલમાં નાંખે* ઈઆને મહીના એક પછી મેખનો શુરજ થાએ તારે કબીશો કરે* તારે પાદશાહે કહું જે એ કાંમ મુશલમાંનીમાં કરવું રવા નથી તેથકી માહારે કબીશો મને કરવો પડેછે*

તારપછે કેટલીએક મુદતે હારૂં રશીદ નાંમના પાદશાહનો જમાંનો થઓ તે વખતમાં તમાંમ રઈઅત એકઠી થઈને તે પાદશાહનો વજીર નાંમે એહીઆ બીન ખાલદ નાંમના શખશાને આવીને દોઆ કીધી અને કહું જે નોરોજને બે મહીના શુધી ઢીલમાં નાંખે* તેણે પાદ

શાહને જાહેર કીધું કે કબીશો કરવા ઊ
પર રઈએત ફરીઆદ કરેછે* તે વાત
પાદશાહે શાંભલીને એરાદો કીધો કે ત
માંમ વરશના દાડાનો હીશાબ કરે* એ
વાત તેહેના દુશમનોએ શાંભલીને પ
છવાડે બોલવા લાગા જે પાદશાહ પાર
શીઓના રશતાની ફીકર કરેચ* અને
એ લોકની રશંમ ઊપર અમલ કરવા
ચાહેચ* એ હેવી વાત શાંભલીને કબી
શો કરવા ઊપર જે ખઆલ કીધો હુતો
તે એરાદાથી ગુજરી ગીઓ અને હુકમ
પોતાના વખતના હાલપરમાંણે રહો*.

તારપછે પાદશાહ ૧ અબરાંમ બીન
અબાશ નાંમનો પેદા થઓ તેણે પોતા
ના દાંનાવોને હુકમ કીધો કે મુબેદોની
શાથે બેશીને કબીશાના નોરોજના દાડા
નો હુશાબ કરે* અને કીતાબ કરો કે
નોરોજ બદલાએ નહી તારે પાદશાહના
હુકમથી પોતાની તમાંમ શરહદમાં કાગ
ળે મોકલેઆં* તારે શરવે દાનાવ લો

કોએ કોશીશ કીધી * પંણ તે વખતમાં પાદશાહ મારેઓ ગીઓ * અને તદબીર કીધેલી હુતી તે થઈ નહીં શખી * ને આગલી પોતાની રશંમ પરમાંણે ચાલ બાકી રહી તે કાંહાં શુધી કે *

માતજદ નાંમનો પાદશાહ પેદા થાઓ * તેણે રઈએતના હાલ ઊપર નજર કીધી અને કબીશાનો નોરોજ આગલા પારશીઓ કરતા * તે ઊપર ઠીલ કીધી * અને કોશીશ કીધી કે કબીશાનો નોરોજ કરે તારે કબીશો ગઆની મુદતનો હીશાબ કીધો * તેહેને બશેં ને તેંહેંતાલીશ ૨૪૩ વરશ થએલાં હુતાં * અને પાપા દાહડો જે મુકી દીધેલો હુતો તેહેને દાડા શાઠ ૬૦ અને ઊપર કાંઈ કશાર થએલી હતી * તારે તે દાડા તથા કશારનું તે વખતનાં નોરોજ ઊપર વધારેઆ અને કબીશાનો નોરોજ કીધો તે બરાબર થઓ * અને આશાર બાકી એ નાંમની કીતાબમાંહાં અબુરેહાંન ઊશતાદે જીકર કીધે

લી છે જે માહારા જમાંનામાંહાં પેહેલા મેખના ફરવરદીન માંહા આફતાબ આવેઓ* શાવાશાતે કે માતજદ પાદશાહના વખતથી અબુરેહાંનનો વખત એકશોને વીશ વરશ પછવાડે હુતો અને માતજદે કબીશો કીધેલો હુતો તારે અબુરેહાંનના વખતમાંહાં એક મહીનો કબીશાનો પુરો થાઓ તારે કબીશો પડેઓ તે કીધો*

તેઆરપછે શુલતાંન જલાલુદીન મલેકશાહેશલજુકીની દોલતનો જમાંનો થાઓ તાહારે હીજરી શને ૪૬૭ હતો* એ કીતાબમાંહાં બીજી જીકરો લંબાંણ ઘણી છે હવે મુખતેશર કરૂં છુઉં એ બાબમાંહાં કોઈ શાહેબના દીલમાંહાં શક પડે તો મોહોમદ બાકર શબજવારીના રશાલા મધેથી જોઈ પોતાની નીશાં લીએ* અગર કોઈ શાહેબ પાશે એ કીતાબ નહીં હોએ તો ફકીર પાશે આવી પોતાની નીશાં લીએ*

હવે જીચે જલાલી કીતાબની હકીકત

પારશીઓની તારીખના બાબમાંહાં પાદ શાહા ૧ એક ઈરાંનનો નાંમે શુલતાંન જલાલુદીન મલેક શાહ શલજુકીએ પોતા ના વખતમાંહાં * પોતાના નાંમથી કીતાબ ૧ જીચે જલાલી તઈઆર કરાવાનો હુકંમ કીધો * તેહેનો શબબ એ જે પારશી ઓની તારીખ હાલ ઊલટી ચાલેછે તેક બીશો નાબુદ થઆના શબબથી તમાંમ વરશ અધુરાં થાએછે * તે શબબથી પાદ શાહે મીશલનાં બેશનારા દાંનાવ તથા ફાજીલ લોકોને હુકંમ કીધો જે તારીખની કીતાબ બનાવે *

તેહેવારે તમાંમ દાંનાવોએ ઊશતાદ ઊમરખઆંમ શાથે મલીને ઈતેફાક કીધો કે તારીખ બનાવે કે પેહેલેથી વરશ એક જુશાંમ ઊપર આવે અને જમાંનાની ચા લ બદલાએ નહીં * હવે એ કીતાબના બા બ તીજા મધે પારશીઓની તારીખ ઈ

અજદજરદ બીન શેહેરીઆરને તખતે બેઠાનું પેહેલું વરશ શરૂ મંગલ વાર થી છે * કે તે પારશીઓના પાદશાહ ઓથી છેલો પાદશાહ હતો પંણ તેહે કીકુ એ છે જે * પેહેલી તારીખ જંમશે દ થકી છે અને તારપછી જે પાદશાહ ત ખતે બેશતો તે જંમશેદની મીશાલે કર તા * અને એ લોકોનુ વરશ રૂમી લોકો ના વરશાની મીશાલે છે પણ કશારને એ લોક એકઠી કરતા તે કાંહાં શુધી કે એકશો વીશ વરશ થતાં તારે કબીશાનો મહીનો તમાંમ થતો * તે વરશ ૧૩ તેર મહીના નુ લેતા અને પેહેલો જે મહીનો વધતો તેહેને ફૂરવરદીનની પછવાડે વધારતા * તેહેને બી ફૂરવરદીન કરી કેહેતા અને બીજી નોબત અરદીબેહશતની પછવાડે બીજો અરદીબેહશત કરતા * એજ રીતે બારે મહીના કરતા અને કશાર મુકીદેવા નો શબબ એ જે એ લોકના મજહ બમાં મહીના તથા દાડા ફરેશતાથી

તાહ્યુક રાખેછે * તે દાડે ફરેશતાનાં નાં
મથી પહડવું કરેચ તે એ લોકની બંદ
ગીછે અગર હરએક ચાર વરશની પછ
વાડે એક દાડો કરતે તો એ લોકનાંપહ
ડવામાં નુકશાંન પોહોચે * અને બીજું
એ જે જેવારે ઈઅજદજરદની નોબત
પોહોચી તારે એ તારીખ તેહેના નાંમથી
થઈ તે દાડે હીજરી શને ૧૧ અગીઆર
મો હુતો * અને રૂમી હજીરાં મહીના
ની તારીખ ૧૯ નો શને ૯૪૩ હુતો * તે
તરીજા ખલીફાના વખતમાં ઈઆને ઊ
શમાંનના જમાનામાં અરબના લશકર
થી પાદશાહ નાહાઠો * તે મરવની વેલા
એતના તાઊન ગાંમમાં ખરાશાના હાથ
નીચે કતલ થઓ * અને પારશીઓની
દોલત આખર પોહોચી ફરી કોઈ બીજા
પારશીએ તારીખને કીધી નહીં * તારે
એ લોકના હાથથી કબીશો બરતરફ થ
ઓ અને હવડાં જે તારીખ ઊપર ઈરાં
નના પારશીઓ ચાલેચ તે ઈઅજદજ

રદના નાંમથી જલુશી બાકી રહીલી છે *
તે અને મહીના તથા વરશ એ તારીખ
ના શંમશીએ અશાતલાહી રહા ઈ આ
ને શુરજની અધુરી ચાલ રહી * શી તરે
હ કે ૩૬પ તરંણશોને પાંશઠ દાડાનું વર
શ બે કશારનું લીએચ શાવાશાતે કે એ
તારીખમાં કશાર નથી * અને શારેમાં
કહેલું છે કે એ તારીખ બખત નશારની
તારીખ શાથે * જે કે મજશાતી નાંમની
કીતાબમાં લખેલું છે તે મુજબ છે મુરાદ
એ છે જે બખતનશારનાં મહીનાનાં દાડા
તરીશ તરીશ લીએચ * પંણ બખતન
શારની તારીખમાં વરશના પેહેલા તરંણ
મહીના અગાઊ છે * પેહેલે ઈ અજદ
જરદી તારીખનાં વરશ ઊપર જેમકે મ
જશાતી કીતાબમાં જીકર છે * અને પાંચ
દાડાને બાજે લોક આવાં મહીનાંની પછ
વાડે લેતા અને નજુમી લોક વરશાની પ
છવાડે લેતા * અને પારશી લોકનો એ
હેવો દશાતુર હતો કે પાંચ દાડા કે એને

ખુમશો મુશતરકે કેહેચ તે કબીશાનાં મ
હીનાની પછવાડે વધારતા* અને ઈઅ
જદજરદના જમાંનામાં કબીશાના દોર
થી ૧૪૪૦ ચઊદશોને ચાલીશ વરશમાં
૯૬૦ નવશોને શાહાઠ વંરશ ગુજરેલાં હુ
તાં* તારે કબીશાની નોબત આવાં મહી
નામાં પોહોચેલી હતી તે આવાં મહી
નાની પછવાડે પાંચ દાડા વધારેઆ* પણ
કેટલાએક લોકો કેહે છે જે એ પાંચ દા
ડાની જીકર ભુલથી લખાએલીછે* અને
કબીશાનાં મહીનાંની પછવાડે રવા નથી
રાખતા અને એમ કરી કેહેચ કે વરશ
નો છેલો મહીનો અશપંદારમદ છે તે
હેની પછવાડે એ પાંચ દાડા વધારેચ
એ વાત ખઆલમાં તેહેકીક શાબીત ઠરે
ચ* અને શરેમાં એંમ કેહેચ કે નજુમી
લોકોએ એ દાડા વરશની પછવાડે નાંખે
લાછે તારે તકવીમ ઈઆને પંચાંગ લ
ખવું શેહેલ પડેચ* એ શખુન તે વખ
ત દરશત આવેચ કે પંચાગનાં દફતરનું

ચલણ પારશીઓના કબીશાની તારીખ
થી થાએચ * અને પેહેલો દાડો તે ૬૫
તરમાં કદીમ પેહેલો ફ્રરવરદીન મહીનો
લખાએચ પણ આએ જમાંનામાં જલ્દુ
શી તારીખ ઊપર ચલંણ છે અને પાર
શીઓનું વરશ તથા તારીખ હાલ દરૂ
શત તથા શહી નથી *

હવે કીતાબ વાલાએ ઈઅજદજર
દી તારીખ ઊપર તરંણ વધારીને
કબીશાનો નોરોજ શહી કીધેલોછે
તેહેની હકીકત *

હવે એ તારીખના હીશાબનું શમજવું એ
જે ઈઅજદજરદ શેહેરીઆરની જલ્દુ
શી તારીખ શઘલી એકઠી કરીને તે ઊપ
ર તરંણ વધારવા * અને તેહેમાંથી
શાત શાત ભાગે કાહાડી નાંખવા અને
શાત ભાગે કાહાડી નાંખતાં જે વાર વધે તે
હેને મંગલવારથી ગણી તે ગણતાં જેહે
નો નોરોજ આવે તેહેને શહી જાંણવો *

હવે એહેનો ખુલાશો એ જે ઈ અજદજ
ર૯ શેહેરીઆરને તખતે બેઠાને અગી
આરશો પંચાંણું ૧૧૯૫ વરશ થઆં * તે
હેની ગણતરી એ જે વરશ એકે વાર ૧
એક વધે તારે ૧૦૦ શો વરશના શોવા
ર થઆ * તે મધેથી ચઊદ શતાં અઠાં
ણું કાહાડી નાંખવા તારે ૧૦૦ શો વરશે ર
બે વાર વધેઆ * તારે ૧૧૦૦ અગીઆરશો
વરશના અગીઆરદુ બાવીશ વાર વધા
તેમાંથી શાત તરી ર૧ એકવીશ કાહાડી
નાંખવા * તારે ૧ એક વાર વધો અને
૯૫ પંનચાંણું વરશના પંનચાંણું વાર લે
બા તારે ૯૬ છંનેઊ વાર થઆ તેહેને
ઊપર તરણ વધારે તારે નવાંણું ૯૯ વા
ર થઆ તેહેમાંથી ચઊદ શતાં અઠાંણું કા
હાડી નાંખવા * તારે એક વધા તે મંગલ
વાર આએવો તેથી આવતો નોરોજ જુ
નો મંગલ વારો આવે તેહેનો શાહી જાં
ણવો * અગર કોઈ શાહેબને એ ગણ
તરીમાં શુમાર માંહાં શમજ નહીં પડે

તો કોઠો કાહાડેલો છે તે જોઈને જે વારનો નોરોજ આવે તેહેને શાહી તથા દરૂશત જાંણવો——

અગર કોઈ શાહેબને ઊપર કાહાડેલા કોઠાના હીશાબમાંહાં કાંઈ શક પડે તો જીચે જલાલી કીતાબ જોઈ પોતાની નીશાં લીએ અને એ હીશાબ જીચે જલાલી શીવાએ બીજી કુલ જીચો માંહાં એ જ પુરમાંણે છે *

હવે એ કોઠો જે ઊપર કાહાડેઓ છે તે ઊપર આંક ૭ શાત છે તે શાતે આંકની નીચે વારો લખેલા છે તે કુલ વરશાનો હીશાબ તરંણ વધારી ગંણતાં * જો એક વધે તો * એકડાનાં આંકની નીચે જોવું તાંહાં જે વાર હોએ તે વારનો નોરોજ શાહી તથા કદીમ જાંણવો અગર બે વધે તો ૨ બગડાનાં આંકની નીચે જોવુ તાંહાં જે વાર હોએ તે વારનો નારોજ શાહી જાં

પારશીઓની કદીમ તારીખનાં હીશાબ*

કદીમ મહીના	૧	૨	૩	૪	૫	૬	૭
ફરવરદીન	મંગલ	બુધ	બરશપત	શુક્ર	શની	રવી	શોમ
અરદીબેહેશત	બરશપત	શુક્ર	શની	રવી	શોમ	મંગલ	બુધ
ખુરદાદ	શની	રવી	શોમ	મંગલ	બુધ	બરશપત	શુક્ર
તીર	શોમ	મંગલ	બુધ	બરશપત	શુક્ર	શની	રવી
અમરદાદ	બુધ	બરશપત	શુક્ર	શની	રવી	શોમ	મંગલ
શેહેરેવર	શુક્ર	શની	રવી	શોમ	મંગલ	બુધ	બરશપત
મેહેર	રવી	શોમ	મંગલ	બુધ	બરશપત	શુક્ર	શની
આવાં	મંગલ	બુધ	બરશપત	શુક્ર	શની	રવી	શોમ
આદર	બરશપત	શુક્ર	શની	રવી	શોમ	મંગલ	બુધ
દેએ	શની	રવી	શોમ	મંગલ	બુધ	બરશપત	શુક્ર
બાહમંન	શોમ	મંગલ	બુધ	બરશપત	શુક્ર	ની	રવી
અશપંદાદ	બુધ	બરશપત	શુક્ર	શની	રવી	મ	મંગલ

ણવો * એજ પરમાંણે શાત શુધી વધે
તો શાતરાના આંકની નીચે જે વાર હો
એ તે વારનો નોરોજ શાહી તથા કદીમ
જાંણવો * એરીતે કીતાબ વાલાએ તરંણ
વધારીને છેલા કબીશાને હીશાબમાંહાં
લીધો * તે હીશાબથી હીંદોશતાંનનો ક
બીશો પારશીઓનો નોરોજ શાહી થાએ
છે * તે ઊપર કેટલાએક બેશમજ ચલા
વનાર બે ખબર લોકો બોલેછે જે એ
હીશાબ ઊપર તરંણ શાંને વાશતે વધારે
છે * તેહેનો ખુલાશો એ જે એ તરંણ
વધારનાર ઈરાંનનો પાદશાહ શુલતાંન
જલાલુદીન મલેકશાહાશલજુકી * તથા
ઊશતાદ ઊમર ખઆંમ વગેરે મુશલમાં
નનાં દાંનાવ લોકો છે તે લોકોએ ઈરાં
નના પારશીઓની તારીખ * તથા નોરો
જને રદ કીધો અને છેલા કબીશાનો
મહીનો અશલ કદીમ આદત થકી શાબે
ત કીધો * અને ઊપર લખેલો પાદશાહ
તથા ઊશતાદ લોકોને તથા ઈરાંનનાં ૧૩૨

પારશીઓને ખબર નહીં હતી જે હીંદો શતાંનમાં પારશી લોકોનો ટોલો છે* અને બીજું એ જે શુલતાંન જલાલુદીન પછી જે ઈરાંનમાં પાદશાહ થઆ તે લોકોએ બી કબીશો જારી રાખેઓછે* અને તમાંમ પરથવીના પાદશાહ થાઈ ગીઆ તથા હવડાં છે તે શરવેનું ચલંણ કબીશાની ચાલ ઊપર છે હવે ગુખતશાર કરીને ફરહંગે જાંહાંગીરી કીતાબ શરૂ કરૂંછુઊં*

ફરહંગે જાંહાંગીરી કીતાબની હકીકત*

હીંદોશતાંનનો પાદશાહ ૧ એક નાંમે અકબરશાહ લકબે અરશ આશતાંની તે પાદશાહને એહેવી ખાહેશ પેદા થઈ જે તમાંમ કોમનો મજહબ જોએ તાંહાં જે કોઈ દાંનાવ હતા તે લોકથી શરવે કોમનો મજહબ તજવીજ કીધો અને જેવારે જરતોશતી ફીરકાનો મજહબ જોવાની ખાહેશ કીધી* તેવારપછે પાદશા

હ અકબરે ઈરાંનના પાદશાહ ઊપર ખ
ત લખેઊં જે પારશીઓનો પીર પોતા
ના મજહબમાં ઘણો ખબરદાર હોએ
તેહેને મોકલે * પછે ઈરાંનના પાદશાહે
કીરમાંનથી દશતુર અરદશેરને ઘણો કા
બેલ જોઈ મોકલેઓ * તે હીંદોશતાંન
ના પાદશાહ અકબરની નજદીક આવે
ઓ તેહેને પાદશાહે હુકમ કીધો જે અ
શલ તમારા પાદશાહોની કદીમ તેહેકી
ક ચાલ હોએ તે લખીને કીતાબ બનાવે
પછે પાદશાહે પોતાના શેહેરના ઊશતા
દ મુશલમાંન લોકોને હુકમ કીધો જે ત
મો દશતુર અરદશેરની શાથે રહીને ત
માંમ ફરહંગોની કીતાબો એકઠી કરીને કી
તાબ ૧ માહારા નાંમથી બનાવો * તેહેમાં
તમાંમ લુગતોનો ખુલાશો કરીને કીતાબ
તઈઆર કરો * તારે હુકમ પરમાંણે ત
માંમ દાંનાવ ઊશતાદ લોકોએ કીતાબો
નંગ ૪૪ જંદ પાજંદ શુધાં મેલવી તમાં
મ લુગત ફારશી તથા પેહેલવીના તેહેકી

ક કરી તમાંમ ઊશતાદ લોકોની શાહેદી શુધાં કીતાબ કરવા માંડી * તારપછે એ કીતાબ થોડીએક બાકી રહી તેહેવામાં પાદશાહનો વાકો થઓ * તારપછે અક બરશાહનો બેટો જાંહાંગીર શાહ તખત ઊપર બેઠા પછે કીતાબના બનાવનાર ઊશતાદોએ અરજ કીધી કે તાહારા બાપ ના હુકમથી બનાવેલી કીતાબ થોડીએક બાકી છે * માટે તાહારો શો હુકમ છે તેવારે જાંહાંગીરશાહે હુકમ કીધો જે એ કીતાબ પુરી કરો અને માહારા નાંમથી કીતાબનુ નાંમ રાખો * તે થકી કીતાબનુ નાંમ ફરહંગે જાંહાંગીરી કરી રાખેઊં છે * તે કીતાબ મધે કદીમ પારશીઓની તારી ખ તથા મહીના લખીને વેલાએતનો દશ તુર અરદશેર કબીશો શાબેત કરી ગીઓ છે * તે નીચેની વીગત પરમાંણે બારે મહીનાં તથા તીશો રોજ શુરજની ચાલ ઊપર શાબેત કરી ગીઓછે તે વાંચી માલુમ કરવું *

ફરવરદીન મહીનાની હકીકત*

એ ફરવરદીનના માંએના ૩ તરંણ છે
૧ પેહેલો માંએનો એ જે એ નાંમ ફરે
શતાનુ છે તે બેહેશતનો ખજાંનચી છે*
અને જે કાંઈ દીનનું કાંમ એ મહીને
તથા દાડે આવેચ તારે પારશી લોકો જે
કાંઈ તાલુકો પહડવાનો છે તે પહડેછે*
તથા જશંન કરેછે* બીજો માંએનો એ
જે ફરવરદીન વરશનો પેહેલો મહીનો છે
તે પેહેલો મહીનો કીહો જે આફતાબી
વરશનો તે આફતાબ કીહો જે મેખના
બરૂજમાં આફતાબ આવે તે તેહેને અર
બીમાં હમલ* તથા ફારશીમાં બરરે
કરી કેહેછે*તરીજો માંએનો એ જે એ
ફરવરદીન ૧૯ ઓગનીશમા રોજનું નાંમ
છે તે ઓગનીશમો રોજ કીહો જે હર
એક આફતાબી મહીનાનો તેહેને સેખ
નો ફરવરદીન કરી કેહેછે અને પારશી
લોકના મજહબમાં કાએદો એહેવો છે

જે * જેવારે મહીનો તથા દાડો બરાબર આવે તે દાડે પારશી લોકો ઘણી ખુશીથી મોહોટું જશાંન કરેછે તેહેને જશાને પરવર દીનગાં કરી કેહેછે *

અરદીબેહેશત મેહીનાની હકીકત *

એ અરદી બેહેશતના માંએના ૪ ચાર છે ૧ પેહેલો માંએનો એ જે એ ફીરશતાનું નાંમ છે અને એ ફીરશતા પાહાડોની નીગેહેબાંની ઊપર મવકલ છે * અને એ દાડે પારશીઓની દીનનું કાંમ જે કાંઈ હોએ તે તાલુકા મુજબ કરેછે * તે ઊપર હકીમ ફીરદોશીએ કોઈની દુઆના બાબમાંહાં બેતની મીશાલ આપીછે * જે તાહારે ઊપર અરદીબેહેશત અકલ તથા હોશ ઊપર નીગેહેબાંન હોજો * બીજો માંએનો એ જે અરદીબેહેશત આતશનું નાંમ છે તે ઊપર હકીમ જરાતોશત બેહેરાંમની બેતની મીશાલ આપીછે * જે કોઈ પોતાના તંનને આતશમાંહાં બાલે

તેહેનું રવાંણ બેહશતની ખુશી નહીં દેખે
ઈ આને બેહશતમાંહાં નહીં જાએ * ત
રીજો માંએનો એ જે બીજા મહીનાનું
નાંમ છે. તે બીજો મહીનો કીહો જે આ
ફતાબી વરશનો તે આફતાબ કીહા જે
વરખના બરૂજમાંહાં આવે તે * તેહેને
અરબીમાંહાં શોર * અને ફારશીમાંહાં
ગાવ કરી કેહેછે * એ અરદીબેહશતની તરે
હે એ છે જે અરદ મીશાલને કેહેછે * અને
બેહશત બેહશતને કેહેછે અને એ મહીનો
બાહારની ફશલનો વચલો મહીનો છે * ૪
ચોથો માંએનો એ જે તરીજા રોજનું નાંમ
છે તે તરીજો રોજ કીહો જે હરએક આ
ફતાબી મહીનાનો * અને પારશી લોકોનો
એતકાદ એ છે જે * જેવારે દાહાડો તથા
મહીનો બરાબર આવે તેઆરે એ લોકો
પહડવું છે તે પહડે છે * અને તે દાહાડે
મોહોટું જશંન કરેછે * અને તે જશં
નનું નાંમ અરદીબેહશતગાં કરી કેહેછે *
એ દાડો ઘણો નેક છે એ દાહાડે બંદગી

કરવી તથા આતશની દરગાહ જાવું અને મુરાદ માંગવી અને લડાઈ ઊપર જાવું અને પાદશાહ શાથે મુલાકાત કરવી*

ખુરદાદ મહીનાની હકીકત

એ ખુરદાદના માંએના ૪ ચાર છે પેહેલો માંએનો એ જે એ ફરેશતાનું નાંમ છે તે વેહેતાં પાંણી ઊપર તથા જાહાડો ઊપર મવકલ છે*એ ખુરદાદ મહીનો તથા ખુરદાદ રોજને દાહાડે એ લોકને જે કાંઈ પહડવું છે તે પહડે છે એ બાબે જરાતોશત બેહેરાંમની બેતની મીશાલ આપી છે*જેવારે જરાતોશત પેગંમબર શાહેબે પેલી જહાંનથી આ એ જહાંનની તરફ મો ધરેઊ તેઆરે છએ અંમશાશપંદોએ પોતાનો એહેવાલ કહો તેઆરે ખુરદાદ અંમશાશપંદે કહું જે એ જરતોશત મે તુહને વેહેતાં પાંણી શોંપેઆં તેહેની માવજત કરાવ જે*બીજો માંએનો એ જે તઝીજા મહી

નાનું નાંમ છે * તે તરીજે મહીનો કીહો જે આફ્તાબી વરશનો તે આફ્તાબ કીહો જે * મીથુંનનાં બરૂજમાંહાં આવે તે * તેહેને અરબીમાંહાં જોજા * તથા ફા રશીમાંહાં દો-પેકર કરી કેહે છે * પંણ પા રશી લોકોનો એતકાદ એ છે જે એ દા હાડો તથા મહીનો બરાબર આવે તેઆરે એ લોક દીનનાં ફરમુંદા મુજબ પહડવું કરે છે * અને તેહેને જશને ખુરદાદગાં કરી કેહે છે * એ દાહાડો ઘણો નેક છે એ દાહાડે ફરશતાઓ ઊપર હાજત માં ગવી તથા નવી ઓરત કરવી તરીજે માં એનો એ જે છુઠા રોજનું નાંમ છે * તે છુઠો રોજ કીહો જે હરેક આફ્તાબી મ હીનાનો એ દાહાડો ઘણો નેક છે ૪ ચોથો માંએનો એ જે એ આતશની દરગાહ-નું નાંમ છે * તેહેને આદર ખુ રદાદ કરી કેહે છે એ આતશ ઘણો બુજ રગ છે *

તીર મહીનાની હકીકત*

એ તીરના માંએના ૨૪ ચોવીશ છે ૧ પેહેલો માંએનો એ જે તીર નાંમ મશહુર છે ૨ બીજો માંએનો એ જે એપુરશતાનુ નાંમ છે* તે ચોપગાં ગાવ ગોશપંદ ઊપર મવકલ છે અને તીર મહીનો તથા તીર રોજ બરાબર આવેચ તે દાડે દીનનાં કાએદાનો તાલુકો રાખેચ તેપર માંણે પારશી લોક કરેછે ૩ તરીજો માંએનો એ જે ૪ ચોથા મહીનાનુ નાંમ છે તે ચોથો મહીનો કીહો જે આફતાબી વરશનો* તે આફતાબ કીહો જે કરકનાં બરૂજમાં આવે તે* તેહેને અરબીમાં શરતાં* અને ફારશીમાં ખુરચંગ કરી કેહે છે* ૪ ચોથો માંએનો એ જે એ ૧૩ તેરમા રોજનું નાંમ છે તે તેરમો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો* એ દાડો ઘણો નેક છે એ દાડે ખુદાએતાલા પાશે હાજત માગવી તથા બંદગી કરવી

અને પારશી લોકોનો કાએદો એ છે *
જે દાડો તથા મહીનો બરાબર આવે તે
દાડે ઘણી ખુશાહાલી તથા જશંન કરવું
અને એ દાડે તથા મહીને અપ્રાશીઆ
બ તુરકીએ ઈરાંનના પાદશાહ મીનો
ચેહેર શાથે શુલેહ કીધી * અને પોતાના
મલુકની શરહદ બાંધી તેહેની વીગત
એ જે મીનોચેહેર શાહનો ૧ એક પેહેલ
વાંન અરશ નાંમનો ઘણો જોરાવર હતો
તે પેહેલવાંનને હુકમ કીધો જે ખેચીને
તીર મારે કે જાંહાં શુધી તીર પોહોચે
તાંહાં શુધી ઈરાંનની શરહદ બંધાએ *
તે હુકમ પરમાંણે પેલા અરશ પેહેલવાંને
તીર ફેંકેઓ તે તીર જેહુનના દરીઆ
ને પેલે પાર જાઈ પડેઓ * તાંહાં શુધી
ઈરાંનની શરહદ બંધાઈ તારે લશકર
લડાઈથી આશુદે થાણી તે દાડે તીર મ
હીનો અને તીર રોજ હતો * એ દાડો
ઘણો બુજરગ છે એ દાડાને તીરંગાંન
કરી કેહેછે * પાંચમો માંએનો એ જે

હીશો તથા ભાગને કેહેછે * ૬ છઠો માંએ
નો એ જે એક શીતારાનું નાંમ છે * તે
શેતારાની જગો બીજા આશમાંન ઊપર
છે તે શેતારો દાંનાવ તથા કાબેલ લોકો
નો મુરબી છે અને એ શેતારાને અર
બીમાં ઊતારદ અને હીંદવીમાં બુધ કરી
કેહેછે * શાતમો માંએનો એ જે કેહેર તથા
ગુશાને કેહેછે * ૮ આઠમો માંએનો એ
જે તંગી ઈઆને મુફલશીને કેહેછે *
૯ નવમો માંએનો એ જે અંધારીને કેહે
છે * ૧૦ દશમો માંએનો એ જે પંજ
રીના પવંનને કેહેછે * ૧૧ અગીઆરમો
માંએનો એ જે કદર તથા મરતબાને કેહે
છે * ૧૨ બારમો માંએનો એ જે શીધા
લાકડાને કેહેછે * ૧૩ તેરમો માંએનો
એ જે કરાકો તથા વીજલીને કેહેછે *
૧૪ ચઊદમો માંએનો એ જે ખજુરના
ખોશાને કેહેછે * ૧૫ પંદરમો માંએનો
એ જે તાકત તથા જોરને કેહેછે * ૧૬
શોલમો માંએનો એ જે કોઈ તરેહનાં

શાંપને કેહેછે * ૧૭ શાતરમો માંએનો એ જે કોઈ તરેહનાં પરંદાં જનાવરને કેહેછે * ૧૮ અશાડમો માંએનો એ જે દોરીને કેહેછે * ૧૯ ઓગણીશમો માંએનો એ જે આબદાર કપડાંને કેહેછે * ૨૦ વીશમો માંએનો એ જે કોઈ જાતની કીડીને કેહેછે * ૨૧ એકવીશમો માંએનો એ જે કપડાંને કેહેછે * ૨૨ બાવીશમો માંએનો એ જે કોઈ એક શખશનુ નાંમ ને કેહેછે * ૨૩ તરેવીશમો માંએનો એ જે પોતાની શારી જનશને કેહેછે * ૨૪ ચોવીશમો માંએનો એ જે તોપ તથા બંદુકની ગોળી તથા ગોળાને કેહેછે *

અમરદાદ મહીનાની હકીકત *

એ અમરદાદના માંએના ૨ તરંણ છે * ૧ પેહેલો માંએનો એ જે એ ફરશતાનુ નાંમ છે તે દરીઆવો ઊપર મવકલ છે એ ઊપર કોઈની દોઆના બાબમાં હકીમ ફરદોશીની બેતની મીશાલ

આપીછું * જે તારે ઊપર ખુદાએતાલા તથા ચોપગાં ગોશપંદો તથા જમીન તથા જંગલ ખુશહાલ હોજો * ૨ બીજો માંએનો એ જે એ પાંચમા મહીનાનુ નાંમ છે તે પાંચમો મહીનો કીહો જે આપ્તાબી વરશનો તે આપ્તાબ કીહો જે શહીંના બરૂજમાં આવે તે * તેહેને અરબીમાં અશદ * અને પારશીમાં શેરના બરૂજમાં આવે તે હકીમ પરદોશી બેત કહીગીઓ છે જે જંમશેદ પાદશાહે પોતાના મકાંન ઊપર શબજો કીધો હતો તે ગોએઆ જલાલુદીન પાદશાહના અમરદાદ મહીનાની પશલ પરમાંણે હતો * તરીજો માંએનો એ જે ૭ શાતમા રોજનુ નાંમ છે * તે શાતમો રોજ કીહો જે હરએક આપ્તાબી મહીનાનો અને પારશી લોકોનો કાએદો એ છે * જે કાંઈ દીનના પરમુદા મુજબ પહડવું છે તે પહડેછે અને એ દાડો તથા મહીનો બરાબર આવેચ તે દાડે ઘણી ખુશહાલી

તથા મોહોટું જશંન કરેછે તેહેને જશ
ને નીલોફરી કરી કેહેછે * અને એ દા
ડે જે કોઈ પાદશાહ ઊપર મુરાદ માગે
તે બર આવે *

શોહેરેવર મહીનાની હકીકત *

એ શોહેરેવરનાં માંએનાં ૩ તરંણ છે
પેહેલો માંએનો એ જે એ શોહેરેવર
ફરશતાનું નાંમ છે તે શાતે ધાત ઊપર
મવકલ છે એ ઊપર હકીમ ફરદોશીની
બેતની મીશાલ આપીછે * કે શોહેરેવર
થી તુને ફતેહ હોજો * બીજી જરાતોશાત
બેહેરાંમની બેતની મીશાલ આપીછે * કે જે
વારે જરાતોશાત પેગંમબર શાહેબ પેલી
જાંહાંનથી આએ જાંહાંનની તરફ મોહો
ધરેઊ તેઆરે શોહેરેવર અંમશાશપંદે શી
ફારશ કીધી છે માહારી શાતે ધાતને
શાફ તથા તેજ રખાવજે * ૨ બીજો માં
એનો એજે ૬ છઠા મહીનાનું નાંમ છે *
તે છઠો મહીનો કીહો જે આફતાબી વર

શનો તે આફ્તાબ કીહો જે કનેઆના બરૂજમાંહાં આવે તે * તેહેને અરબી માંહાં શંબુલે તથા ફારશીમાંહાં ખોશો કરી કેહેછે ૩ તરીજો માંએનો એ જે ૪ ચોથા રોજનું નાંમ છે * તે ચોથો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો અને પારશીઓની નજદીક કાએદો એ છે * જે દાહાડો તથા મહીનો બરાબર આવે તે દાહાડે એ લોકો ઘણી ખુશી તથા જશંણ કરેછે તેહેને જશને શેહેરેવરગાં કરી કેહેછે * અને શેહેરેવર મહીનો ને શેહેરેવર રોજને દાહાડે દારાબ પાદશાહ પોતાની માએને પેટે પેદા થએો * એ ઊપર હકીમ ફરદોશીની બેતની જીશાલ આપીછે જે શેહેરેવર રોજને દાહાડે દારાબ બાદશાહ ગુલ બહમંનની જી શાલે પેદા થાઓ *

મેહેર મહીનાની હકીકત

એ મેહેરના માંએના ૬ છે પેહેલો

માંએનો એજે એ મેહેર ફરેશતો છે
તે મોહોબત ઊપર મવકલ છે * અને
હશાબ તથા શુમાર તમાંમ ખલકના
ગુનાહ શવાબનો એહેના હાથમાં છે *
૨ બીજો માંએનો એ જે આફતાબને
બી મેહેર કેહેછે ૩ તરીજો માંએનો એ
જે શાતમા મહીનાનું નાંમ છે તે શાત
મો મહીનો કીહો જે આફતાબી વરશનો
તે આફતાબ કીહો જે તોલાના બરૂજ
માંહાં આવે તે * તેહેને અરબી માંહાં
મીજાંન * તથા ફારશીમાંહાં તરાજુ કરી
કેહેછે * ૪ ચોથો માંએનો એ જે ૧૬ શો
લમા રોજનું નાંમ છે તે શોલમો રોજ
કીહો જે હરેક આફતાબી મહીનાનો અ
ને પારશી લોકોનો કાએદો એ છે જે દા
હાડો તથા મહીનો જે નાંમ શાથે બરા
બર આવે તે દાહાડે એ લોકો પેહેડવું
તથા જશંન કરેછે * તે દાહાડાને જશંને
મેહેરગાંન કરી કેહેછે અને એ દાહાડે
ઘણી રાંમશની તથા ખુશી કરેછે બીજી

એહેની શીફત મેહેરંગાંન જુગતમાં આવશે * એ મેહેરંગાંનનો દાડો ઘણો નેક છે એ દાડે છોકરાંવોને ઈલંમ શીખવા બેશાડવાં અને બચાંવોને માએના દુધથી છોડવવાં એ ઊપર * હકીમ ફરદોશીની બેતની મીશાલ આપીછે તાહારા ઊપર મેહેર ઈઅજદથી ફતેહ હોજો * ૫ પાંચમો માંએનો એ જે મેહેર મોહોબતને કેહેછે * ૬ છઠો માંએનો એ જે કોઈ તરેહનાં ઘાંશને કેહેછે તેહેને ફારશીમાં અશતરંગ તથા વાતરંગ કરી કેહેછે *

મેહેરંગાંન જુગતની હકીકત *

મેહેર મહીનો અને મેહેર રોજ જે દાડે બરાબર આવે તે દાડે પારશી લોકોની નજદીક કાએદો એ છે જે એ દાડો નોરોજની બરાબર જાંણેછે * ને મોહોટું જશ્ંાન કરેછે તેહેની તરેહની વીગત એ છે જે નોરોજ આંમે તથા નોરોજ ખા

શે કરી કેહેછે * નોરોજ આંમે તે ખુદા
એતાલાની ખલકનો તથા નોરોજ ખાશે
તે મોહોટા અમીર તથા અકાબર લોકો
નો છે * તે મીશાલે મેહેરંગાંન આંમે
તથા મેહેરંગાંન ખાશે કરી કેહેછે એ હે
નાં જશંનની ખુજરગી ઘણી છે * તે દીન
૬ છ શુધી કરેછે પેહેલો દાડો રોજ ૧૬
શોલમાને મેહેરંગાંન આંમે કરી કેહેછે *
તથા મેહેરંગાંનનો છેલો દાડો રોજ ૨૧
એકવીશમો રાંમને મેહેરંગાંને ખાશે કરી
કેહેછે અને પારશી લોકો કેહેછે જે એ
મેહેરંગાંન આંમેને દાડે હકતાલાએ ગાવા
લોહારને હીમત આપી તે ગાવાની મદદે
ફરેદુન પાદશાહે જોહાક પાદશાહને પક
ડેઓ એ જોહાકને દેહેઆકબી કેહેછે
શાવાશતે જે એમાં ૧૦ દશ એબ હતી
તે જોહાક આલંમને તંગીનો કરનાર તથા
દુખનો દેનાર હતો * એહેના અજાબ
માંહાં ખલક ગીરફતાર હતી તારે ફરેદુ
ન પાદશાહે એ મેહેરંગાંન આંમેને દાડે

બાબુલ જમીનની શરહદમાં જોહાકને પકડેઓ અને દમાવંદ પાહાડમાં કેદ કીધો* તારે ખલક તેહેના આજારથી છુટી તેવાશતે પારશી લોકો* એ મેહેરંગાંન આંમેને દાડે ઘણી ખુશી કરેછે અને કેટલાએક લોકો કેહેછે જે એ દાડે ફરેદુન પાદશાહ તખત ઊપર બેઠા એ મેહેરંગાંનની શીફત ઘણી છે* પણ મુખતશર કીધાછે*

આવાં મહીનાની હકીકત*

એ આવાંના માંએના ૩ તરેણ છે પેહેલો માંએનો એ જે એ ફીરશતાનુ નાંમ છે તે ફીરશતો લોડાં ઊપર મવકલ છે ૨ બીજો માંએનો એ જે ૮ આઠમા મહીનાનુ નાંમ છે તે આઠમો મહીનો કીહો જે આફતાબી વરશનો તે આફતાબ કીહો જે વરશાચકના બરૂજમાં આવે તે તેહેને અરબીમાં અકરબ તથા ફારશીમાં ગજદુમ કરી કેહેછે* એ બરૂ

જની શુરત વીછુની મીશાલે છે * ઉતશી જો માંએનો એ જે ૧૦ દશમા રોજનું નાંમ છે તે દશમો રોજ કીહો જે હર એક આફતાબી મહીનાનો અને પારશીઓનો કાએદો એ છે જે દાડો તથા મહીના બરાબર આવે તે દાડે પહડવું તથા જશંન કરેછે * અને શબબ એ છે જે એ દાડે ઈરાંનનો પાદશાહ * જુતેહેમાશપે અફરાશીઆબ શાથે લડાઈ કીધી તે ઊપર જુતેહેમાશપ ફતેહ પાંમેઓ અને અફરાશીઆબ નાઠો * અને ઈરાંનમાં ૭ શાત વરશ શુધી દુકાલ હતો તારે એ દાડે તથા એ મહીને વરશાદ એકાએક વરશેઓ તેથી એ દાડાને પારશી લોકો નોરોજ તથા મેહેરંગાંનની મીશાલે ગણેછે * અને એ દાડો ઘણો નેક છે એ દાડે હકતાલાની તથા પાદશાહની આગલ દોઆ કરવી તથા હાજત માંગવી તથા નવાં હથીઆર બનાવવાં *

આદર મહીનાની હકીકત*

એહેને આદર તથા આજર બી કેહેછે એ આદરના માંએના ૪ ચાર છે પેહેલો માંએનો એ જે એ ફરશતાનું નાંમ છે*તે આફતાબ ઊપર મવકલ છે*
૨ બીજો માંએનો એ જે આતશને કેહેછે અને પારશી લોકોના મોહોટા આતશ ૭ શાત હતા તે શાતે શીતારાને નાંમે હતા*૧ પેહેલો આદર મેહેર*
૨ બીજો આજરનોશ ૩ તરીજો આદર બેહેરાંમ*૪ ચોથો આદરઆઈન*૫ પાંચમો આદર હોજીન*૬ છઠો આદર બુરજીન*૭ શાતમો આદર જરદહશત*
એ શાતે આતશ શાતે શીતારાને તાલુકે હતા તે શાતે શીતારાની ખાશીઅત મુજબ ખુશબોએ તે ઊપર મુંકતા*૩ તરીજો માંએનો એ જે ૯ નવમા મહીનાનું નાંમ છે તે નવમો મહીનો કીહો જે આફતાબી વરશનો*તે આફતાબ કીહો

જે ધંનના બરૂજ માંહાં આવે તે * તેહેને અરબીમાંહાં કોશ * તથા ફારશીમાંહાં કમાંન કરી કેહેછે * ૪ ચોથો માંએનો એ જે એ ૯ નવમા રોજનું નાંમ છે * તે નવમો રોજ શીહો જે આફતાબી મહી નાનો અને પારશીઓની નજદીક કા એદા એ છે જે જેવારે દાહાડો તથા મ હીનો બરાબર આવે તે દાહાડે પારશીઓ ઘણી ખુશી તથા જશંણ કરેછે * અને એ દાહાડે આતશની દરગાહ જાવું અ ને આતશની ઘણી જીનત કરવી અને એ દાહાડાને આદરખુશ કરી કેહેછે * એહેની શીફત ઘણી છે *

દેએ મહીનાની હકીકત

એ દેએના માંએના ૨ બે છે ૧ પે હેલો માંએનો એ જે એ ફરશાતાનું નાં મ છે અને જે કાંઈ તદબીર તથા કાંમ પારશીઓના મજહબનું દેએ મહીનો અને દેએ રોજ * ઈઆને દેપાદર તથા

દેપમેહેર તથા દેપદીન * એ દેએ મહી
નામાંહાં આવે તે દીને પારશી લોક દી
નનું કાંમ હુકંમ મુજબ કરેછે * ૨ બીજો
માંએનો એ જે ૧૦ દશમા મહીનાનું
નાંમ છે * તે દશમો મહીનો કીહો જે
આપ્તાબી વરશનો * તે આપ્તાબ કીહો
જે મકરના બરૂજમાંહાં આવે તે * તેહે
ને અરબી માંહાં જદી * અને પારશી
માંહાં બરરેહે કહી કેહેછે એ મહીનો
પેહેલી ટાહાડની પશલનો છે *

અને દેપાદરની માંએની ૨ બે છે
પેહેલી માંએની એ જે એ પરેશતાનું
નાંમ છે જેવારે એ દાહાડો આવેચ
તેવારે પારશી લોકો દીનના હુકંમ મુ
જબ કાંમ કરેછે * હકીમ પરદોશી કહી
ગીઓછે જે એ મહીનો તથા વરશમાં
હાં દેપાદરથી હમેશાં તુહને ખુશી હો
જો * ૨ બીજો માંએનો એ જે ૮ આ
ઠમા રોજનું નાંમછે તે આઠમો રોજ
કીહો જે હરએક આપ્તાબી મહીનાનો

દેએમહીનો તથા દેએપાદર રોજને દા
હાડે પારશી લોકો જશંન કરેછે એ
મ કરી કેહેછે જે એ દાહાડો ઘણો ને
ક છે * એ દાહાડે શદકો આપવો પો
તાનાં પૂરજંદોની ખેરીઅત ચાહાવાને
વાશતે ખેરાત કરવી અને દેપમેહેર રો
જના માંએના ૨ બે છે * પેહેલો માં
એનો એ જે એ પૂરશાતાનું નાંમ છે *
હકીમ પૂરદોશી કહી ગીઓછે જે તાહારે
ઊપર દેપમેહેર આશમાંન તથા આફ
તાબની મીશાલે ઝલકતો હોજો * તથા
તાહારો ચેહેરો હમેશે તરોતાજે હો
જો * ૨ બીજો માંએનો એ જે એ પંદ
રમા રોજનુ નાંમ છે તે પંદરમો રોજ
કીહો જે હરએક આફતાબી મહીનાનો
અને દેએ મહીનો ને દેએપમેહેર રોજ
ને દાડે પારશી લોકો જશંન તથા ખુશ
હાલી કરેછે *

એ દેપ દીનના માંએના બે ૨ છે પે
હેલો માંએનો એ જે એ પૂરેશતાનુ નાંમ

છે ૨ બીજો માંએનો એ જે એ ૨૩ તરે વીશમા રોજનુ નાંમ છે તે તરેવીશમો રોજ કીહો જે હરએક આપ્તાબી મહી નાનો જેવારે એ મહીનો તથા દાડો બરા બર આવે તારે પારશી લોકો જે કોઈ દીનના ફરમુદા મુજબ કરવું છે તે કરેછે* અને એ દાડે મોટું જશંન કરેછે એ દાડો ઘણો નેક છે એ દાડે દોઆકરવી શેતા ની બદ રાહને દફે કરવાને વાશતે*

બહમંન મહીનાની હકીકત*

એ બહમંનના માંએના ૧૩ તેર છે* ૧ પેહેલો માંએનો એ જે શાચું બોલવું તથા દરૂશત કાંમન કેહેછે* ૨ બીજો માંએનો એ જે બચપંનથી ઘણીઅકલ રાખતો હોએ તહેને કેહેછે* ૩ તીજો માંએમો એ જે એ ફરશતાનુ નાંમ છે તે ગુશાને દફે કરેછે* ૪ ચોથો માંએ નો એ જે એ ફરશતા તંમાંમ ગાવગોશ પંદ તથા ચરંદાં પરંદાં જનાવર ઊપર

મવકલ છે* અને એ ફરેશતાની તદ
બીર અને કાંમ જે કાંઈ છે તે દીનના
ફરમુદા મુજબ જરતોશતી ફીરકાના લો
કો કરેછે* અને જેવારે બહમન મહીનો
અને બહમન રોજ બરાબર આવેચ તે
દાડે મોહોટું જશંન કરેછે* હકીમ ફર
દોશી કહી ગીઓછે જે લડાઈની જગો
ઉપર હકતાલા તાહારો નીગેહેબાંન હોજો*
અને બહમનની મીશાલે તખત તથા
તાજ તથા કુલાહ તુને હોજો* ૫ પાંચ
મો માંઅંનો એ જે પેહેલી અકલને
કેહેછે* અને એમ કરી કેહેછે જે ખુદા
તેહેકીક એક છે તેહેની શાંનીનો ઈ
આને તેહેની બરાબરનો કોઈ બીજો
નથી* તેણે અકલે અવલ પેદા કીધી
છે અને પારશીઓના દાંનાવ લોકો એહે
ને બહમંન કરી કેહેછે* તેથકી એતે
કાદ એ લોકોનો એછે જે બહમંન પેહે
લી અકલનો ધણી છે* ૬ છઠો માંઅ
નો એ છે જે અશપંદીઆર બીન ગોશ

તાશપ પાદશાહના બેટાનુ નાંમ છે*
અને દાંનાવ લોકોએ એહેનુ નાંમ બહ
મંન રાખેઊં છે તેહેનો શબબ એ જે
શાચું બોલનાર અને રાશતી રાહ ઊપર
ચાલનાર હતો તેથી એ નાંમ રાખેઊં
છે * અને ઘણાએક દાંનાવ લોકો એંમ
કરી કેહે છે જે નાધલી ઊમરમાં બહમ
ન પાદશાહ ઘણો દાંનાવ તથા અકલમં
દ હુતો અને એ બહમંન પાદશાહનો
હાથ ઘણો લાંબો હતો * જેવારે ઊભો
થાતો તારે હાથ ગુઢંણ શુધી પોહોચતો
એ ઊપર હકીમ મીનોચેહેર કહી ગીઓ
છે કે જેવારે બહમંન પાદશાહ ઊભો
થાતો તારે તેહેનો હાથ ગુઢણ શુધી પો
હોચતો અને દાંનાવ લોક કહી ગીઆ
છે જે બહમંન પાદશાહ ઈરાંન ઊપર
ફતેહ પાંમેઓ * ૭ શાતમો માંએનો એ
જે એ ૧૧ અગીઆરમા મહીનાનુ નાંમ
છે તે અગીઆરમો મહીનો કીહો જે
આફતાબી વરશનો તે આફતાબ કીહો

જે કુંભના બરૂજમાં આવે તે * તેહેને
અરબીમાં દલવ તથા ફારશીમાં દોલાબ
કરી કેહેછે * ૮ આઠમો માંએનો એ જે
એ મહીનામાં તમાંમ ઝાડોને પુલ આ
વેછે તેહેને કેહેછે તથા બીજાં ૨ બે ઝાડ
નુ નાંમ છે * તે બે તરેહનાં થાએછે *
તેહેને બહમંન શુરખ તથા બહમંન શુફે
દ કરી કેહેછે * ૯ નવમો માંએનો એ
જે ૨ બીજા રોજનુ નાંમ છે તે બીજો
રોજ કીહો જે હરએક આફતાબી મહી
નાનો અને પારશી લોકોનો કાએદો એ
છે જે એ મહીનો તથા દાડો બરાબર
આવેચ તેવારે એ લોકો તેહેનુ જશંન
કરેછે તથા ઘણી ખુશાહાલી કરેછે અને
એ દીવશે ઘણું શારૂં ખાંણુ બનાવેછે
અને પોતાની દીનના ફરમુદા મુજબ
મેએ ઈઆને દારૂ નોશ કરેછે * ૧૦
દશમો માંએનો એ જે મુશકી રાગનાં
વાજાંને કેહેછે * ૧૧ અગીઆરમો માંએ
નો એ જે એક કીલાનુ નાંમ છે તેહેને

દેજે બહુમંન કરી કેહેછે * તે કીલા ઊપ
ર પાદશાહ કેખુશરો ફતેહ પાંમેલોછે *
૧૨ બારમો માંએનો એ જે એક
પાહાડનુ નાંમ છે તે પાહાડ ઘણો ઊંચો
છે * ૧૩ તેરમો માંએનો એ જે હરપ
ઊખેડવાને બી બહુમંન કરી કેહેછે *

અશફંદારમદ મહીનાની હકીકત *

એ અશપંદારમદના માંએના ૪ ચાર
છે ૧ પેહેલો માંએનો એ જે જમીનને
અશપંદાર કરી કેહેછે * ૨ બીજો માંએ
નો એજે એ નાંમ ફરેશતાનું છે તે ફ
રેશતો બાહાડ તથા જંગલ ઊપર મવક
લ છે * ૩ તરીજો માંએનો એ જે એ
બારમા મહીનાનું નાંમ છે * તે બારમો
મહીનો કીહો જે આફતાબી વરશનો *
તે આફતાબ કીહો જે મીનના બરૂજમાં
હાં આવે તે * તેહેને અરબી માંહાં હુત *
તથા ફારશીમાંહાં માહી કરી કેહેછે * ૪
ચોથો માંએનો એ જે પાંચમા રોજનું

નાંમ છે તે પાંચમો રોજ કીહો જે * હર એક આપ્તાબી મહીનાનો * અને પારશી લોકોનો કાએદો એ છે જે જેવારે દાહાડો તથા મહીનો બરાબર આવેચ તેવારે એ લોકો ઘણી ખુશાહાલી તથા જશંણ કરેછે * અને તે દાહાડે નવાં જાહાડ રોપેછે * અને નવો પોશાક પેહેરે છે * પુરા થઆ બારે મહીના શ્રી શુરજની ચાલના * હવે શરૂ કરૂં છુઊં શરોશાની તથા નોરોજની હકીકત *

શરોશાની હકીકત *

એ શરોશાના માંએના ૪ ચાર છે પેહેલો માંએનો એ જે શરોશા હરએક ફરેશતાને કેહેછે * જંદપાજંદ જુબાંનમાં હાંઅંમશાશપંદોને કેહેછે * અને પેહેલવી જુબાંનમાંહાં અંમહુશપંદ કરી કેહેછે * તથા અરબીમાંહાં મલક * તથા ફારશી માંહાં ફરેશતા * તથા હીંદવીમાંહાં દેવતા કરી કેહેછે * અને પારશી લોકોના દાંના

વ લોકો એમ કેહેછે જે હકતાલાએ ૩૫
પાંતરીશ ફરેશતા ઘણા બુજરગ પેદા કી
ધાછે * તેમાંથી ૩૦ તરીશ જુદા કાહા
ડીને મહીનાના ૩૦ તરીશ રોજ ઊપર
મવકલ કીધાછે * અને હરેક મહીનો જે
આફતાબી છે તેજ પરમાંણે ૩૦ તરીશે
રોજબી આફતાબની ચાલ ઊપર ફરતા
છે * અને જે બાકી ફરેશતા ૫ પાંચ ર
હા * તે છેલા મહીનાની શાથે લગાડીને
તેહેનું નાંમ અંદરગાહા રાખેલ છે *
અને હેને ગાથાબી કેહેછે * અને ૩૦ ત
રીશ રોજ માંહાંથી ૧૨ બાર ફરેશતા જુ
દા કાહાડીને * બારે મહીના ઊપર મવ
કલ શ્રી સુરજની ચાલ ઊપર ફરતા કી
ધાછે * અને હરેક ફરેશતાનો તાલુક
હરેક ચીજ ઊપર છે * તેહેનું જાંણવું એ
જે ખુરદાદ પાંણી ઊપર * તથા અંમર
દાદ જાહાડો ઊપર * તથા અરદીબેહશત
આતશ ઊપર મવકલ છે * તે મીશાલે
હરએક ફરેશતાને હરએક કાંમ ઊપર

મવકલ કીધેલાછે તે શુરજની ચાલનો વખત ચુકતા નથી પોતાના કાંમ ઊપર ઘણા જોરાવર છે * ૨ બીજો માંએનો એ જે શરોશ ૧ એક ફરેશતાનું નાંમ છે * તે તમાંમ બંદાવોની પાશબાંની ઊપર મવકલ છે * અને જે કાંઈ શરોશ ની તદબીર છે તે દીનના ફરમુંદા મુજબ શરોશ રોજને દાહાડે પારશી લોક પહડવું કરેછે * ૩ તરીજો માંએનો એ જે એ ૧૭ શતરમા રોજનું નાંમ છે * તે શતરમો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો * એ દાડો ઘણો નેક છે * એ દાડે દોઆ માગવી તથા આતશની દરગાહ જાવું એ શોવાએ બીજું કાંમ નહીં કરવું હકીમ ફરદોશી કહી ગીઓછે જે તાહારે ઊપર ફરેશતો શરોશ હમેશેહ નીગેહબાંન જીઆદે હોજો * ૪ ચોથો માંએનો એ જે ખુશ આવાજે પહડવું તથા રાગ ગાવાને બી શરોશ કેહેછે * હવે બેહેતરેક લુગતની હકીકત શરૂ કરૂં છઊં

બેહેતરક જુગતની હકીકત *

એ બેહેતરક જુગતની હકીકત એ જે જેવારે પારશીઓની પાદશાહત હતી તારે કબીશો કરતા * અને જે વરશમાં કબીશો પડતો તે વરશનુ નાંમ બેહેતરક કરી કેહેતા * અને બેહેતરકનુ વરશ જે પાદશાહના વખતમાં આવતુ * તે પાદ શાહને મોહોટા દબદબાનો તથા અદલ ઈંનશાફી કેહેતા * અને તે વરશ ઊપર ઘણો એતકાદ રાખતા * અને એ બેહે તરકનુ વરશ પાદશાહ નોશેરવાંન બીન કોબાદના વખતમાં આવીઊ * તેથી નોશે રવાંન આદલ કેહેવાઓ * અને એ પાદ શાહ અદલ ઈંનશાફથી ઘણી બુજરગી પાંમેઓ * એહેની નાંમદારી કુલ આલં મમાંહીં મશહુર છે * અને જંમશેદ પાદ શાહના વખતમાંહાં દાએરો પડેઓ * તેથી તે ઘણો બુજરગ કેહેવાઓ * એ પરમાંણે જે પાદશાહના વખતમાંહાં બેહે

તરફ આવતો તેહેને મોહોટો પાદશાહ ફરી કેહેતા * હવે નોરોજની હકીકત શરૂ કરૂં છુઉં *

નોરોજ ૨ બેની હકીકત *

એ નોરોજ જરતોશત પેગંમબર શાહે બની દીનમાંહાં ૨ બે તરેહના છે * તે મધે પેહેલો નોરોજ ફ્રવરદીન મહીનો ને હોરમજદ રોજને મેખનો શુરજ * અને બાહારની ફશલ હોએ તેહેને નોરોજ આંમે કરી કેહેછે * ઈઆને એ નોરોજ તમાંમ આલંમનો છે અને એ નોરોજ ૨ બે શબબથી થએોછે * પેહેલો શબબ એ જે શ્રી હકતાલાએ તમાંમ આલંમને પેદા કીધી અને એ દાડે શેતારા તથા આશમાંન ફ્રરતાં કીધાં * બીજો શબબ એ જે જેવારે જંમશેદ પાદશાહ પેદા થઓ તારે તેહેનુ નાંમ જંમ હતું * જેવારે પાદશાહત ઊપર બેઠા તારે તમાંમ જેહાંનમાંહાં ફરેઓ * તારે આ

જર બાબજાંન શેહેર ઊપર પોહોચેઓ તાંહાં શુનાનુ તખત તમાંત જવાહર તથા હીરા લાલ કંકરે જડેલું તે તખત ઊધમ ણી તરફ ઊભું કીધું ને તે ઊપર બેઠો અને તાજ ૧ જડાવદાર ઘણુ ચમકતું માથા ઊપર મુકેઊ * અને આફતાબ ઊધમણી તરફથી બાહાર નીકલેઓ તેહે ની રોશની તાજ તથા તખત ઊપર પડી * તે રોશની પડેઆથી ખલકને ૨ બે શુર જની મીશાલે રોશની નજર આવી * તે રોશની જોઈને તમાંમ ખલક ઘણી ખુશાહાલ થાઈ અને કેહેવા લાગી જે, આજનો દાડો નોરોજની મીશાલે છે * અને એ રોશનીને પેહેલવી તથા દરી જુબાંનમાંહાં શેદ કરી કેહેછે * તે થકી જં મની ઊપર શેદ વધારેઊ * તેવારે જંમ શેદ નાંમ ખલકે રાખેઊ તે દાડાથી જંમ શેદ કેહેવાએછે * અને તે દાડે મોહોટું જશાંન કીધું * હવે બીજો નોરોજ એ જે ફરવરદીન મહીનો ને ખુરદાદ રોજનો

દાડો તેહને નોરોજ ખાશો કરી કેહેછે *
એ દાડાનો શબબ એ છે જે જંમશેદ
પાદશાહ એ દાડે બીજી મરતબે તખત
ઊપર બેઠો * અને પોતાની તમાંમ રઈ
અતને કહું જે હકતાલા ઘણો મોહોટો
છે * તેણે તમારી ઊપર ઘણી નવાજશ
કીધી * અને તમોને ઘટેજે પાક પાંણીએ
ગુશલ કરીને ઈઅજદાંના શુકરાંના કરો
અને બંદગી કરો * તેથી એ દીને હર
શાલ તમાંમ આલંમે અમલ કીધો અને
કબુલ કીધું * વાશતે તમાંમ ખલક ફરવ
રદીન મહીનો ને ખુરદાદ રોજ હરશાલ
કરેછે બીજું એ જે પારશીઓના પાદ
શાહ નોરોજ આંમેથીતે નોરોજ ખાશો
શુધી * તમાંમ આલંમની મુરાદ બર લા
વતાં * અને કેદી લોકોને એ દાડા ઊપ
ર ખલાશી આપતા * અને એ દ છએ
દાડામાં ગુનેહગાર લોકોની તકશીર માફ
કરતા * અને ખુશી તથા રાંમશનીમાંહાં
દીન ગુજારતા * હવે તીશો રોજમાંહાં

જે રોજ બાકી છે તેહેની હકીકત*

હોરમજદ રોજની હકીકત*

એ હોરમજદના માંએના ૪ ચાર છે ૧ પેહેલો માંએનો એ જે બેહુ જાંહાંન ના પેદાના કરનારનું નાંમ છે* એ હોરમજદ રોજ આવેછે તે દાહાડે જરતોશતી ફીરકાના લોક દીનનાં ફરમુંદા મુજબ કાંમ કરવુંછે તે કરેછે* ૨ બીજો માંએનો એ જે એ રોજ પેહેલો આફતાબી મહીનાનો છે* એ દાહાડો ઘણો નેક છે એ દાહાડે શફર કરવી તથા નવાં કપડાં વેતરાવવાં તથા ગુશલ કરવું* તથા કાગજ ઊપર મોહોર કરવી તથા એ દાહાડે કરજ નહીં આપવું* એ ઊપર હકીમ ફરદોશી કહી ગીઓ છે જે જે કોઈ દેએ મહીનો અને હોરમજદ રોજની રાતે બાજ ધરીને મેએ ઈઆને દારૂ નોશ કરે* તેહેની મુરાદ ખુદાએ તાલા બર લાવે ૩ તરીજો માંએનો એ

જે એક ખરજીશનાંમનો શીતારો છે તેહે
ને અરબીમાંહાં મુશતરી તથા હીંદીમાં
હાં બરેશપત * તથા પારશીમાંહાં હોરમ
જદ કરી કેહેછે * ૪ ચોથો માંએનો એ
જે અશફંદીઆરના હથીઆરને કેહેછે *

ખુરશેદ રોજની હકીકત *

એ ખુરશેદ રોજના માંએનાં ૮ આઠ છે
૧ પેહેલો માંએનો એ જે એ ફરેશ
તાનું નાંમ છે * એ ફરેશતો ઘણો નુંરમંદ
છે અને તમાંમ જાંહાંનમાંહાં રોશની ક
રવા ઊપર મવકલ છે * અને ખુરશેદના
કાંમની તદબીર જે કાંઈ દીનનાં ફરમુંદા
મુજબ છે તે પારશી લોક કરેછે * ૨ બી
જો માંએનો એ જે આફતાબને કેહેછે *
૩ તરીજો માંએનો એ છે જે અગીઆર
મા રોજનું નાંમ છે તે અગીઆરમો
રોજ કીહો જે * હરએક આફતાબી મહી
નાનો * ૪ ચોથો માંએનો એ જે હર
એક ખાધાની ચીજને કેહેછે * ૫ પાંચમો

માંએનો એ જે આફતાબની જલદ રો શનીને કેહેછે *૬ છઠો માંએનો એજે મજા તથા લીજતને કેહેછે ૭ શાતમો માંએનો એ જે ૧ એક મેહેલનું નાંમ છે *૮ આઠમો માંએનો એ જે ખોરાક તથા કુતનેબી ખુર કરી કેહેછે *

મોહોર રોજની હકીકત *

એ મોહોરના માંએના ૫ પાંચ છે * ૧ પેહેલો માંએનો એ જે એ ચંદરમા હાનું નાંમ છે *૨ બીજો માંએનો એ જે મહીનાને કેહેછે * તરીજો માંએનો એ જે એ ફરેશતાનું નાંમ છે તે ચંદરમા હા ઊપર મવકલ છે *અનેજેવારે એ દાહાડો આવેચ તેવારે જરતોશતી ફીર કાના લોકો દીનના ફરમુંદા મુજબ પહુ ડવું કરે છે *૪ ચોથો માંએનો એ જે એ પારશી લોકોનો બારમો રોજ છે * તે બારમો રોજ કીહો જે હરએક આ ફતાબી મહીનાનો *૫ પાંચમો માંએ

નો એ જે શેહેર તથ મુલકને કેહેછે *

ગોશા રોજની હકીકત *

એ ગોશાના માંએના ૫ પાંચ છે ૧ પેહેલો માંએનો એ જે ગોશાતને કેહેછે * ૨ બીજો માંએનો એ જે જે ઈનશાંન ગુશામાંહાં હોએ તેહેને કેહેછે * ૩ તરી જો માંએનો એ જે એ ફરેશતાનું નાંમ છે તે દુનીઆના કાંમ ઊપર મવકલ છે * ૪ ચોથો માંએનો એ જે એ ૧૪ ચઊદમા રોજનુ નાંમ છે * તે ૧૪ ચઊ દમો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો * અને એ દાડે જરતોશતી ફીરકાના લોકો ઘણી ખુશાહાલી કરેછે અને એ દાડાનુ નાંમ શારશો કરી કેહે છે * ઈઆને મોહોટાં જશાંનને શારશા કરી કેહેછે * એ દાડો ઘણો નેક છે એ દાડે છોકરાંવોને નીશાલે બેશાડવાં * ૫ પાંચમો માંએનો એ જે હરએક કાંમની ઊમેદવારીમાંહાં રેહેવાને ગોશ કેહેછે *

રશાને રાશતીની હકીકત *

એ રશાનેના માંએના ૮ આઠ છે ૧ પેહેલો માંએનો એ જે એ ફરેશતાનુ નાંમ છે * તે અદલ ઈંનશાફના કાંમ ઊપર મવકલ છે અને એ દાડા આવેચ તારે પારશી લોકો દીનના ફરમુદા મુજબ પહડવું કરેછે * અને એ દાડે પોતાના દોશત શાથે મલવું અને શફર નહીં કરવી * ૨ બીજો માંએનો એ જે એ ૧૮ અરાડમા રોજનુ નાંમ છે તે અરાડમો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો * ૩ તરીજો માંએનો એ જે ભારી માવેના ઊંચાં કપડાંને કેહેછે * ૪ ચોથો માંએનો એ જે હાથની આંગલીથી તે કોપડીઆં શુધીને કેહેછે * ૫ પાંચમો માંએનો એ જે જમીન ઊપર ઘણાં મછર પેદા થાએ તે જમીનને કેહેછે * ૬ છઠો માંએનો એ જે ખજુર ઘણું શારૂં તથા શીહા હોએ તેહેને કેહે

છે * ૭ શાતમો માંએનો એ જ પારાને
કેહેછે * ૮ આઠમો માંએનો એ જે કોઈ
તરેહના અંજીરને કેહેછે *

બેહેરાંમ રોજની હકીકત *

એ બેહેરાંમના માંએના ૪ ચાર છે
૧ પેહેલો માંએનો એ જે * એ ફરેશ
તાનુ નાંમ છે * તે શારવે આદમીઓની
ખુશાફશી ઊપર મવકલ છે * તે શારવની
પાશબાંની કરેછે * ૨ બીજો માંએનો એ
જે બેહેરાંમ શેતારાનુ નાંમ છે તેહેને
હીંદી જુબાંનમાંહાં મંગલ કરી કેહેછે *
તે મંગલ ૩ તરીજા મુલક ઊપર મવકલ
છે * તે તરીજા મુલકને ફરદે દફશો કરી
કેહેછે * ૩ તરીજો માંએનો એ જે એ
વીશમા રોજનુ નાંમ છે તે વીશમો રોજ
કીહા જે હરએક આફતાબી મહીનાનો *
જેવારે એ દાહાડો આવે તારે જરતોશતી
ફીરકાના લોકો દીનના ફરમુદા મુજબ
પહડવું તથા ઈજવું તથા જશાંન કરેછે *

૪ ચોથો માંએનો એ જે એક પાદશા હનુ નાંમ છે તેહેને બેહેરાંમ ગોર કરી કેહેછે *

રાંમ રોજની હકીકત *

એ રાંમના માંએના ૯ છે પેહેલો માંએનો એ જે વેહેશી ઈઆને ફાડી ખાનારાં જાંનવરોને જે કોઈ પોતાના કેદ માંહાં રાખે તેહેને કેહેછે * ૨ બીજો માંએનો એ જે એ ફરેશતાનુ નાંમ છે તે આદમીઓના ફેલ ઊપર મવકલ છે * જે કાંઈ દીનનુ કાંમ એ દાડે આવેછે તે મુજબ જરતોશતી ફીરકાના લોકો કરે છે * ૩ તરીજો માંએનો એ જે ૨૧ એ કવીશામા રોજનુ નાંમ છે * તે એકવીશમો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો * એ દાડે કરજ આપવું તથા શફર નહીં કરવી * હકીમ ફરદોશી કહી ગીઓછે જે તુને રાંમ એજદથી હમે શાં રાંમશની હોજો * અને રાંમશની

તથા ખુશહાલી ઊપર હમેશાં રાંમ એ
જદ તાહારો મદદગાર હોજો * ૪ ચોથો
માંઅેનો એ જે શુરું તથા આરાંમ કર
વાને કેહેછે * ૫ પાંચમો માંઅેનો એ
જે રવાં ઈઆને જે ચીજ પાંણીની મી
શાલે ચાલતી હોએ તેહેને કેહેછે * ૬
છઠો માંઅેનો એ જે લડાઈનાં વાજાં
વજાડનારને કેહેછે * ૭ શાતમો માંઅે
નો એ જે ખુશી તથા શાદીને કેહેછે *
૮ આઠમો માંઅેનો એ જે હીંદોશતાં
નનોઃ મોહોટો રાજા થાઈ ગઓ છે તે
હેને રાંમ કેહેછે * ૯ નવમો માંઅેનો
એ જે વેશેઆ લોકો ઊપર આશક પડે
છે તેહેનેબી રાંમ કેહેછે *

હવે એ કીતાબમાંહાં ગોઆદ રોજનો
લુગત નથી * તેથી લખેઆમાંહાં નથી
આવેઓ *

દીન રોજની હકીકત *

. એ દીનના માઅેના રબે છે ૧ પેહે

લો માંઅેનો એ જે એ ફરેશતાનું નાંમ છે *૨ બીજે માંઅેનો એ જે ૨૪ ચોવીશમા રોજનું નાંમ છે *તે ૨૪ ચોવીશમો રોજ કીહો જે હરએક આફતાબી મહીનાનો * એ દાહાડો ઘણો નેક છે એ દાહાડે છોકરાંવોને નીશાલે બેશાડવાં તથા ખેતીઓ દથ ઈઆને કારજનું કાંમ કરવું *

અરશશંગ રોજની હકીકત *

એ અરશશંગના માંએના ૨ બે છે ૧ પેહેલો માંઅેનો એ જે કેહેર તથા ગુશાને કેહેછે અગર જબરથી પહડે તો શબી તથા મીશાલને કેહેછે *અને એ અરશશંગ ફરેશતાનું નાંમ છે *તે દીનનાં કાંમ ઊપર મવકલછે *અને જે કાંઈ દીનનું કાંમ એ દાહાડે આવેચ તે મુજબ પારશી લોકો કરેછે * ૨ બીજે માંએનો એ જે એ ૨૫ પચીશમા રોજનું નાંમ છે તે પચીશમો રોજ કીહો જે

હરેક આપ્તાબી મહીનાનો * એ દાહાડો ધણો નેક છે એ દાહાડે નવાં કપડાં વંત રાવવાં તથા શએર નહીં જાવું * હવે એ કીતાબમાંહાં આશાતાદ લુગત નથી *

આશમાંન રોજની હકીકત *

એ આશમાંનના માંએના ૩ તરંણ છે ૧ પેહેલો માંએનો એ જે પૂરતા આશમાંનને કેહેછે * ૨ બીજો માંએનો એ જે એ ફરેશતાનું નાંમ છે અને એ દાહાડે જે કાંઈ દીનનું કાંમ પારશી લોકોને કરવાનું છે તે કરેછે ૩ તરીજો માંએનો એ જે ૨૭ શતાવીશમા રોજનું નાંમ છે તે શતાવીશમો રોજ કીહો જે હરએક આપ્તાબી મહીનાનો * એ દાહાડો ધણો નેક છે એ દાહાડે દુર શએર જાવું બીજું કાંમ નહીં કરવું *

જંમીઆદ રોજની હકીકત *

એ જમીઆદના માંએના ૨ બે છે

૧ પેહેલો માંએનો એ જે એ ફ્રેશ
તાનું નાંમ છે * એ ફ્રેશતો બેહેશતની
પરીઓ ઉપર મવકલ છે * અને જે
કાંઈ દીનનું કાંમ છે તે પારશી લોક ફ
રમુંદા મુજબ કરે છે * ૨ બીજો માંએ
નો એ જે ૨૮ અઠાવીશમા રોજનું નાં
મ છે તે અઠાવીશમો રોજ કીહો જે હર
એક આફતાબી મહીનાનો * એ દાહાડો
ઘણો નેક છે એ દાહાડે જમીંનમાંહાં
બીજ નાંખવાં તથા ઈમારત બાંધવી *

માહારેશપંદ રોજની હકીકત *

એ માહારેશપંદના માંએના ૩ તરંણ
છે પેહેલો માંએનો એ જે ૨૯ ઓગંણ
તરીશમા રોજનું નાંમ છે તે ઓગંણત
રીશમો રોજ કીહો જે હરએક આફ
તાબી મહીનાનો * એ દાહાડો ઘણો નેક
છે * એ દાહાડે ખેતીઓ દથ ઈઆને
બચાંઓનું કારજ કરવું તથા શાદી કરવી
તથા પોતાના દોશત શાથે બેશવું * ૨

બીજો માંઓનો એ જે એ ફરેશતાનુ નાંમ છે તે પાંણી ઊપર મવકલ છે અને એ દાહાડે જે કાંઈ દીનનું કાંમ આવે છે તે પારશી લોક દીનના ફરમુંદા મુજબ કરેછે * ૩ તરીજો માંઓનો એ જે એક આદરબાદ મારેશપંદ દશતુરનું નાંમ છે *

અનેરાંન રોજની હકીકત *

એ અનેરાંનના માંઓના ૨ બે છે ૧ પેહેલો માંઓનો એ જે એ ફરેશતાનુ નાંમ છે અને નીકાહ ઈઆનેકારજનાં કાંમ એના હાથ ઊપર છે * અને એ દાડે જે કાંઈ કાંમ આવેચ તે દીનના ફરમુદા મુજબ પારશી લોક કરેછે * ૨ બીજો માંઓનો એ જે ૩૦ તરીશમા રોજનુ નાંમ છે તે તરીશમો રોજ હીહો જે હરએક આફતાબી મહીનાનો * એ દાડો ઘણો નેક છે એ દાડે નવાં કપડાં વેતરાવવાં તથા નવાં કપડાં પેહેરવાં તથા નખ

પરેહેજાવાં તથા કરજ આપવું હુકીમ ફૂર દોશી કહી ગીઓ છે તાહારે ઊપર અને રાંન મુબારક હોજો અને તાહારી જુવાંની તથા બુઠાપાને દાડે એ અનેરાંનથી ફતેહ હોજો * હવે એ ફરહંગે જાંહગીરી કીતાબના ૧૨ બારે મહીના * તથા તારીશે રોજ પુરા થાઆ * હવે શરૂ કરૂં છુઊં નજહત અલ કલુબ કીતાબ મધેથી કબીશાની હકીકત *

નજહત અલ કલુબ કીતાબની હકીકત *

કીતાબ ૧ નાંમે નજહત અલ કલુબ ફારશીમાં છે * તે મધે પારશીઓની તારીખ લખેલી દાખલ છે તે ઊપરથી જે કાંઈ કબીશાની જીકર લખીછે * કે પારશીઓની ઈઅજદજરદી તારીખ એ તારીખ ફરતી છે * શાવાશાતે કે મુશલમાંનોનું જોર પેદા થાઆ આગલ પારશીઓના પાદશાહ જે થતા તેહેની જલુશી તારીખ કરતા * ઈઆને પાદશાહને ત

ખતે બેઠાની વરશગાંઠ કરતા* તારે જે
નવો પાદશાહ થાતો તેહેની નવેશરથી
જલુશી તારીખ ચાલતી* અને ઈઅ
જદજરદ શેહેરીઆર છેલો પાદશાહ પા
રશીઓનો થઓ તેની તારીખ દરમી
આંન બાકી રહી* તે વરશનો પેહેલો
દાડો ફરવરદીન મહીનો અને હોરમજદ
રોજ અને મંગલવાર હતો* અને ગરમી
નો હંગાંમ એ વરશના મહીના અશાત
લાહી છે ઈઆને ૩૦ તરીશ દાડાના છે*
અને પાંચ દાડા આવાં મહીનાની પછવાડે
વધારેચ* અને નજુમી લોક પાંચ દાડા
ને અશાપંદારમદ મહીનાની પછવાડે વધા
રેચ* અને પારશી લોકોનો કબીશો મુશ
લમાંની પેદા થઆ આગલ ૧૨૦ એક
શોને વીશ વરશે ૧ એક વરશ ૧૩ તેર
મહીનાનુ લેતા* અને કબીશો બરાબર
કરતા તારે આફતાબની ચાલ કબીશાની
તારીખ બરાબર થતી તે વરશને* મેહે
તરક કરી કેહેતા પંણ મુશલમાંનના પાદ

શાહવોના જમાંનામાં * પારશી લોક પૂરી થી કબીશો કાંમમાં નહીં લાએઆ તેથ કી તારીખ એ લોકની પૂરતી રહી * પુરી થઈ નજહત અલકલુબ મધેથી કબીશા ની હકીકત * હવે શરૂ કરૂં છુઊં બાહાર અલ અંનવાર કીતાબ અરબીની છે તે મધેથી કબીશાની હકીકત લખીછે *

બાહાર અલ અનવારની હકીકત *

એ બાહાર અલઅંનવાર કીતાબમાં ઊશતાદ અબુરેહાંન કેહેછે જે હરએક મહીનાના દાડા પારશીઓના ૩૦ તરીશ છે * ને હરએક દાડાનાં નાંમ જાહેર છે ને તે નાંમોમાં ઊલટું નથી * મગર મહીનાનો પેહેલો રોજ હોરમજદને બેહેરોજબી કેહેછે * અને તેહેકીક આપ તાબી વરશ ૩૬૫ા તરંણ શોને શવાપાં શઠ દાડાનુ છે અને ૩૬૦ તરણ શોને શાહાઠ દાડાના ૧૨ બાર મહીના લીધા છે * અને પાંચ દાડા વરશાની પછવાડે

વધારેલા છે * તેહેને ખુમશે મુશાતરકે કેહેછે * અને પાંચ દાડાનાં હરએક નાંમ જુદાં રાખેલાં છે * અને પા દાડાને માંહેથી નાંખી દઈને એકઠા કરેછે * તે કાંહાં શુધી કે ૧ એક મહીનો તમાંમ થા એ તે મહીનો કેવારે તમાંમ થાએ કે ૧૨૦ એક શોને વીશ વરશ પુરાં થાએ * તારે તે કશારના મહીનાને વરશના મહીના વોની શાથે રાખેછે તે વરશને ૧૩ તેર મહીનાનુ હશાબમાં લીએછે * તેહેનુ નાં મ કબીશો રાખેલુછે * અને વધેલા મહી નાને તેજ મહીનાવોની શાથે નાંમ દીધે લુંછે * એજ તરેહથી હશાબ કરતા તે કાંહાં શુધી કે પારશીઓના પાંદશાહ વોની દોલત ગઈ * તેથી કબીશાનો હશા બ દુર રહો * તેહેનો શબબ એ જે એ કાંમને પાદશાહ લોકો હશાબના કરનારા કીતાબના શાહેબો ઊલમા તથા બુજ રગ લોકોની શાથે મશાવરત કરતા * કે હશાબમાંહાં તફાવત નહીં થાએ *

અને તમાંમ આલંમના લોક જાહેર હી
શાબ કરતા * અને તે વરશમાંહાં બખ
શીશ ઘણી કરતા * કાંહાં શુધી કહેલુંછે
કે હજારાં હજાર દીનાર બખશેશ કરતા *
અને તે દાહાડાને મોહોટું જશંણ જાંણ
તા * તેહેને કબીશાનું જશંણ કરી કેહેતા *
અને કશરના પાદશાહઓએ હરેક દાહા
ડાને વાશતે મુકરર કીધેલુ છે * કે તરેહે
તરેહેનાં પુલ તથા શબજે તે દાહાડે મી
જલશ માંહાં હાજર કરતા * અને પારશી
લોક એમ કરીને કેહેછે * જેવારે જરા
તોશત પેગંમબર શાહેબ આએવા *
અને કબીશાની બીના મુકરર કીધી * કે
હવે પછે એજ રશતા પરમાંણે હીશાબ
ને નીઘાહ રાખે * અને પોતાના દાહાડા
વોને જાંણે * પંણ કબીશાના મહીનાનું
નાંમ જુદુ નહીં રાખે * બલકે તેજ મહી
નાવોના નાંમથી પડવું કરે * અને પાદશા
હીમાંહાં જેવારે કાંઈ ખલલ તથા હાદ
શો પડતો * તેવારે કબીશાને અમલ

માંહાં લાવી નહીં શકતા * અને કબી
શાને કોઈ વખત ઢીલમાંહાં નાંખતા *
તે કાંહાં શુધી કે ૧૨૦ એકશોને વીશ વર
શ પછે ૨ બે કબીશા એકઠા કરતા * અ
ને એહેવું જાંણતા કે કબીશાના વખત
માંહાં હાદશો પડશે * તેઆરે કબીશો ન
હીં થતો * અને તેહેવાર પછે ૫૨ કબી
શાનું વરશ આવતું તેવારે ૨ બે કબીશા
કરતા * જેમકે ઈઅજદજરદબીન શાહા
પુર શાહના * વખતમાં અમલમાંહાં આ
વેલોછે * અને તેહવાર પછે છેલો કબીશો
મુશલમાંની પેદા થવાના શબબથી પાર
શીઓનો પાદશાહ કોઈ રહો નહીં તેથી
બનીશકેઓ નહીં * પંણ એ લોકનો દ
શતુર ઘણો બુજરગ * નાંમે ઈઅજદ
ગરદ હજાશીએ છેલો કબીશો * પાહાડો
માં આવાં મહીનામાંહાં કીધો * પણે એ
શબબથી બાજે લોકો પાંચ દાહાડાને
આંવાં મહીનાની પછવાડે કરેચ પંણ કેટ
લાએક લોકો અશ.પંદારમદ મહીનાની

પછુવાડે વધારેછે તે શાહી છે * એ પુરી થઈ બાહારઅલઅનવાર કીતાબ * મધે થી કબીશાની હકીકત * હવે શરૂ કરૂં છુઊં મીરજા અબદુલા બીન હશંન અલી * અશાપ્હાંની કબીશાની જીકર કેટલીએક દલીલથી લખી ગીઓ છે તેહેની હકીકત *

મીરજા અબદુલા કબીશાની દલીલો લખી ગીઓછે તેહે ની હકીકત *

એ મીરજા અબદુલા બીન હશંનઅલી અશાપ્હાંની * લખેછે જે છુપીઊં કોઈને નો હોજે * કે હીંદોશતાંનના મુલક માંહાં * જરતોશતી ફીરકાને દરમીઆંન * એ લોકની તારીખ બાબે વાંધો પડેઓ છે * કે ઘણા લોક પોતાની દીન તથા ઈબાદત તથા દાહાડાવો પોતાની ચાલતી તારીખ કબીશાની શાથે જાંણેછે * અને કેટલાએક ચંદ નફર કબીશાને ઈંનકાર કરી કેહેછે * કે તારીખ

કબીશાની શાથે આફતાબનો હીશાબ * અને જંમશેદના જમાંનાથી છે * પંણ તેહેકીક નથા હક કોની વાત છે * જે કબીશાને દીનમાંહાં જાંણેછે * પંણ એબાબમાંહાં દલીલો ઘણી છે * અને કબીશો પેદરપે અશલથી શાબેત છે * અને જે કોઈ કબીશાને ના કેહે તેહેને દીનના લોકોની નજદીક દીનદાર નાહીં કેહેવો *

દલીલ ૧ પેહેલી એ છે કે બેશક વરશ પુરતું આફતાબના દોરથી છે * અને આફતાબની ચાલ ઉદપા તરંણશોશવા પાંશઠની છે તે એ લોકો કરેછે * અને એ લોક હરએક મહીના તથા દાડાને ફરેશતાવોની બરાબર જાંણેછે * અને પાદાડા જે કશરને એકટી કરેછે * તેહેને કબીશાની તરેહ ૧૨૦ એકશો વીશ વરશે અમલમાં લાવેછે * એહેની મીશાલ એ છે જે * નજુમી લોકોના વરશાની મીશાલે * પણ પારશી લોકો કબીશાને અમલમાં લાવતા * ને પેહેલો મહીનો ફરવ

રદીન * અને તારપછે બીજી મરતબે અરદીબેહશત * એજ પરમાંણે બારે મહીના પૂરતા * એકુની પછવાડે એક કર તા * અને જે કોઈ પારશીઓના આગલા દશતુરો થાઈ ગીઆ છે * તે લોકને એ કબીશાની હકીકત શરવે માલુમ તથા રોશંન હતી * અને પોતાના દાડા તથા મહીંના * આપતાબી ચાલ ઊપર બરાબર રાખતા * વાશતે હવે જે કોઈ જરતોશતની દીનનો બંદો થઈને * કબીશાને દીનમાં નહીં જાંણે તેહેને દીનદાર નહીં કેહેવો * ખશુશંન મજમુન પારશીઓનુ એ છે * જે વરશ આપતાબી ચાલનુ જરતોશતની દીનમાં શાબેત છે *

દલીલ ૨ બીજી એ જે તમાંમ કીતાબો નજુમનીમાં * તથા તવારીખની કીતાબોમાં * તથા મુશલમાંનની હદીશોમાં * તથા પારશી લોકની કીતાબોમાં * કબીશો લખેલો શાબીત છે * અને કબીશાની તરફથી શક તથા ગુમાંન ના કેહેવાનો ન

થી * શાવાશતે જે કબીશો એ લોકની દીનમાં થતો આવેછે * અને બંદગી તથા દાડા એ લોકના કબીશા શાથે * બંરાબર ચાલેછે * જેમકે જરાતોશત પેગંમબર શાહેબના દોરથી * તે નોશેરવાંનના જમાંના શુધી કબીશા કીધેલા છે * અને તેવારપછેબી બાજે કીતાબોમાં લખેલુંછે જે * પાદશાહ ઈઅજદજરદના વખત માં થોડાએક કબીશો બાકી રહેલો હતો તે તારપછે કે ઈઅજદજરદ હબાશી કે મુબેદાંન મુબેદ ૧ હતો * તેણે કબીશો કીધેલોછે જેમકે એ લોકની દોલતના જમાંનામાં કબીશો થતો * તેવારપછી એ લોકની દોલતનો જમાંનો અરબોના હાથ નીચે બરતરફ થાઓ * તે શબબ થી ઈરાંની પારશી લોકોને કબીશાના હશાબની ખબર બરતરફ થાઈ * વા શતે એ કબીશાની જીકરને જે કોઈ ઈ નકાર કરે ઈઆને ના કહે * અને દીન માં નહીં જાંણે અને આફતાબનો હશા

બ જાંણે * તેહેને પુરો જાહેલ તથા બેશા મજ જાંણવો * પણ તારીખ જંમશેદી કે પા દાડા વધારવો * અને પોહોચવું આપ્‌તાબનુ મેખના બરૂજમાં * કે પંચાંગો બી એ તારીખ શાથે મલેલાં છે * તે એ છે કે દીન જરતોશાનીમાં અને આપ્‌તાબનો હશાબ છે * અને કબીશો જે દીનમાં છે તે એ છે કે ૧૨૦ એકશોને વીશ વરશાની * કશાર મંજુર રાખતા અને ૧૨૦ એકશોને વીશ વરશાની પછવાડે * જે તરેહથી કે જીકર થઈ તે એક મહીનો વધારેચ * એહેવુ નહીં કે હરએક વરશે પા દાડા વધારે પણ એ શખુનને ઊલટી ચાલ ચાલનારા જે કબીશા ઊપર એતબાર નહીં કરતા * તે લોક એટલા વાશતે ઊલટું કેહેછે જે કબીશાની તારીખને * તથા દીનની માંહાં નથી શમજેલા * એટલા વાશતે કબીશાને જંમશેદી હશાબ કરેચ * અગર શમજતા હોએ તો એ વાત નહીં કરે * એટલા વાશતે કે એ

લોક બી કબીશાનો શખુન તથા લફ્જને કબુલ રાખેછે *

દલીલ ૩ તરીજી એ જે તારીખ કબીશાની શાથે પોતાના એકરાર * તથા કબુલીઅતથી શાબેત કરેછે * અને જંમશેદી તારીખ કે આફ્તાબની તેહેકીક પુરી ચાલછે * તે બી શહી અને દરૂશત છે પણ તારીખ કે વગર કશરની * એ ઊલટા લોક કેહેછે તેવારે તારીખ તરીજી થાએય તે શરવથી બાતલ છે એટલા વાશતે કે * એ લોકના એકરાર પોતાના એ ઊપર છે કે ૨ બે તારીખથી જીઆદે નહીં * એક દીન મજહબથી અને એક જંમશેદથી * અને એ ઊલટા લોકો પોતે બી એજ ૨ બે તારીખ ઊપર અમલ કરેછે * પછે અગર એ તારીખ ૩ તરીજીવગર કશર દરૂશત તથા શહી છે * તારે શાંવાશતે ૨ બે તારીખ ઊપર અમલ કરેછે * અને તરીજી તારીખ ગલત અને ખોટી છે અને તેજ ૨ બે તારીખ

દરૂશત છે તે શાબેત થાએછે *

દલીલ ૪ ચોથી એ છે જે એ લોકની દીનની ચાલ માંહાં જે મહીના અને જે દાહાડા * જે નાંમ રાખેચ તે નાંમ ફરેશતાઓનાં છે * તે દીન મજહબથી છે અને બંદગી તે દાહાડાવોની શાથે છે * અને મહીના તથા દાહાડાનાં નાંમ એ લોકની ઈબાદતમાંહાં આવેછે * જેંમ કે તમાંમ કીતાબો માંહાં જાહેર કીધેલું છે * પછે એજ તારીખ કબીશાની દીન તથા મજહબથી છે * અને બીજા ઈંનકાર કરનારા બેશમજથી નાં કેહેતા હોશે *

દલીલ ૫ પાંચમી એ જે જાંમાશપી નાંમા માંહાં કબીશો * તેહે ઠીક દીનની શરતથી લખેલો દાખલ છે * અને એ દીનમાંહાં કોઈ જાંમાશપીને ના કહી શકતા નથી * અને એમબી માલંમ થાએછે જે એ મહીનાનો તફાવત વગર ઘટ વધથી શબબ કબીશાનો છે * તેમાંહાં શાક અને શુબે નથી * અગર જો શાક હોએ

તો ઘટ વધ હોએ * એક મહીનો જે બરા બર છે એ શબબ કબીશાનો છે * જેમકે કબીશો શાબેત થઓ ઊપર લખેલી ૬ લીલોથી * વાશ્તે કોઈ શખશ કબીશાને ના કેહે અને દીનમાંહાં નહીં શમજે તે હેને પુરો જાહેલ અને બે ખબર જાણ વો * અને એ લોકની દીનમાંહાં તેહેને નાંહીં જાણવો * અને કોઈ શખશ કે ક બીશાને દીનમાંહાં એતબાર કરે તરીકો તેહેનો શહી તથા દરૂશત છે * શાવાશ તે કે એ દીનમાંહાં કબીશો શાબેત છે * તારીખ ૨૨ માહે જમાદીઊલ અવલ શને ૧૧૮૧ હીજરી મુતાબક ૫રવરદીન મહીનો અને હોરમજદ રોજને દીવશે એ મેહેજર શુરતના નવાબને લખી આપી ગીઓ * તે મુજબ તરજુમો કી ધો છે * અગર કોઈ શાહેબને ખાહેશ પડે તો ફકીર પાશે તે ફારશી મેહેજર મોજુદ છે * તે આવી પોતાની નીશાં લીએ * હવે શરૂ કરૂ છુઊં શદરે બુનદ

હુશને * તથા બીજી જીકરની હકીકત *

શહેરે ખુનદહુશનેની હકીકત *

એ શહરે ખુનદહુશનેની પાજંદ જુબાં
નની કીતાબ માંહાં લખું છે * જે આફતા
બી ચાલ વરશ ૧ ની ૩૬૫ા તરંણશોને
શવા પાંશોટની છે * અને એ કીતાબ
મધે લખું છે જે તીર મહીનાંનાં * ગંહું
બારથી દાહાડો ઘટતો જાએ છે * અને
દેઅ મહીનાનાં ગંહુંબારથી દાહાડો વધે
છે * તથા ફરવરદીન મહીનાથી ૭ શાત
મહીના ગરમીના લખેઆ છે * અને
આવાં મહીનાથી ૫ પાંચ મહીના ટા
હાડના લખેઆ છે * અને હવડાં તે
મોશંમ લખેઆ મુજબ નથી * અને એ
કીતાબ ખુનદહુશની જે હાલ ગુજરાતી
ભાશા માંહાં છપાઈ છે * તે મધે શુરજ
ની ચાલ વરશ ૧ એકના દાહાડા ૩૬૫
તરંણશો ને પાંશોટ લખેઆ છે * તેમાં
કાંઈ વતુંબી નહીં ને ઓછુંબી નહીં

છાપેલી છે * તે કાંઈ માલુંમ પડતું નથી
ખુદા જાંણે ભુલથી છાપેલી છે કે અથવા
રાખેલી વાત છે * પણ તેહેકીક અશલ
પાજંદ કીતાબની શાહેદીથી કશાર રાખેલી
માલુમ પડેછે * તેનો શબબ એ જે ઈ
રાંનનો દશાતુર રૂશતંમ બેહેબાદે * જંદ
વશતાની કીતાબોથી પારશી જુબાંનમાં *
નજંમ કરીને શદર કીતાબ કીધેલીછે *
તે મધે શો ૧૦૦ દરવાજા છે * તેહેના ૩૯
ઓગંણચાલીશમા * તથા ૫૪ ચોપંન
મા * તથા ૮૪ ચોરાશીમા * દરવાજામાંહાં
કેમના મજદાની બીના લખેલી છે *
પણ બેશમજ લોકો બેહેદીનોને જંદ
અવશતા જુઠા શંમજાવીને શરોશબાજ
પહડેછે * તથા પહડાવેછે * અને કીતા
બોમાં ઊલટું છાપેછે * તેહેનુ જાંણવું એ
જે કીતાબ ૧ એક દબશતાંન અલ-મજા
હેબ છે * તેહેને દશાતીર બી કેહેછે *
તે કીતાબ પારશી જુબાંનમાં * છાપેલી છે
તે મધે ૧૪ ચઊદમી નજરમાં જરાતો

શાત પેગંમબર શાહેબની દીનની- હકીકત છે * તેમાં શદર છાપેલી છે * તે મધે ઊપર લખેલા દરવાજામાં કેમના મજદા શાપ્ર છાપેલા છે * અને હાલ વરશ ૧૧ ઊપર તેજ પ્રારશી કીતાબનો તરજુમો * ગુજરાતીમાં કરી છાપો છે તે મધે શારોશા બાજ છાપી છે * વાશતે દશાતીર કીતાબ જે પ્રારશીમાં છાપેલી છે તે કીતાબ મીશતર રોમર શાહેબ પાશે છે તેની નકલ પ્રકીર પાશે મુજુદ છે * અને પુન દહશાને કીતાબમાં પા દાડાની કશાર કાહાડી નાંખી * ને શુરજની ચાલ નકી તરણશો ને પાંશઠની છાપેલી છે * વાશતે તેહેકીક જુઠું છાપીને લોકોના દીલમાં શક નાંખેછે પણ જે દાંનાવ શાહેબ લોકોને એ વાતની નીશાં લેવી હોએ તો અશલ પાજંદની કીતાબ પણ પ્રકીર પાશે મોજુદ છે બીજું એશમજ લોકો વીલાએતના દશાતુરોને નાંમથી રેવાએતો પોતાને હાથે લખી કાડીને હીંદોશતાંનના બે

હેદીનોને ઊલટું શમજાવેછે * તેહેનુ જાં
ણવું એ જે વીલાએતના દશતુરો લખે
છે જે * હમારે નાંમે કાગજ પતર જે
કોઈ દેખાડે તે કાગજ ઊપર હમારા દશ
તુરાંન દશતુરની શહી હોએ તે મંજુર
રાખવો * અને તે ઊપર શહી નહીં હોએ
અને કોઈ વીલાએતથી આવી જુઠું શં
મજાવે તે મંજુર રાખવું નહીં * અગર
કોઈ શાહેબને એ જીકર જોવી હોએ તો
ખરજોર કાંમદીન વાલી રવાએતમાં જો
ઈ પોતાની નીશાં લીએ * બીજુ એ જે
જે કોઈ આપની પાક માજદીઅશની
દીનમાં કબીશાને ના કેહે તેહેને બે અક
લ અને બે ખબર જાંણવો * શાવાશાતે
જે આપની જંદવશતા માંએનીમાં કબીશા
ની કશર પહડામાં આવેછે * તેહેનુ જાંણ
વું એ જે રપીથવંનની આફ્રીનમાં કશ
રનો દાખલો છે તેની વીગત એ પ
રમાંણે છે *

રપીથવંની આપ્રશીંના માંએના શાથે તેની વીગત*

અનાજેર બાદ* ખુરદાદ અંમશાશપંદ* રદે શાલાંન* વ માહાંન* વ રોજાંન* વ જમાંન એહેની માંએની એ જે* ખુરદાદ અંમશાશપંદ* બુજરગ વરશનો* તથા મહીનાનો* તથા દાડાનો* તથા કશારનો શાહેબ છે તેહેની શાથે હંમજોર હોજો* એ બાબે કોઈ શાહેબને શક પડે તો* કોઈ દાંનાવ દશતુર ઈઆ મુબેદને પુછી પોતાની નીશાં લેવી* વ જમાંન* તે શાંનો કેહેછે એ ઊપર બી એક દલીલ જાંમાશપી કીતાબથી આ પુંછુઊં*

કીતાબ ૧ નાંમે જાંમાશપીની હકીકત*

આખર હજારાની હકીકતમાં લખેઊં છે જે* હોશેદર માહા તથા હોશેદર બાંમી* તથા શોશીઓશ આવશે* એ

શોશીઓશની શાથે દાદાર હોરમજદ ઈજશાને કરશે * અને શારવે ગુજરેલાં રવાંનો જીવતાં કરશે * તારપછે કબીશો નહીં કરશે * ઈઆને હવડાં જે કબીશો છે તે તેવારપછે નહીં થાશે * ઈઆ ને કશાર નહીં થાશે હવે રવાએતોની હ કીકત શરૂ કરૂંછુઊં *

કેટલીએક રવાએતોની હકીકત *

હવે જે ઈરાંન તથા હીંદોશતાંનમાં દીન મજહબ ચાલેચ તેહેની હકીકત એ જે* આજના જમાંનામાં હીંદોશતાંનમાં જ રતોશતી ફીરકામાં જે દીન મજહબનુ કાંમ ચાલેછે * તેવું કાંમ ઈરાંનમાંહાં ચાલી શકતુ નથી * અને ઈરાંનના મુ લકમાં આજના જમાંનામાં કોઈ પારશી ૧ એક આદશીઆંન બનાવી શકતા ન થી * અને બેશમજ ઈરાંની જહુશી રશાંમ પકડીને પોતાને મોડે કદીમી,બો લેછે * પણ જે કોઈ પોતાને મોડે પો

તાની ખુજરગી કરે તેહેને જુઠો જાંણ
વો * અને કીતાબોની રૂએ કદીમ હોએ
તેહેને કદીમી શમજવો * અને દીનનો
મરતબો હીંદોશતાંનમાંહાં છે * તેહેવો
ઈરાંનમાંહાં નથી * શાવાશતે જે મુશલ
માંનોના જોરની આજુદગીના શબબથી
દીનનુ કાંમ ચાલી શકતું નથી *
અને કેટલાએક લોકો બે ખબર બોલેછે
જે * જેવારે ઈરાંનમાંહાં દીનનો મારગ
તથા હક શુબે નથી * તેવારે હીંદોશતાં
નથી માંણશ મોકલીને દીનની વાતો શું
કરવા પુછાવી છે * તેહેનું જાંણવું એ જે
જે કોઈ દાંનાવ તથા અકલમંદ * દીનની
કીતાબો પહડેલો હોએ તે દીનની વાતો
પુછે તથા પુછાવે છે * અને જે કોઈ બે
હોશ અને બે ખબર હોએ તે શું પુછે
તથા પુછાવે * તેહેકીક પુછનાર શખશને
દીનદાર તથા ખબરદાર જાણવો * એ ઊ
પર એક બેતની મીશાલ આપી છે કે જે
કોઈ દીનની વાતો પુછે * તેહેનો મરત

ઓ શ્રી જરાતોશત પેગંમબર શાહેબના જેહેવો જાંણવો * ઈ આને પેગંમબર શાહે બે દાદાર હોરમજદને પુછેઊં * તેહેવારે ઘણો અકલમંદ તથા મોહોટા મરતબાનો કેહેવાઓ * તે થકી આપણા જે કોઈ હીં દોશતાંનમાંહાં કાબેલ દીનદાર તથા ખબરદાર હતા * તે લોકોએ વીચાર કીધો જે ઈરાંન માંહાં આપણો જરતોશતી ફીરકો શી રીતે ચાલતો હશે * તે લોકોનો મારગ જોઈએ અને દીનની વાતો પુછાવીએ * એહેવો વીચાર શરવ અંજુમને કીધો * તેહેવારે પારશી ૧ નાંમે નરીમાંન હોશગ ઘણો કાબીલ હતો * તેણે ઈરાંન જવા ઊપર કમર બાંધી તેહેવારે પારશીમાંહાં કાગજ તાંહાંના દશતુરો ઊપર લખેઆ * તે મધે કેટલીએક વાતો દીનની શાએશતે તથાં નાશાએશતે લખી આપી * તે બેહેદીન ઈરાંન ગીઓ તાંહાંના દશતુરોને નાંમું આપેઊં * તે વાંચી વાકેફ થઈ નરીમાંનને કેટ

ક્ષાએક દાહાડા રાખેઓ પછે નાંમાનો
જવાબ લખી આપી હીંદોશતાંન વદેઆ
કીધો * તેનાંમાનો જવાબ હીંદોશતાંનના
દશાતુરોને આપેઓ * તે મધે લખેઊં
હતું જે શાદ હજાર આફરીન હોજો *
કે તંમો જે જરતોશતી ટાલો છો તે ઊ
પર * કે આંજ દીન શુધી અંમોને એહે
વી ખબર નહીં હતી જે તંમો હીંદોશ
તાંનમાંહાં એહેવો ટાલો શાબેત દીન શા
થે છો * તેથી હમારો જીવ ઘણો ખુશ
હાલ થાઓ * તેહેવાર પછે જે શવાલના
જવાબ લખેઆ હતા તે મધે કેટલા
એક જવાબ રાહાશાર વાજબી હતા * તે
રવા રાખિઆ અને કેટલાએક જવાબ બે
મુનાશબ હતા તે કાહાડી નાંખેઆ * અ
ને બીજું લખેઊં હતું જે અંમારે ઊપર
મુશલમાંનોનો જુલંમ ઘણો છે * કેહી મી
શાલે કે એહેવો જુલંમ જોહાક તાજીનો
નહીં * તથા અફરાંશીઆબ તુરકીનો ન
હીં * તથા તુર બરાતુરનો નહીં તેહેવો

વધુ જુલંમ અંમારે ઊપર છે * તેથકી અંમારે હાથ દીનનું કાંમ ચાલતું નથી વાશતે ચારનાચાર ચલાવીએ છઈએ * હેવું ઘણું લખેઊં હતું તેહેવાર પછે નરીમાંન હોશંગ ૨ બે મરતબે જઈ આ વેઆ * તે વગેરે બેહેમન પુજીઆ * તથા કાંમાં વોહોરા * તથા કાંમદીન શાહાપુર વગેરે કેટલાએક પારશીઓ જઈ આ વેઆ છે * તે લોકોબી રાવાએતો લાવે આ * તે રવાએતો ૨૨ બાવીશ આવી છે * અને જે કાંઈ પેહેલી વાત પુછા વી તેહેનો જવાબ આવેઓ * અને તે જ જવાબ બીજી મરતબે પુછાઊઓ * તેહેનો જવાબ બીજી તરેહથી જુદો આ વેઓ * તેવારે આપણા હીંદોશતાંનના બુજરગોએ વીચાર કીધો જે * ઈરાંનમાં દીનનો કીશો હકશુબે નથી અને તાંહાં કાંઈ દીનનો મારગ નથી * એહેવું ચોક શ માલુમ પડેઊં અગરચે કોઈ શોહે બને એ રવાએતોથી નીશાં લેવી હોએ

તો* નવશાઝીના દશતુર હોરમજદીઆ રવાઓ ખુમશાની કીતાબમાં જોઈ પોતાની નીશાં લીએ* અને ઊપર લખેલા બેહેદીનો ઈરાંન જઈ આએઆ* તે લોકોએ ઈરાંનના પારશીઓની તારીખ ઊપર અમલ કીધો નહીં* શાવાશતે જે તે તારીખ જશુશી જાંણીને રવા રાખી નહીં* તે લોક બેહુ તારીખથી વાકેફ થએલા હતા* તે શબબથી હીંદોશતાંનના પારશીઓની તારીખ રવા રાખી* તે મીશાલે દાંનાવ શાહેબ લોકોને લાજંમ છે* જે પોતાની કદીમ રાહ ઊપર ઊશતવાર રેહે નહીં કે કોઈ બેખબરના ફરેબથી એકલ કાંહાંની શાંભલીને કદીમ રાહ મુકી દીએ*

આપણો ફીરકો ઈરાંનથી હીંદોશતાંન આવેઓ તેહેની હકીકત*

" આપણો જરતોશતી ફીરકો ખુરાશાંનના રેહેનાર* નજુમ તથા દીનમાં ઘણા

કાએમ* અને ખબરદાર હતા તે લોકો ને જંદવશાતા તથા જાંમાશપી કીતાબોથી ખબર હુતી * જે મહુમદ પેદા થાશે તેથી આપણી પાદશાહી જાશે * અને આપ ણો મુલક અરબોના હાથ નીચે વેરાંન થાશે * તેથકી આપણી દીન મજહુબ રે હેશે નહીં * એહેવું જાંણીને પાદશાહ ખુશરો પરવેજના વખતમાં પોતાની દીનની આલાત * અને તમાંમ કીતાબો લેઈ પાદશાહી છતાં * ખુરાશાંનથી નીક લેઆ તેને આજદીન શુધી * ૧૨૪૪ બારશો ચુમાલીશ વરશ થઆંછે * અને એ ફીરકો શહીશબાંમત બાખુશીથી પા હાડોમાં આવી રહો * તે જગો ઊપર દીન શાથે કાએમ વરશ ૧૦૦ એકશો શુધી રહા * અને આપણો છેલો પાદશાહ ત ખતે બેશશે તે ૪૯ ઓગણપચાશ વર ૧૦ શ * અગાઊ આપંણ લોક ખુરાશાંનથી નીકલેઆ * તારપછે પાદશાહ ઈઅજદ જરદના વખતમાંહાં કબીશો પડેઓ * તે

છેલો કબીશો આવાં મહીનામાં આવે ઓ તેથી તે કબીશો પાહાડોમાં કીધો * મોબેદ એજદેજરદ હજારી નાંમનો * ઘણો કાબેલ ઊતો તેની પાશે હશાબથી નકી જોઈને કબીશો કીધો * અને ઈરાંની પાદશાહથી બની શકેઓ નહીં * એ પાદશાહ અરબશતાંનના પાદશાહ શાથે લડતો હતો * તે શબબથી કબીશાનો હશાબ બની શખેઓ નહીં અને આપણા ફીરકામાં કબીશાનો હશાબ કરીને મુબેદ ઈઅજદજરદ હજારીએ કબીશો કીધો * તેવારપછે ઈરાંનથી પાહાડોમાંહાં ખબર આવી જે * ઈરાંનનો પાદશાહ નાઠો અને અરબોએ પાદશાહી લીધી * અને પારશીઓની આલંમ દોલત તમાંમ થાઈ * અને શાહાજાદાવોને કેદ કીધા એહેવી નાખુશ ખબર શાંભલી * ને જાંમાશપી તથા દીનની કીતાબો ઊપર શદ હજાર આફરીન કીધી * અને કહું જે આપણા લોકોને કાંઈ નુકશાંન પોહો

ચનાર નથી * હવે ઈરાંનના તખત ઊપર
અરબનો પાદશાહ ઊમર ખતાબ નાંમ
નો બેઠો * અને શાહજાદાવોને પોતાની
નજદીક કેદ રાખેઆ * અને હોરમજદ
નાંમનો શાહજાદો ૧ એક હતો * તેહેને
ઊમર ખતાબે કહું જે તુંને જે જોઈએ
તે માહારે પાશેથી માંગ * તારે શાહ
જાદાવોએ વેરાંન જગો માગી * તારે
ઈરાંનના કુલ મુલકમાંહાં ખબર મંગા
વી * પણ વેરાંન જગો કોઈ શેહેર અ
થવા ગાંમમાં મલી નહીં * તારે પાદશા
હે કહું જે ખરાબી શી ચીજ છે * તમો
માહારેથી આબાદી ધુંડો * તારે શાહા
જાદાવોએ એ લોકની શુમીઅતનો એહે
વાલ જામાશપી કીતાબથી તમાંમ બઆં
ન કીધુ તેથી પાદશાહ ઘણો શરમીંદો થઓ
અગરચે એ શાહજાદાવોનો કીશો લખું
તો લંબાંણ થાએ * તેથી મુખતેશર કરૂં
છે હવે મુશલમાંનનો દોર મુલકમાંહાં
ફેલવા લાગો * તેવારે આપણા ફીરકા

માંહાં નજુમી લોકો હતા * તે લોકોએ રમલ નાંખેઓ તેથી એહેવું માલુંમ પ ડેઊં * જે આપણો મજહબ હીંદોશતાં ન શેવાએ બીજી જગો રેહેનાર નથી" * તેહેવારે શારવે લોકો એકદીલ થઈ પાહા ડોમાંથી નીકલેઆ * તાંહાંથી હોરમજદ બંદર આવી પોંહોંચેઆ * તાંહાં વરશ ૧૫ પંદર રહા તે વરશ ૧૫ રહીને દરીઆ ના બારકશો તઈઆર કીધાં * તે બારક શોમાં બેશીને દીવ બંદર આવી પોંહોંચે આ * તે દીવ મધે વરશ ૧૯ ઓગણીશ શુધા રહા * તાંહાં હીંદોશતાંની જુબાંન તથા શેહેશાકરતનો ઈલંમ શીખેઆ * પંણ તાં હાં ફીરંગીના અમલના શબબથી * દીન નો મારગ શાફી પઠે ચાલી નહીં શખે આ" * તેહારે નજુમી લોકોએ ફરી રમલ નાંખી જોઊં * જે આપણો મજહબ હીં દોશતાંનના કીહા ખંડમાંહાં રેહેશે" * તે હારે રમલથી માલુમ થઊં જે હીંદોશતાં નના ગુજરાત ખંડ શીવાએ આપણો ધ

રંમ બીજી જગે રેહેશે નહી * તેહારે શ
રવે ટોલા જહાજમાંહાં બેશી શંજાંન બં
દરે ઊતરેઆ" પંણ એ શંનજાંણ આવતાં
દરીઆમાંહાં તુપાંન લાગું * તેહેવારે શર
વે લોકોએ ખુદાએ તાલાની બંદગી કરી
ને દોઆ માગી * અને બેહેરાંમ એજદ
ને આરાધેઆ * અને તાંહાં કરાર કીધો
જે આપણે શરવ શાહી શલાંમત ઊતરી
ને શ્રી આતશ બેહેરાંમ પરઠવા * તથા
હમેશાં બેહેરાંમ રોજને દાહાડે બાજ ન
થા આપરંગાંન કરાવવાં * એહેવું કબુલ
કીધાથી તોપાંનનો પવંન તુરત બંદ થઓ
અને શાહી શલાંમત શંજાંણને બંદરે ઊ
તરેઆ" તે શંજાંણમાંહાં રાજા ૧ જાદી
રાંણા કરીને હતો * તે રાજાને બંદર ઊ
પર બારકશો આવેઆની ખબર થઈ *
તેથી રાજાએ હુકંમ કીધો જે વાંહાંણો
ઊપરથી કોઈ ઊતરે નહી પંણ ચાર જંણ
જે ઘણા દાંનાવ હોએ તે માહારી પાશે
આવે * તેહારે ચાર મુબેદો ઊતરીને રા

જાની નજદીક ગીઆ * તેહેવારે રાજાએ પુછેઊં જે તંમો કોણ લોક છેઓ * અને શાવાશતે આવેઆ છેઓ * તેહારે પેલા મુબેદોએ જવાબ દીધો જે અંમો પારશી લોક છઈએ " * અને હવડાં અંમારા ઈરાંનના મુલકમાંહાં જવંન ઈઆને મુશલમાંન પેદા થાઆ છે * તેથકી અંમારો ધરંમ જાલવવા શારૂ તાહારા મુલકમાંહાં આવેઆ છઈએ * અને અંમારો ધરંમ ઘણો પવીતર છે * તે જવંન લોક મુકાવેછે * અને પોતાનો ઊલટો મારગ બતલાવે છે વાશતે અંમો તાહારા ધરમ રાજના છાઆ તલે આવેઆ છઈએ * તેહારે રાજાએ પુછેઊં જે તંમારો ધરંમ કેહેવો એક છે * જે પોતાનો મુલક મુંકીને અહીં શુધી આવેઆ છો * જે તંમારો ધરંમ હોએ તે અંમને બતલાવો * તેહારે પેલા મુબેદોએ દીવશ ૪ ચારની મેહેતલ માંગીને કહું જે દીન ૪ ચાર પછે અંમારો ધ

રમ બતલાવીશું * તારે મુબેદ આગા એ આપણી દીનનો રવાજ * શેહેશક રત ભાશામાં લાવી ૧૬ શોલ અશલોક તઈઆર કરી * રાજાની શભામાં જઈ જરતોશતની દીનનો આચાર બતલા બેઓ * તે અશલોક નીચે અરથ શુધાં લખેઆછે તે વાંચી માલુમ કરવું *

---

૧ અશલોક પેહેલો *

શુરીઅન ધેઆએનતી * એવઈ હુત વઅ મનીલંમ * ભુમી આકાશ માદેઅં મ * તોએશંમ પંચ તતવંમ * તરીભો વંન શદનંમ * નીઆએશ મંતરઈ અ શતરી શંધંમ * શરી હોરમજદ શુરેશં મ * બહુ ગુણ ગરીમાનમ * તમેકાંત કેર પાલંમ * ગઊરા ધીરા શોવીરા બહુબલ નલેઆ શેતે વઅંમ પારશીકા *

૧ પેહેલા અશલોકનો અરથ *

શુરજનુ ધેઆંન ધરનારા * તથા અગ

નીની પુજાના કરનારા* તથા ભોમી તથા
આકાશ* તથા પાંણીને માંનનારા* અને
નીઆએશનુ મંનતર જે છે તે દાડામાં
તરંણ વખત ભંણનારા* અને પાંચે પરે
શતાથી આશમાંન તથા જમીન તથા
પાતાલ છે* અને શરી હોરમજદ જે
શરવે પરેશતાવોનો શરદાર છે* તે ઘણો
ગુણે ભરેલો* અને જગતનો પાલનાર
તેહેનુ ધચ્આંન ધરનારા* અમો ગોરા
તથા ધીરા તથા શુરા તથા બલવંત પાર
શી છુઈએ*

---

૨ અશલોક બીજો*

અશનાંને ધચ્આંને શો પાટે* હુતવહ-*
હવને પરાશને તશરગ-કાલે* શાશતરો
કતંમ મઉન* મારગંમ નીજ ગુરૂ વીહ
તંમ* નાંનાં ધુપઈ શો પુશપઈ વરફલ
નીચઈ* પુજેજંનતીહા ઘેનુ* ગઉરા
ધીરા શો વીરા* બહુ બલ નલેઆ શાતે
વેઅંમ પારશીકા*

૨ બીજા અશલોકનો અરથ*

નાહાતી વેલા * તથા પરમેશવરની ભગ
તી કરતાં ધચ્આંન રાખીને ભણવું કરે છે *
તથા આતશની નીઆએશ કરતાં * તથા
જંમતાં તથા પીશાબ કરતાં * શાશતર
ની રૂએ ગરૂના હુકમ પરમાણે * એ
શાતે જગો ઊપર બાજ ધરે * અને શુ
ખડ લોબાંણ તથા અગરની ખુશબોએ
કરીને * તથા ઘણાં પુને કરીને તથા શારાં
ફલે કરીને ગાએની પુજા કરે છે * તે અ
મો ગોરા તથા ધીરા તથા શુરા * તથા
બલવંત પારશી છુઈએ *

---

૩ અશલોક તરીજો *

રમેઅંમ શવાગોશો * વશતરંમ કવી
ચ * ગુણ મઅંમ કંચુકંમ * એદરંતી
ઈ ઊકતા * મુરનાશો પુશતી * મણીમુખ
શમતંમ * બંધનંમ શરવ * કેટેઆંમ મુર
દાનં * ચીતરા વશતરે * પટ જુગલ લલે
છુંદીઅંનતીહા * નીતઅંમ ગઊરા ધીરા

શોવીરા * બહુ બલ નલેઆ શતેવઅંમ પારશીકા *

૩ તરીજા અશલોકનો અરથ *

જે પોતાને અંગે બખતર ઈઆને શદરો પેહેરે * અને કંમરે શારી ઊન ની પવીતર કુશતી * શાંપનાં મોડાં જેવી બાંધેછે * અને માથું બેવડી ટોપીથી ઢાંપેછે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઈએ *

---

૪ અશલોક ચોથો *

એન માંગલંમ * વીવાએ તવથ શુભ દીવશે * શુત શવંમ ગીતા * વાદીઅંમ શરી ખંદાતેઅંમ * શુધંનદંમ વપુશી એ વતઈ * ઓધારીઅંઈ અંતીહા * એ શાંમ આચાર એપવીતરા * બહુ ગુણ વીધઈ ઓ રંમએ શાશતરા અરથ ઈ ઊ કતા * ગઊરા ધીરા શોવીરા * બહુ બલ નલેઆ શતેવઅંમ પારશીકા *

૪ ચોથા અશલોકનો અરથ*

એના ઘરમાં લગંણને શારે દાડે ગીત ગાવાં* તથા તાશાં નગારાં વાગેછે* અને એનુ કાંમ શરવ પવીતર છે* અને એની અશાતશીઓ* અંગે શુખર તથા હુરએક તરેહની ખુશબો લગાડેછે* અને એનાં શાશાતરની રીતનાં ગુણ ઘણાં છે* તે અંમો ગોરા તથા ધીરા* તથા શુરા તથા બલવંત પારશી છઈએ*

———◦◦———

૫ અશલોક પાંચમો*

એશાંમ ગહેશુરમંમ* ચધુરા રશામંમ ચાંનદાંનંમચ* તીતંમ કાશારંમ કુપ વાપી* ધરતર કરતંમ* દાંન મેખી પરકારમ* વશાતરાદંમ દરવદાંનંમ* દવી શાવર ગુણી નાંમ* શરવ દાએ ચરંતી ગભીરા ધીરા શો વીરા* બહુ બલ નલે આ શતેવઅમ પારશીકા*

૫ પાંચમા અશલોક નો અરથ *

જેના ઘરથી અંનની શખાવત થાએ છે * અને તલાવ તથા કુઆ તથા વાવ બંધાવે છે * અને વશાતર તથા દરવ બહુ ગુણ વાલા બરાંમંણને આપે છે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા * તથા બલવંત પારશી છઈએ *

---

૬ છઠો અશલોક *

ઈઆ દરકા હરશો * વીશાદ શુખમ શુખ મહો * ગનેઆંન મણીનેચ ઈઆદ રક * ધરમ ધંરમ ણીચઈ આદરક વીમલ * પુલ કરતઈ આ ણીરધા ધશમાચ ઈઆ * ઈઆદરક દુતી તીમીઝીચ * એણી શરશ તીરાંમહા * કારણી એશાંમ મારગોવતઈ * વદઈ નરવર * પોરૂશો ગણીરા ધીરાશો વીરા * બહુ બલ નલેઆ શતેવંઅંમ પારશીકા *

૬ છઠા અશલોકનો અરથ *

જેહેવો હરખ ને કલેશ * જેહેવું દુખને

શુખ * જેહેવું ગનેઆંન ને અગનેઆંન * જેહેવો ધરંમ ને અધરંમ * જેહેવો આરોગ ને રોગ * જેહેવું આકાશ ને પરથવી * જેહેવું અજવાલું ને અંધારૂં * જેહેવી શારશાટી ને મરકી * તેહેવાં અંમો પુરશ ને નારી * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા * તથા બલવંત પારશી છુઈએ *

---

૭ અશલોક શાતમો *

ગો-મુતરઈ મંનતર * પુતઈ શારદવન મીતઈ * શાતરી પએ પાંન શુધઈ * બાજંત શાનાંન * મુક્તંમ તદનો પરીવીરતા * મધે દેશેચ મુદરા * બાજંત નીદરા * ચંન જપ કરનંમ * દેવ પુજાદી કારીઅંમ * એશાંમ મારગે * હીતતવંમ * શાતતવંમ બઅદચ * ગણીરા ધીરાશો વીરા * બહુ બલ નલેઆ શાતેવઅંમ પારશીકા *

૭ શાતમા અશલોકનો અરથ *

જેના મારગમાંહું ગો મુતરે કરીને મં તર ભણીને નાહાવું કહું છે * અને કેડે કુશતી રાખવી * અને કુશતીવના ઊંઘવું નહીં અને જપ ન કરવો * અને કુશતી વના શાહેબની શેવા ન કરવી * અને જે હેના મારગમાંહું મરે તેહેની પરી પેદા એશ નહી * એ તતવ છે તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પાર શી છુઈએ *

---

૮ અશલોક આઠમો *

કાશટઈ શટમાશ શુશકઈ * રગરૂમ અજઈ કાશટ * કરપુર ધુપઈ હોમશ * આત પંચ કાલેમ * પરતીદીન મુદી તઈ રખશારઈ * મંનતર ઈ ઓકતઈ * તીર વાંનંમ વનીર * વતંમ ધંનનીચએ * નો ઈ ઊ ગાંનતે પી અઈઆ * ઈ આતશ તમને * આઈક નીશટા નચઈ * વતીર તથા ગઊરા * ધીરા શો વીરા બહુ બલ ન

જેઆ* શતેવઅંમ પારશીકા *

૮ આઠમા અશલોકનો અરથ *

છ મહીનાનાં શુકાં અગરનાં* તથા મરીઆગનાં તથા શુખરનાં લાકડાંનો * તથા કપુરનો ધુપ પાંચ વેરા કરે * અને પાંચ વેરા મંતરના અખશર જાણીને હોમે* અને અગની શુરજને ન દેખે* અને વરશાદના દાડામાં અગનીને જાલવે * અને જે શાચા નેઆવના ચાલનારા * અને પારકી અશાતરીને તજનારા * તે અમો ગોરા તથા ધીરા * તથા શુરા તથા બલવંત પારશી થઈએ *

---

૯ અશલોક નવમો *

એશાંમ મે વાંગનાઆ રતુશમે * અદીને શપત રાતરા જાવેદ * વઈ શુધી શુધાચા * માશાત પરશાવા શંમ આકે * દેહે શુધી શાત થઈવ રમેઆ * ચારેણુઈ ઊકત * નવ કુંનક નીજા વીરઅ વસો * બલેશટા પુતાતંમ તોપીનોત અંમ * વીક

શીતા વદના ગઊરા* ધીરા શો વીરા બહુ બલ નલેઆ શતેવઅંમ પારશીકા*

૯ નવમા અશલોકનો અરથ*

જેહેની અશતરીઓ રતુકાલને વીશે* ઈઆને દશતાંન બેઠેલી ઓરતો ૭ શાત દીવશે પવીતર થાએ* અને જણે તારે દીવશ ૪૦ ચાલીશે પવીતર થાએ* અને જે રૂરા આચારે શાથી જુગતે* પવીતર રેહે અને ગોરા તથા શારા દેખઈતા* અને મોહોટા પરાકરમી હોશીઆર અને ઘણા પવીતર* અને હમેશાં ખુશ રેહે નારા* અમો પારશી છુઈએ*

---

૧૦ અશલોક દશમો*

વેશઆબી નઈવ શંધંમ* પીતરશંમ શુચીતારરાધ કાલે ગની ચીનતાનો માંગ શંમ જગંન બાજેઅંમ શવ પતી નહી દરા* એઆંમ હો પુશપનાથી* વહીવા એ લગંણ શુધી રશુચી* નહીમતા બર તર હીના* પુરનધથી એશાંમ આચારા

એવંમ પરતીદીન મુદીતા * ગભીરા ધીરા શો વીરા * બહુ બલ નલેઆ શાતેવઅ મ પારશીકા *

૧૦ દશમા અશલોકનો અરથ *

જે વેશેઆનો શંગ ન કરે * અને જે પરમાંણે બુજરગો થાઈ ગઆ તે પરમાંણે પવીતર રેહે * અને શરાધ કાલે ઈઆને ડોશલાંના દાડા અગનીનુ ધઆંન ધરે * અને જગંન વના માશ એને કાંમ નહીં આવે * ઈઆને ગંહુંબાર તથા જશંન તથા પૂરવરદીઆંન શેવાએ * ગોશત કાંમમાં નહીં આવે * અને દશતાંન બેઠેલી અશતરી લોમી ઊપર વગર બીછાંને શુવે નહીં * અને વેવામાંહાં લગંણનો શારો દીવશ જુવે * અને વેવામાંહાં અપવીતર કાંમ નહીં આવે * એહેવો જેનો આચાર છે * તે અમો બલવંત પારશી છુઈએ *

---

૧૧ અશલોક અગીઆરમો *

ચત વારીઅંમશ દીનાંની * પરચરતી

નવધુ પાક* કાઠીએ પરશુતા * મનાઠી
આ* શાવલપ નીદરા જપ વીધી નીરતા*
શાનાંનશુઠીઆ * અરચંને શુધઆ* અંતે
ચઈવ નીત અંમ મરૂદ નલ ધરા* તો
એ ચાંદરારક જગનાંમ એશાંમ * વરનો
નદી રંન શતત મલએતે * ગઊરા ધીરા
શો વીરા* બહુ બલ નલેઆ શતેવઅ
મ પારશીકા*

૧૧ અગીઆરમા અશલોકનો અરથ*

જેની અશતરી જણેઆ પછે ૪૦ ચાલીશ દીવશ શુધી રશોઈના કાંમમાંહાં નહીં આવે* અને કોઈ શાંભલે તેપર માંણે બોલે નહીં* અને ઘણીવાર ઊંઘે નહીં* અને દીન ૪૦ ચાલીશ પછે નાહીને શુરજની પુજા કરે* તેવારપછે જે બીજું કરવું હોએ તે કરે * અને નીતે પવંન તથા અગની તથા ભોમી તથા પાંણી તથા ચંદર તથા શુરજ તથા જશાંન તથા ગંહુંબાર * એ શરવેને માંનેછે* અને એની વરંન પરમેશાવરના હુકંમથી આખરશુધી

જાઠી રેહે * તે અમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી થઈએ *

——ଛଛ——

૧૨ અશલોક બારમો *

પાંણીઅંમ વીઅંમ ચંદરંમ હુત વહુમંનીલંમ ભુમી માદતએ * મેવંમ શઝી હોરમજદ દાતારંમસ્પલ * મંમરમ ચેતશા ચંતનીઅંમ * નીતઅંમ એનાશા પાડંમ શાતત વીજએદંમ * ધરમં દમ શંચર નતી * તવાહારે મણીન માડીઆ * શાત જુ શુચી કરણે * ગણીરા ધીરા શો વીરાં બહુ બલ * નલેઆ શતેવઅંમ પારશીકા *

૧૨ બારમા અશલોકનો અરથ *

જે નીતે પાંણી તથા આકાશ તથા ચંદર તથા અગની તથા પવંન તથા ભોમી તથા શુરજ તથા હોરમજદ જે મોહોટો શાહેબ * અને દાતાર અને કાએમ વગર મોતનો * તેહેનુ મંનથી ધઆંન કરેછે * અંને જે ફતેહનો આપનારો અને ધરંમનો વધારનાર * તેહેની નીઆએશનું જાણવું કરનાર * અને જંમતી વેલા તથા ના

હુતી વખત બાજ ધરેછે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલ વંત પારશી છઈએ *

———

૧૩ તેરમો અશલોક *

ઊરૂનાં-રૂપાંમશોં વરનાંમ શુબલીતા-ફૂલદાંમ * જાહાનવી શનાંન * પુને આંમ મેશાનાંમ * ચઈવ પુમશાંમ ઘં ણ-ગુણ-* રચીતાંમ * હેમ વરણાંનચે રંમઅંમ ઈ ઓગા * કારાંમ વીશાલાંમ ગરૂજંણ વચનઈ * મેખલાંમધારીઅંન તી શાશતરોક્તંમ * શરોનીદીશે * ઊરૂ નર જઘણે ગઊરા * ધીરાશો વીરા બહુ બલ નલઆ શતેવઅંમ પારશીકા *

૧૩ તેરમા અશલોકનો અરથ *

જે પોતાની કંમરે ઊંનની શાઢી બેશ * અને શારાં ફૂલને આપે તેહેવી * અને ઘણા પવીતર કરે * અને ઘેટાનાં નીમા લા ઘણા તાર વતે કરીને મોહોટી કુશ તી * ગુરૂનાં વચંનથી તથા શાશતરની રીતે કંમરે બાંધે છે * તે અંમો ગોરા તથા

ધીરા તથા શુરા તથા બલવંત પારશી
છુઊં *

—∞—

૧૪ ચઊદમો અશલોક *

જાતેઆ નીતઅંમ પવીતરા * પશુમ
પી શાહશાહુંનતી વેત પંચ ગવીઆઈ ગો
મુતરઈ * શાનાંન પુરવંમ ધંનતર દીવશા
આઈ શુધી * રેવંમ મનોગના નીતઅં
મ * ગરૂ નાંમ શુવચન * કરનાંમ કલ
મશ ખઆલના રથંમ એશાંમ આચા
ર * એવંમ પરતીદીન મુદીતા ગઊરા
ધીરાશો વીરા બહુ બલ નલેઆ શતેવ
અંમ પારશીકા *

૧૪ ચઊદમા અશલોકનો અરથ *

જે નીતે પવીતર છે * અને કોઈ વખ
ત પશુ વગરે મારેઆ માંહાં આવે તા
રે ગઊ મુતરે કરીને * અશનાંન કરતાં *
ઘણે દીવશે પવીતર થાએ છે * એહેવો
જેહેનો આચાર છે * અને હમેશે ખુ
શ રેહેછે * તે અંમો ગોરા તથા ધીરાં ત
થા શુરા તથા બલવંત પારશી છુઈએ *

૧૫ અશ્લોક પંદરમો *

પુરવા ચાર એઈ તરબંધ એઈ * વીરચી
ત રૂચીત રૂચીરેઈ મુખશ મારગ પરદા
ત શંશકારેઈ શતાતકવીનામ વીરચીત *
વીધીના કથતે વીઓમ દશચ શરવે શાંમ
ચતર આનાંમ દહુંન વશુમતી ભાશકરે
નાંનચ પુજા * પુશપાદએઈ શાંમ પરદેશ
ટા પરમુદી તા મંનશ ગઊરા ધીરા શો
વીરા બહુ બલ નલેઆ શતેવઅંમ
પારશીકા *

૧૫ પંદરમા અશ્લોકનો અરથ *

જે પેહેલાંના વડાવા લોકોએ શારા બે
શ કરેલા મુગશના મારગ ઈઆને ફરી
થી પેદા નહીં થાએ એહેવા મારગ છે
તે રીતે કરીને ચાલે તો ફરી પેદા નહીં
થાએ અને બુજરગોની રીતે આતશ તથા
જમીન તથા શુરજનું ધઆંન ધરતાં અ
ગની ઊપર ખુશબોએ કરી તથા પુલે ક
રીને પોતાની ખુશીથી શાશતર પરમાં
ણે પુજા કરેછે તે અંમો ગોરા તથા ધીરા

તથા શુરા તથા બલવંત પારશી છુ
ઈએ *

——∞——

16 શોલમો અશલોક *

શઝી હોરમજદ જઆ મુખંમ * એ
તશકલ વીજએ કરત પુતર પઊતરેશુ *
વરધી દાતા શઝીઆતશોઅંમ * બહુ ધં
ન ફુલ કરત નાશતી પાપંચ જાતુતે શર
વે પારશીકા શતતં વીજઈન શઝી *
જએ શચૈ ઈવ નતેઅંમ ગઊરા ધીરા
શોવીરા બહુ બલ નલેઆ શતેવઅંમ
પારશીકા *

૧૬ શોલમા અશલોકનો અરથ *

શી હોરમજદ ફરેશતાવોનો શાહેબ
કેહેવો છે કે શરવે કાંમ કરે * તેહેનુ નાંમ
લીધાથી શરવે મુરાદ બર આવે * અને
શી આતશ ફરજંદાંન ફરજંદને વધારે *
અને ઘણું ધન આપે * અને એને કોઈ
દીવશ પાપ નહીં લાગે * અને નશો
પલીદી બાલેઆથી આતશ * અપવીતર

થતો નથી * અને જે હમેશેહ લખશમી તથા જશ તથા શુખ તથા ખુશી તથા પ તેહ * શરવે વશતુને આપે તે અમો પા રશી છુઊં *

હવે એ શોલે અશલોક કહીને રાજા ને શંમજાવેઓ * અને વલી કહું જે એ મારો ધરંમ એ વગેરેહ ઘણો રૂડો છે * એ વાત શાંભલીને રાજા ઘણો ખુશાહાલ થાઓ * અને શભામાંહાં કહું જે એ લોકો આપનાં શેહેરમાંહાં રેહેશે તો પુતરની તથા ધનની તથા લખમીની વરધી થાશે * અને આપણે ઘણુ જેજેકાર થશે તેવારે પરધાંને કહું જે એ રાજા એ લોકો બલવંત તથા હથીઆરના બાંધનારા છે * માટે જેવારે એ લોકો શાથે આપણેકાંઈ બીગાર થાએ *તારે આપણું શેહેર છીનવી લીએ * તેવારે રાજાએ કહું જે આપણે એ લોક શાથે બંદોબશત કીજીએ * એહેવું કહીને આપણા બુજરગોને બોલાવેઆ * અને કહું જે

અમારી કેટલીએક વારતા તમો કબુલ કરો તો તમોને રેહેવાનુ વતંન આપીએ"* તેવારે આપરા દશતુરોએ જવાબ દીધો જે તમો શી વાતો કબુલ કરાવોછેઓ* તેવારે રાજાએ કહું જે અમારા મુલકની બોલી બોલો તથા અમારો પોશાક પેહેરો* તથા તમારી અશતરીઓને બી પેહેરાવો તથા હથીઆર બાંધોછો તે નહીં બાંધો તમારા લોક વેહેવાને દીવશે ચોરી શારો* તારે દશતુરોએ જવાબ દીધો જે* અમો અમારા લોકમાં જાઈ વીચારીને તમને જવાબ દીજીએ* "પછે તાંહાંથી દશતુરો આવીને પોતાની નજદીક શરવે લોકને બોલાવેઆ* અને શરવે શંમજાવી કહું જે એ બાત કબુલ કીધાથી આપણી દીનમાંહાં કાંઈ નુકશાન પોહોચતું નથી"* અને રાજાએ કહું જે અમારી બોલી બોલો પણ આપણી જે જં દવશતા જુબાં છે તે કાંઈ રાજા મેલાવ તો નથી* અને હરએક મુલકની જુબાં

બોલીએ તેહેમાં કાંઈ આપણી દીનને નુકશાંન પોહોચતું નથી * અને પોશાક આપણો શદરો તથા કુશતી તથા ઈજાર તથા ટોપી છે તે કાંઈ રાજા મેલાવતો નથી * અને આપણ લોક શાએઓ તથા ટોપી પેહેરીએચ તે જગો ઊપર જાંમો તથા પાઘડી બાંધીએ * તેહેમાંથી કાંઈ દીનને નુકશાંન પોહોચતુ નથી * અને હથીઆર બાંધીએચ તે નહીં બાંધીએ શાવાશતે જે આપણ લોક આતશ મી જાજના છઈએ * તેથકી હથીઆર નહીં બાંધશું તો આપણને ઘણો નફો થાશે * તથા લગંણમાંહાં વર કનેઆને શુતરના આંટા ફેરવાથી આપણી દીનને કાંઈ નુકશાંન નથી * અને ઓરત લોકોનો પોશાક શદરો તથા કુશતી તથા ઈજાર છે તે કાંઈ રાજા મુકાવતો નથી * વાશતે એ વાત કબુલ કરીએ તો લાજંમ છે * અને એહેવો રાજા કોઈ આપણે મલનાર નથી * પછે આપણાં શરવે લોકોએ કબુલ

કીધું * તારે દશતુરોએ રાજા પાશે જાઈને કહું જે તમોએ કહું તે શરવે અમારે કબુલ છે * તાહારો કોલ અમારે પાલવો * હવે પછી અમારા ફરજંદાંન ફરજંદ શુધી અમો ફરીએ નહી * તારે રાજાએ બાર કશો ઊપરથી ઊતરવાનો હુકમ કીધો * તેથી શરવે લોક શંણજાંણમાં ઊતરેઆ * તે દીવશનો શને ૭૭૨ શાતશોને બોહોતેર * શરાવંણ શુદ ૯ વાર શુકરે રોજ ૧૨ બહમંન અને માહા ૪ તીર હતો * તે દીવશ શંનજાંણમાંહાં ઊતરી મુકાંમ કીધો હતો * તારપછે દીનનો રવાજ ચલાવા શારૂ * આતશ બેહેરાંમ કરવાની આહેશ કીધી * અને રાજા પાશે જાઈને કહું જે અમો આતશ બેહેરાંમ કરવા ચાહીએચ * વાશતે તું અમારી મદદ કરે * અને ગાં એ કાંમ જારી કીજીએ તાંહાં તમારી તરફનુ કોઈ આદમી આવે નહીં * શાવાશતે જે એ કાંમ ઘણું મોહોટું છે * તેવારે રાજાએ પોતાના શે

હેરમાંહું મનાહી ફેરવી * હુકંમ કીધો જે એ પારશી લોકો પોતાના ધરંમનું કાંમ કરે તાંહાં એ લોકના ટોલામાં હાં કોઈ જાએ નહીં * તેહેવારે દશ તુરોએ ખુરાશાંનની આલાતથી * આત શ બેહેરાંનું કાંમ જારી કીધું * અને આ તશ બેહેરાંમ તઈઆર કીધા * અને આદર મહીનો ને આદર રોજને દાહાડે તખત ઊપર બેશાડેઆ * તે આતશ બે હેરાંમનું નાંમ ઈરાંશાહ કરી રાખેઊં * તે દીવશ મોહોટું જશંણ કીધું * હવે આપણી પાદશાહત છતાં ઈરાંનથી શહી શલાંમત આવી * હીંદોશતાંનમાંહાં આ તશ બેહેરાંમ કીધા * અને રાજાને દીન નો મારગ દેખાડેઓ * એહેવા દીનદાર ફીરકાને કેટલાએક નાદાંન બે ખબરા લોકો * આપણા કદીમ ટોલાને રશમી કરી કેહેછે * અને હાલ વરશ ૮૦ એંશીમાં હાં જે રશંમ પકડી બેઠા છે * તેહેને કદી મી કરી કેહેછે * વાશતે દાંનાવ લોકોને

શમજવું જોઈએ * જે આપણો ફીરકો
અશલ કદીમ રાહ ઊપર છે * હવે આ
પણો તમાંમ ફીરકો આતશ બેહેરાંમ કી
ધા પછે શંનજાંણમાંહાં એકઠા વરશ ૩૦૦
તરણશો શુધી રહા * તેહેવાર પછે જેહે
ને જાંહાં રોજી લાગી તાંહાં ગીઆ * કેટ
લાએક લોક ખંભાએત ગીઆ * તથા
કેટલાએક ભરૂચ તથા કેટલાએક ઊકલે
શર તથા કેટલાએક વરીઆવ તથા કેટ
લાએક નોશારી ગીઆ * તે શરવે લો
કો જાંહાં ગીઆ તાંહાંજ પોતાનો કાએ
મ મુકામ કીધો * તેહેવાર પછે બીજાં વ
રશ ૨૦૦ બશેં ગુજરેઆં * તેઆરે મુશ
લમાંનોનો દોર પેદા થએો * અને હીં
દોશતાંનનો મુલક લેવા લાગા * તેઆરે
હીંદોશતાંનના પાદશાહનો અમીર * ગુ
જરાતનો શુબો નાંમે મહમદ બેગ
ડો * આવીને ગુજરાતનો ખંડ શર કરવા
લાગો * અને મહમદ બેગડો એટલા
વાશતે કેહેવાઓ જે એણે બે ગડ ફતેહ

કીધા હુતા * એક જુનાગડ તથા બીજો ચાંપાનેર * અને બીજું એ મહુમદ બેગડાની મુછ઼ ઘણી લાંબી હુતી * ગોઆ ગાવનાં બે શીંગની મીશાલે હુતી * અને એ મહુમદ બેગડાને ગુજરાતની હુકુમત ઊપર બેઠાનો શને હીજરી ૮૬૩ આઠશેં ને તેંશેઠ હીજરી શને હુતો * તે હેને હાલ હીજરી શને ૧૨૪૧ શુધી ૩૭૮ તરંણુશો ને ઈઠોતેર વરશે થઆં છે * તે મહુમદ બેગડાએ પોતાના વજીર અલપ ખાંને ૩૦૦૦ તરણ હજાર શવાર આપી શલાંમતી લેવા શારૂ શંનજાંણ ઊપર મોકલે઼ઓ * તાંહાં રાજા જાદીરાંણાની ઓલાદ નો રાજા હુતો * તેહેને ઘણી ફીકર પડી અને તાંહાં આપણા લોકો જુજવી હુતા * તેઓને બોલાવી કહું જે અંમોને મદદ કરો * કાંએ જે અંમારા બુજરગોએ તમારા બુજરગોને વતંન આપેઊં છે * તે હેવારે આપણા લોકોએ જવાબ દીધો જે અંમ લોકોને લાજંમ છે જે તમારી

મંદદ કરીએ * પંણ અંમારા ખુજરગોએ તમારા ખુજરગો શાથે કોલ કરાર કીધો છે જે હથીઆર બાંધવાં નહીં * તેવારે રાજાએ કહું જે હવે આજદીનથી અંમો તમોને કોલ આપીએચ * જે તમો હથીઆર બાંધો તેથી આપણા લોકોએ હથીઆર બાંધવાં કબુલ કીધાં * અને શરવે લોકોએ વીચાર કરી આપણા આતશ બેહેરાંમને વાંશદાના જંગલ મધે * પાહાડમાંહાં મુકાંમ કરી કેટલાએક હીરબુદો શાથે મોકલેઆ * અને જે કોઈ લડાઈના કરનાર હતા તેહેનો શુમાર કાડેઓ તેવારે ૧૪૦૦ ચઊદશો લરાક મરદ નીકલેઆ * તેહેનો શરદાર અરદશીર હતો * તે લોકને લડાઈનાં હથીઆર તથા શવાશીના ઘોડા રાજાએ આપેઆ * અને અલપ્ખાં શાથે લડાઈ શરૂ કીધી * તે લડાઈ એવી થાઈ જે અલપ્ખાંનુ લશકર મારેઊં ગીઊં * અને થોડાએક શવારં શાથે અલપ્ખાં નાઠો * અને મહમદ બેગડા

પાશે ગીઓ * અને કહું જે શંનજાંણના
રાજા પાશે પારશી લોક છે તે લોકોએ
લડાઈ કીધી * અને શરવે શાંમાંન લુટી
લેઈ ગઆ * અને આપણુ લશકર પરા
ગંદા કીધું * જેવારે એ વાત મહમદ બે
ગરાએ શાંભલી તેવારે બીજું લશકર ઘણુ
આપીને * પછી અલપખાંને શંનજાંણ
ઊપર મોકલેઓ *" અને બીજીવાર લડા
ઈ જાશી થાઈ * તારે આપણા લોકોને
તથા રાજાના લશકરને ઘણી શીકશત
આપી * અને "આપણા પારશી કેટલા
એક મારેઆ ગીઆ" * અને જે કોઈ
બચેઆ તે નાઠા * એ રીતે તે લોકો
ઊપર ગુજરીઊં * તે ઊપર કેટલાએક
બેખબરા બોલેછે * જે મહમદ બેગરાના
હાદશામાંહાં * તમે લોક મારેઆ ગીઆ
અને મહીનો જુલા * અને તમાંમ બોર
તોબી મારેઆમાં આવી * એ વાત બેશ
મજશી બોલેછે * વાશતે દાંનાવ શાહેબો
ને શમજવું જોઈએ જે * હાદશો તો શં

જનાંણમાંહાં હતો * અને આપણો ટોલો નોશારી તથા વરીઆવ તથા ઊકલેશર તથા ભરૂચ તથા ખંબાએત એ શેહેરો માંહાં હતો * તાંહાં કાંઈ હાદશો પડેઓ નથી * અને આપણા લોકો ઊપર લખે લા શેહેરોમાંહાં વશેઆને વરશ ૭૦૦ શાતશોને આશરે થાઆં છે * અને મહમદ બેગરાને આવેઆને વરશ ૩૭૮ તરણશો ને ઈકોતેર થાઆં છે * અને આપણા હીંદોશતાંનના જરતોશતી ફીરકામાંહાં * શંનજાંણ શેવાએ બીજી જગો હાદશો પડેઓ નથી * અને ઈરાંનના મુલકમાંહાં આજદીન શુધી હાદશો જારીછે * તાંહાં કોઈ પારશીને હીંદોશતાંનના પારશીઓ જેવી કાંઈ આબરૂ ઈજત નથી * અને કેટલાએક બેખબર ઈરાંનને બુજરગ કરી બેઠાછે * અને તે લોકો આપણને લખેછે જે અમારે હાથ દીનનો મારગ કશો રહો નથી * ચાર ના ચાર ચલાવીએ છે તે ઊપર બીજું એક

હાદશા વીશે લખેઊં છે * જે ઈરાંનમાં મુશલમાંનોનો પાદશાહ ૧ હતો * તેહેની આગલ મુલાં લોકોએ કહું જે પારશી લોકો પાશે કીતાબ ૧ જામાશપી છે * તે મધે લખેઊં છે જે ફરીથી પારશીઓની પાદશાહી થાશે * અને પેગંમબર બીજો આવશે * એ વાત પાદશાહે શાંભલીને પારશીઓને બોલાવેઆ * અને કહું જે તમારી પાશે જાંમાશપી કીતાબ છે * તે લાવો તારે આપણા લોકોએ જામાશપી કીતાબ ૧ લાવી આપી * તે પાદશાહે વાંચી શાંભલી * તે ઊપર પાદશાહના દીલમાંહાં આઊં જે એહેવી માતબર કીતાબો * બીજી એ લોકોના ઘરમાં હોશે * એહેવું વીચારીને દશતુરો તથા મુબેદો તથા બેહેદીનોનાં ઘર * ઘુંધાવીને શરવે કીતાબો મંગાવી લીધી * અને આખર બે દશતુરોને જબેહ કીધા * અને તે શેવાએ બીજાં ૧૦૦ ખુન થાઆં * તે મુલક માંહાં એહેવો હાદશો થતો આવેચ *

તેથી દીનનુ કાંમ ચાર નાચાર ચાલેછે હવે આપણ લોકોને વાંશદાની પાલમાં આતશ બેહેરાંમને * શજદો કરવા જવું ઘણું લંબાંણ અને દુર પડતું તે થકી * પારશી ૨ નોશાઝીના ઘણા દોલતમંદ હતા * તે લોકોએ પઈશા ખરચી વાંશદાની પાલમાંહાંથી દીનના ફરમુદા મુજબ * આતશ બેહેરાંમ શ્રી નોશાઝી મધે લાએઆ * "હવે આપણા લોક શંનજાંણમાંહાં ઊતરેઆ તે દીનથી હીશાબ કરતાં * આપણા હીંદોશતાંનના પારશીઓની તાઝીખ શહી થાએ છે" * તેહેનું શમજવું એ જે શંનજાંણમાંહાં ઊતરેઆનો દીવશનો શને ૭૭૨ શાતશો બોહોતેર શાવંણ શુદ ૯ શુકર વાર * તીર મહીનો ને બહમંન રોજ હતો * તેહેને હાલ શવત ૧૮૮૨ શુંધી ગંણતાં ૧૧૧૦ અગીઆરશોને દશ વરશ થાએ છે * તેહેની ગંણતઝીએ જે મહીનો એ કે વાર ૨ બે વધે અંને વરશ ૧ વાર ૧ વધે તેઆરે શો વરશના ૧૦૦

વાર થાઆ * તેમાંહાંથી ચઉદ શતાં અઠાંણું કાહાડી નાંખવા * તેઆરે શો વ રશો વાર ૨ વધેઆ તેઆરે અગીઆર શો વરશના અગીઆર દુ બાવીશ વાર થાએઆ * તેમાંહાંથી શાત તારી ૨૧ એકવીશ વાર કાહાડી નાંખવા * તેઆરે અગીઆરશો વરશનો વાર ૧ લેવો * અને ૧૦ વરશના દશ વાર લેવા * તે આરે ૧૧ અગીઆર વાર થઆ * તેમાં હાંથી ૭ કાહાડી નાંખવા * તેઆરે વાર ૪ ચાર વધેઆ * તે શુકર વારથી ગંણતાં શવત ૧૮૮૨ ના શાલમાં આપણો તીર મહીનો ને બહમંન રોજ શોમ વારો ગીઓ * એ હશાબની ગંણતરીની રૂથી હીંદોશતાંનના પારશીઓનો દાહાડો મ લેછે * તેનું જાંણવું એ જે એ હશાબ વગર કશરથી બી મલે છે * અને કબીશો કીધા પછીનો બી મલેછે * અને બીજેજલા લી કીતાબના હશાબથી પંણ હીંદોશતાંન ના પારશીઓનો દાહાડો શહી થાએછે *

જરથોશતપેગંમબરનાહશાબનીગંણતરી *

" હવે બીજું આપણા પેગંમબર શાહેબ ને જનમેઆના દીવશથી * હીંદોશતાંન ના પારશીઓનો દાહાડો મલેછે * તે હ શાબનું શમજવું એજે પેગંમબર શાહેબ * માએને પેટે પેદા થાઆ તેહેનો દીવ શ * ફરવરદીન મહીનો ને ખુરદાદ રો જ * અને બુધવાર હતો * તેહેને શવત ૧૮૮૨ શુધી વરશ ૨૨૧૫ થઆંછે * તે હેની ગંણતરી એ જે * શો વરશે ઊપર લખેઆ પરમાંણે વાર ૨ વધે * તેઆરે બાવીશ શો વરશના બાવી દુ ચુમાલીશ વાર થઆ * અને ૧૫ પંદર વરશના વાર પંદર લેવા * તેહારે ઓગંણ શાહાઠ વાર થઆ * અને પેગંમબર શાહેબ જનમેઆ પછે કબીશા ૮ આઠ થઆછે * તેહેના આઠ દુ શોલ વાર લેવા * તેઆરે ઓ ગંણ શાહાઠ ને શોલ * પંચોતેર વાર થ આ * તેહેમાંથી દાએ શાતે ૭૦ શીતેર

ચાર કાહાડી નાંખવા * તેઆરે વાર ૫ પાંચ વધેઆ * તે બુધ વારથી ગંણતાં * હીંદોશતાંનના બેહેદીનોનો આવતો વરા વો * ફરવરદીન મહીનો ને ખુરદાદ રો જ રવીવારો આવશે * વાશતે દાનાવ લોકોને શ્રુમજવું જોઈએ * જે હરેક હ શાબ કરતાં હીંદોશતાંનના બેહેદીનો નો દાડો શાબીત મલેછે *

બીજું હીંદુ લોકોનો ૧ બરાંમંણ તેહેનું નાંમ જીવંણરાંમ કરી થઈ ગીઓ છે * તે ઘણો કાબીલ અને વેઆકરંણના ઈલં મથી માહેર હતો તે આપરા જંદવશતાના માંએના કરતો હતો * તેણે બાર ટુક બનાવી છે * તે હીંદુ લોકોના બારે મ હીના * તથા બારે બરૂજની શાથે * આ પણ બારે મહીના શાથે કબીશા મુજબ કીધા છે તેહેની હકીગત *

બારે ટુકની હકીકત *

ફરવરદીન બઈ શાખ મેખથેં જાંની એ *

જેઠ જે અરદીબેહેશત વરખ પેહેચાંનીએ
આશાડ હે ખુરદાદ મીથુંન હે જીવમે *
શાવણ ખુદ તીર કરક કહીમે *
ભાદરવો અંમરદાદ શંધા શંગ ગાજે *
આશો શેહેરેવરશુ કનેઆ શાજે *
કારતક મેહેર શરૂપ શાંમ તુલ હે *
માગશાર આવાં હીમ વરશાચકકા મુલ હે*
પોશ મહા આદર દેએ ધંન મકરજાંનીએ*
ફાગણ બહુમન કુભ, ચૈતર મીન અશપં
દારમદ પેહેચાંનીએ *

મુશલમાંનોના પેગંમબર તથા તેહેના
૪ ઈઆર તથા ૧૨ અશહાબોએ એ
હેદનાઝુ મેદી ફરોખ શખશાંનના બેતાને
લખી આપુછુ તેહેની હકીકત *

એ એહેદ નાંમુ મેહેદી ફરૂખ* શખ
શાંનનો બેટો* અને શલમાંન ફારશીનો
ભાઈ* ઈઆને દશતુર દીનીઆરના
ભાઈને લખી આપેઊં* એમીરઅલ
મોમની અલી* છોકરો અબીતાલબનો

તેહેને ઊપર દોઆ હોજો * તે અલીએ
હાથ દશખતથી * લાલ ચાંમડા ઊપરલ
ખી ગીઓ છે * એ કીતાબ ઈઆને એ
હેદનામુ ખુદાના રશુલે * બખશીશ કીધું
મેહેદી ફરૂખ શખશાંનના બેટાને * ઈ
આને દશતુર દીઆરના ભાઈને * તેહેને
ઊપર ખુદાની રેહેમત હોજો * અને તેહે
ના ઘરના લોકોને તથા તેહેના ફરજંદાંન
ફરજંદ પેદા થાએ તેહેને ઊપર ખુદાએ
ની રેહેમત હોજો * અને એ લોકોમાં
હાંથી જે કોઈની ખુશી હોએ તે મુશલ
માંન થાએ * અથવા પોતાની દીન ઊપર
કાએમ રેહે * તેહેના ઊપર ખુદાતાલાની
આફરીન હોજો * અને રશુલ કેહેછે જે
શીફત હું કરૂચ તેહેની તાહાઝી આગલ *
અને ખુદાએતાલાનો મને હુકમ છે * તે
કીહો ખુદા જે એક છે તે * ઈઆને તે
હેની શાંનીનો કોઈ બીજો નથી * તેણે
મને કહું છે તેહેના તેહે કીક કોલથી હું કહું
છઊં * અને તમાંમ ખલક જે ખુદાતા

લાની છે તે ખુદાતાલાના હુકમથી હું કહું છુઊં * જે તેણે શરવેને પેદા કીધા * અને હવે પછી પેદા કરશે * એહેવો જે ખુદા છે તે શરવેને પાછાં જીવતાં કરશે * અને તેહેની નજદીક તેહેકીક જવું છે * અને જે કોઈ તેહેના હુકમથી દુર થશે * તે ઘણો હેરાંન થશે * અને જે તમાંમ નપ્શ છે તે મોતની લીજત ચાખશે * અને જે કોઈ ખુદાતાલા ઊપર ઈમાંન દરૂશત રાખશે * અને પોતાની દીન ઊપર કાએમ રેહેશે * તે ઊપર મુશલમાંન થંઈને જોરાવરીથી તેહેની દીન નહીં મુકાવે * અને દીનના દરમીઆંનમાં હવે પછે એ કીતાબ શલમાંન પારશી * ઈઆને દશાતુર દીનીઆરના ખેશ કબીલા ઊપર ખુદાના રશુલનો કોલ છે તે તેહેકીક માહારો હુકમ છે * જે પારશીઓના ઘર ઊપર તથા માલ ઊપર તથા એ લોકની જમીન તથા પાંણીના ચશમા તથા જનાવરોનુ ચરાંણ તથા પાહાડો એ વગરે જે

કાંઈ * પારશીઓનુ હોએ તે ઊપર કોઈ
મુજાહેમ થાએ નહીં * એ લોકોને ઊપર
એ કીતાબ મુશલમાંનના મરદ તથા ઓર
ત જે કોઈ પડે * તે ઊપર લખેલા પાર
શીઓના માલ મીલકત ઊપર નીગેહબાં
ની કરે * અને એ લોકોને આજાર દેવા
ઊપર કમર નહીં બાંધે * અને પારશી
થઈને મુશલમાંનોને આજાર દીએ *
તેહેને માફ કરે * અને એ લોકો પાશેથી
જીજીઓ નહીં લીએ * અને એ લોકો ક
મરે કુશતી બાંધેછે * તેહેને કોઈ મુજાહેમ
થાએ નહીં * અને લોકો પાશેથી મેહે
શુલ દીઆને દાંણ નહીં લીએ * કાંહું
શુધી કે કઆમતના દાડા શુધી એ લો
કોને માફી કીધી છે * અને એ લોકોનાં
આતશખાંનાં છે તે ઊપર તથા બાગ તથા
માલ મીરાશ ઊપર નીગેહબાંની કરે * અ
ને એ લોકો મોહોટા ઊંચા પોશાક પેહેરે
તથા શવારી કરે તથા નવા મોહોલ બાંધે
તથા પોતે પોતાનો જનાજો ઊઠાવી લઈ

જાએ એ વગરે શરવે કાંમ ઊપર કોઈ
મુજાહેમ થાએ નહીં * અને એ લોકોને
ષ્રાજલ કરી ગણવા * અને એ લોકોને
કીતાબી લોક કરી કેહેવા * અને એ લો
કો મુશલમાંન પાશે શવાલ કરે તો તેહે
ને મુશલમાંન આપે * અગરચે એ લોકો
મુશલમાંન પાશે ઈઆરી માગે ઈઆને
મદદ માગે તો તેહેને મદદ કરે * અને
મુશલમાંનો એ લોકોને પાશે રેવાનાં ગર
આપે * અને પારશી થઈને કદાપી મુશ
લમાંન ઊપર બદી કરે તો તેહેને માફ
રે અગરચે મુશલમાંન થઈને પારશી
[illegible] બદી કરે તો બીજા મુશલમાંન તેહેને
મનેકર અને મુશલમાંનોને શજાવાર છે જે
એક વરશમાં વાર ૨ બે શો ૧૦૦ પોશાક
હરશાલ આપે * એકતો એ જે ઈદે
કુરબાંની ઊપર ઈઆને બકરી ઈદને
દાહાડે શો પોશાક આપે * અને બીજા
શો પોશાક રજબ મહીનામાંહાં આપે *
એ પારશી લોકોનો હક તેહેકીક છે * શ

લમાંન ફારશી ઈઆને દશાતુર દીનીઆ
રને વાશતે * અને તમાંમ મુશલમાંનો
માંહાં શલમાંનની બુજરગી ઘણી છે *
અને ખુદાતાલાને ઘેરથી વહી * ઈઆને
હુકંમ આવેલો છે જે શલમાંનને ઊપર
બેહેશત ઘણું શોક રાખે છે * અને એ
શલમાંન ઘણો એતબારી છે * અને
માહારો અમીન છે * અને પરહેજગાર
તથા પાક છે * અને ખુદાના રશુલને ન
શીહતનો દેનાર છે * વાશતે તેહેના ઊ
પર ખુદાની આફરીન હોજો એ પરમાં
ણે વહી ઈઆને ખુદા તાલાનો હુકંમ
છે * અને તમાંમ મુશલમાંનો જે નશી
હત થએલા છે તે શલમાંન ફારશીથી
થએલા છે * હવે અમીરઅલ મોમની
કેહે છે * જે માહારી આએ નશીહતને
જુઠી કરી નહીં ગણે * અને વલી હુકંમ
કરૂં ચ જે શલમાંનની ઓલાદ * ઈઆ
ને તમાંમ પારશી છે તે ઊપર મુશલમાં
નો ઘણી નેકીથી નીગાહ રાખે * અને
એ લોકો પોતાના દીન ઊપર કાએમ

રેહે * તેહેને મુશલમાંનો જુલંમથી મુશ
લમાંન નહીં કરે * અને જે કોઈ માં
હારી આ વશીઅતને કબુલ નહીં કરશે *
તેહેને તેહેકીક ખુદા તાલાનો બંદો નહીં
કેહેવો * અને તે ઊપર લેઆનત રશા
તાખેજ લાગી પડશે * અને જે કોઈ એ
લોકોને મોહોટા બુજરગ કરી ગંણશે *
તેણે ગોએઆ મહને મોહોટો બુજરગ
કરી ગણેઓ * અને તેહેને શવાબ ઘણો
લાગે * અગર કોઈ એ લોકોને આજા
ર દીએ તેણે ગોઆ મહને આજાર દી
ધો * અને તેહેનો હું કઆમતના દાહા
ડા શુધી મુદઈ છઊં * અને તે શાખશ
કઆંમત શુધી દોજખ ભોગવશે * અને
માહારો કોલ તથા માહારો હુકંમ મુશ
લમાંનો ઊપર છે * અને તમાંમ મુશલ
માંનો ઊપર માહારી શલાંમ હોજો * એ
પરમાંન લખેલું હજરતઅલી કેહે છે *
જે પેગંમબર મહમદના હુકંમથી લખેઊં
છે * આપરીન હોજો તેહેને ઊપર *

શને હીજરી ૯ માહે રજબ લખેઊં છે *તરણે ઈઆરોને હજુર * તે મધે પેહેલો અબુબકર તથા ઊમર તથા ઊશમાંન * એ વગેરે બારે અશહાબોમાંનાં નામ *૧ તલેહે ૨ જબીર ૩ અબદુલરેહેમાંન ૪ શાઆદ ૫ શલમાંન ૬ અબુજર ૭ ગુફાર ૮ અંમાર ૯ અંતબે ૧૦ ઈઆશરેહે ૧૧ બલાલ ૧૨ મકદાદ * એ વગેરે તમાંમ મુશલમાંનોની જમાતની નજદીક * મદાએન શેહેરમાં હજરત ઊશમાંનની ખલાફતમાં લખું છે *

એ લખેલો દાખલો *

અરબીની તરંણ કીતાબોમાં છે તેહેનાં નાંમ * હબીબુલશેહેર * જલાલે અઈઊન * મલાકબે મુરતજી * એ તરણે કીતાબમાં અહેદ નાંમાનો દાખલો છે * તે જોઈ પોતાની નીશાં લીએ * બુજી થઈ ફબીશાંની કીતાબ હેમાં કાંઈ હરફોની ચુક હોએ તો લખનારને માફ કરે *

શુરતમાં શાહમલ શાહેબના છાપાખાંનામાં છપીઊં
૧૯૧૫